RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


**સુવિચાર**
સપનાઓ જોનાર જ તેને સાકાર કરી શકે છે.

Date:- 02-06-2026 I VOL : 12 I Issue : 77 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3  5 જૂને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરત અને દમણની મુલાકાતે આવે તેવી પ્રબળ શક્યતા!

4  હોર્મુઝની ખાડી અને યુરેનિયમ : ઈરાન-અમેરિકાની સમજૂતી સામે બે મુખ્ય પડકાર

6  'લોકોને બસ બોલતા આવડે છે!', માતા બન્યા પછીના પડકારો પર કિયારા અડવાણીનો આક્રોશ

7  ચેમ્પિયન RCB પર કરોડોનો વરસાદ, રનર-અપ ગુજરાત પણ માલામાલ

## એક નજર...

### સાક્ષી મલિકે કેમેરા સામે ફ્લોન્ટ કર્યું પરફેક્ટ ફિગર



તાજેતરમાં જ અભિનેત્રી સાક્ષીએ ફરી એકવાર પોતાની લેટેસ્ટ બોલ્ડ પોસ્ટથી ઈન્ટરનેટ પર ખળભળાટ મચાવી દીધો છે. સોનુ કે ટીટુ કી સ્વીટી ફિલ્મથી રાતોરાત ફેમસ બનેલી સાક્ષી મલિક આ દિવસોમાં ભોજપુરી દુનિયામાં હલચલ મચાવતી જોવા મળે છે. અભિનેત્રીના હાથમાં એકથી એક મોટા પ્રોજેક્ટ આવી રહ્યા છે.

## NEWS TRACK

### ઈઝરાયલે હુમલાનો આદેશ આપતાં બેરૂતમાં ભયનો માહોલ, જીવ બચાવવા ભાગમભાગ

લેબેનોન અને ઈઝરાયલ વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલું તણાવ ફરી એકવાર ચરમસીમાએ પહોંચ્યું છે. ઈઝરાયલે બેરૂતના દક્ષિણી ઉપનગરો પર હુમલાનો આદેશ આપ્યો છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને સંરક્ષણ મંત્રી ઈઝરાયલ કાત્ઝે સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે, હિઝબુલ્લાહ દ્વારા યુદ્ધવિરામનું વારંવાર ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. ઈઝરાયલી શહેરો અને નાગરિકો પરના સતત હુમલાઓના જવાબમાં આ લશ્કરી કાર્યવાહીનો નિર્ણય લેવાયો છે. ઈઝરાયલની ચેતવણી બાદ, બેરૂતના દક્ષિણી ઉપનગરોમાંથી હજારો લોકો જીવ બચાવવા માટે સ્થળાંતર કરી રહ્યા છે. રસ્તાઓ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ છે. હિઝબુલ્લાહે પણ ઉત્તર ઈઝરાયલ અને હાઈફા શહેરના બાહ્ય વિસ્તારોમાં રોકેટ છોડીને વળતો જવાબ આપ્યો છે. ઈઝરાયલી સૈનિકોએ દક્ષિણ લેબેનોનમાં પહાડની ટોચ પર આવેલા 'બ્યુફોર્ટ કેસલ' પર કબજો જમાવ્યો છે.

### જાપાનમાં દુકાનોમાં ચોરી કરતી ભારતીય મહિલા પકડાઇ, પૈસા આપી મામલો રફે-દફે કરવાનો પ્રયાસ

જાપાન ફરવા ગયેલી એક ભારતીય મહિલા પર દુકાનમાંથી સામાન ચોરવાનો આરોપ લાગ્યો છે. આ દાવો ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર મુથુકૃષ્ણન ધંડાપાનીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર કર્યો છે. તેમની પોસ્ટ બાદ આ મામલો ઓનલાઈન ચર્ચાનો વિષય બની ગયો છે અને વિદેશમાં પ્રવાસીઓના વર્તનને લઈને એક નવી ચર્ચા છેડાઈ ગઈ છે. ધંડાપાનીના જણાવ્યા પ્રમાણે તેઓ એક ટૂર ગ્રૂપ સાથે જાપાનની યાત્રા પર હતા. તેમણે દાવો કર્યો કે, ગ્રૂપના અન્ય લોકોને એ વાતની બિલકુલ જાણ નહોતી કે, એક મહિલા પ્રવાસ દરમિયાન અલગ-અલગ જગ્યાએથી સામાનની ચોરી કરી રહી હતી. આ સમગ્ર મામલો ત્યારે સામે આવ્યો જ્યારે એક ફેમસ સુવેનિયર દુકાનમાં મહિલાને કથિત રીતે પૈસા ચૂકવ્યા વિના સામાન લેતા રંગેહાથ પકડી પાડવામાં આવી. પોતાની પોસ્ટમાં ધંડાપાનીએ લખ્યું કે, 'અમારા ગ્રૂપમાં શરૂઆતથી જ એક મહિલા ચોરી કરી રહી હતી. અમને આ વાતની કોઈ જાણ નહોતી. એક ફેમસ સુવેનિયર શોપમાં તે પકડાઈ ગઈ.

### બંને દેશો વચ્ચે 10.61 અબજ ડૉલરનો વેપાર

# ભારત-ઓમાન વચ્ચે CEPA લાગુ: 99 ટકા સામાન પર ઝીરો ડ્યુટી

નવી દિલ્હી

ભારત-ઓમાન વચ્ચે થયેલો વ્યાપક આર્થિક ભાગીદારી કરાર એટલે કે CEPA પહેલી જૂન એટલે કે આજથી સત્તાવાર રીતે લાગુ થઈ ગયો છે. આ માત્ર સોદો મુક્ત વ્યાપાર કરાર નથી, પરંતુ તેનાથી બંને દેશો વચ્ચે રોકાણ, નોકરીઓ, સેવાઓ અને વ્યૂહાત્મક સંબંધોને એક નવી ઊંચાઈ મળશે. ખાસ કરીને ઈરાન, ઈઝરાયલ અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા વર્તમાન તણાવને જોતાં આ કરાર ભારત માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ



માનવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સોશિયલ મીડિયા પર આ ડીલ અંગે ખુશી વ્યક્ત કરી છે. બંને દેશો વચ્ચે 10.61 અબજ ડૉલરનો વેપાર

નાણાકીય વર્ષ 2024-25માં ભારત અને ઓમાન વચ્ચેનો કુલ વેપાર 10.61 અબજ ડૉલર સુધી પહોંચી ગયો છે, જે અગાઉના વર્ષે 8.94 અબજ ડૉલર હતો. આ વ્યાપારમાં ભારત તરફથી 4.06 અબજ ડૉલરની નિકાસ કરવામાં આવી હતી, જ્યારે ઓમાનથી 6.55 અબજ ડૉલરની આયાત થઈ હતી. વેપારની સાથે આઈટી, ટેલિકોમ, ટ્રાન્સપોર્ટ અને ટ્રાવેલ જેવા સર્વિસ સેક્ટરમાં પણ ભારતની આવક વર્ષ 2020ના 397 મિલિયન ડૉલરથી વધીને વર્ષ 2023માં 617 મિલિયન ડૉલર થઈ ગઈ છે. આ કરારની સૌથી મોટી ખાસિયત એ છે કે, હવે ઓમાનના બજારમાં ભારતના લગભગ 99.38% સામાન પર કોઈ આયાત વેરો એટલે કે ડ્યુટી ચૂકવવી નહીં પડે. અગાઉ માત્ર 15.33% સામાનને જ આ પ્રકારનો લાભ મળતો હતો. હવે ટેક્સ ફ્રી એક્સેસ મળવાના કારણે ઓમાનના બજારમાં ભારતીય પ્રોડક્ટ્સ સસ્તી થશે અને અન્ય દેશોની સરખામણીમાં ભારતીય વેપારીઓ વધુ મજબૂત બનશે.

ઓમાનનું આયાત બજાર 28 અબજ ડૉલરથી વધુનું છે. આ ડીલના કારણે ભારતના એન્જિનિયરિંગ સામાન, મશીનરી, દવાઓ, ખેતી ઉત્પાદનો, પ્રોસેસ્ડ ફૂડ, કપડાં, ઈલેક્ટ્રોનિક્સ અને દાગીના ઉદ્યોગને સીધો ફાયદો થશે. આ ઉપરાંત ભારતના નાના અને મધ્યમ ઉદ્યોગો એટલે કે MSME સેક્ટરની હજારો ફેક્ટરીઓ માટે આ કરાર ગેમચેન્જર સાબિત થશે, જેનાથી દેશમાં ઉત્પાદન વધશે અને નવી રોજગારીની તકો ઊભી થશે.

## આન્સરશીટ મોબાઈલથી સ્કેન કરવામાં આવી: રાહુલ

નવી દિલ્હી

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ઓન-સ્ક્રીન માર્કિંગ સિસ્ટમ માટે બોર્ડની ટેન્ડર પ્રક્રિયામાં ભ્રષ્ટાચારના આરોપો લગાવ્યા છે. રાહુલે દાવો કર્યો કે આન્સરશીટને ઓટોમેટિક રોબોટિક સ્કેનરને બદલે મોબાઈલ ફોનથી સ્કેન કરવામાં આવી હતી. રાહુલે CBSEના વિદ્યાર્થી સાર્થક સિદ્ધાંતની X પોસ્ટ શેર કરતા લખ્યું- ઓગસ્ટમાં જ્યારે ટેન્ડર ફરીથી બહાર પાડવામાં આવ્યું, ત્યારે ગુપચુપ રીતે બધી શરતો હટાવી દેવામાં આવી. રિઝોલ્યુશન ઘટાડીને 200 DPI કરી દેવામાં આવ્યું. એ વાત સામે આવી છે કે COEMPT એ આન્સર શીટને મોબાઈલ ફોનથી સ્કેન કરી હતી. ધૂંધળી કોપીઓ, ગાયબ પાના અને જે કોપીઓ સ્કેન જ ન થઈ,



આ બધી ભૂલો નથી. આ તે કોન્ટ્રાક્ટનું જ પરિણામ છે, જેને જાણી જોઈને કોઈ ખાસ વેન્ડરને ફાયદો પહોંચાડવા માટે તૈયાર કરવામાં આવ્યો હતો. આ એક છેતરપિંડી છે. અને દરેક વિદ્યાર્થી, જેના ગુણનું ખોટું મૂલ્યાંકન થયું છે, તે આ છેતરપિંડીનો ભોગ બન્યો છે. ધર્મેન્દ્ર પ્રધાન હજુ પણ પોતાના પદ પર યથાવત છે. મોદીજીની આ મૌન હવે માત્ર તેમની ઉદાસીનતા નથી રહી. તે આ ગુનામાં તેમની સંડોવણી દર્શાવે છે. વિદ્યાર્થી સિદ્ધાંત કુમારે કથિત રીતે સ્કેન કરેલી કોપીઓના ફોટા શેર કર્યા છે. તેમણે લખ્યું છે - CBSE, તમે કહ્યું હતું કે આ કોપીઓને સ્કેન કરવા માટે તમે સ્કેનર્સનો ઉપયોગ કર્યો હતો. હવે, જ્યારે આ કોપીઓ સામાન્ય લોકો માટે જોવા માટે ઉપલબ્ધ છે, તો શું તમે કૃપા કરીને જણાવશો કે સ્કેનરથી સ્કેન કરવામાં આવે ત્યારે કઈ કોપીઓમાં 'ડ્રોપ શેડો' આવે છે.

# દિલ્હીમાં મોટા આંદોલનની તૈયારીમાં 'કોકરોચ જનતા પાર્ટી'

### શિક્ષણ મંત્રીના રાજીનામાને લઈ જંતર-મંતર પર પ્રદર્શન કરશે, ઈન્સ્ટા ફોલોઅર્સ 2 કરોડને પાર

નવી દિલ્હી

શું 'કોકરોચ જનતા પાર્ટી' દિલ્હીમાં મોટું આંદોલન કરવા જઈ રહી છે? શું સોશિયલ મીડિયા પર શરૂ થયેલી લડાઈ હવે રસ્તા પર ઉતરવાની છે? સોશિયલ મીડિયા સ્ટાર અભિજીત દીપકેની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પરથી તો એવા જ સંકેતો મળી રહ્યા છે. તેમણે એક વીડિયો શેર કરીને પોતાના ફોલોઅર્સને



જણાવ્યું છે કે, હું 6 જૂને દિલ્હી પહોંચવાનો છું, કૃપા કરીને મને ઍરપૉર્ટ પર મળો અને આપણે બધા મળીને...' આમ, અભિજીત દીપકેનો આગળનો પ્લાન અને ભારત આવીને આ આંદોલન શરૂ કરવા પાછળનો એજન્ડા શું છે, તે પણ તેમણે પોતાના વીડિયોમાં જાહેર કર્યું છે. 'હવે સમય આવી ગયો છે કે આપણે...' અભિજીત દીપકે હાલમાં અમેરિકામાં વસવાટ કરી રહ્યા છે. તેમણે ઈન્સ્ટાગ્રામ પર વીડિયો જાહેર કરીને પોતાના સમર્થકો અને વિદ્યાર્થીઓને દિલ્હીમાં યોજાનારા વિરોધ પ્રદર્શનમાં જોડાવવા આહ્વાન કર્યું છે. તેમણે કહ્યું કે, 'હવે સમય આવી ગયો છે કે, આપણે બધા ભારતના બંધારણના માર્ગ પર ચાલીને એક થઈએ અને શાંતિપૂર્વક કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરીએ. જો આપણે બધા સાથે મળીને અવાજ ઉઠાવીશું તો, સરકારે આપણી વાત ચોક્કસ સાંભળવી પડશે.' 6 જૂને ઍરપૉર્ટ પર મળવા અપીલ, પ્રદર્શનની માંગશે પરમિશન દીપકે પોતાના સમર્થકોને 6 જૂનની સવારે દિલ્હી ઍરપૉર્ટ પર મળવા વિનંતી કરી છે. તેમણે જણાવ્યું કે, 'મેં નિર્ણય લીધો છે કે હું શનિવારે, 6 જૂનની સવારે દિલ્હી પહોંચીશ. કૃપા કરીને મને ઍરપૉર્ટ પર મળો અને આપણે બધા સાથે મળીને સંસદ માર્ગ પોલીસ સ્ટેશન જઈશું અને જંતર-મંતર પર શાંતિપૂર્ણ પ્રદર્શન કરવા માટેની પરમિશન માંગીશું.' વીડિયોમાં દીપકેએ આક્ષેપ કર્યો છે કે પરીક્ષાઓ સંબંધિત વિવાદો અને ગેરરીતિઓએ વિદ્યાર્થીઓને ચિંતામાં મૂકી દીધા છે, અને તેઓ સરકાર પાસે આ અંગે જવાબદારીની માંગ કરી રહ્યા છે. શું છે આ 'કોકરોચ જનતા પાર્ટી'ની કહાની? સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ (જસ્ટિસ સૂર્યકાંત) દ્વારા યુવાનો અને 'કોકરોચ'ને લઈને કરવામાં આવેલી એક ટિપ્પણી બાદ સોશિયલ મીડિયા પર 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) નામનું એક વ્યંગાત્મક (Satirical) અભિયાન શરૂ થયું હતું.

# જૈન સંતો વિરુદ્ધ સોશિયલ મીડિયા પર ષડયંત્રનો ઘૃણાસ્પદ ખેલ

## ફેક વીડિયો અને ફોટોથી બદનામ કરનારી 'ક્રાઈમ ગેંગ' બેનકાબ, મહાનગર મેટ્રો ન્યૂઝનો ખુલ્લો પડકાર!

પાક્કો ગુજરાત

સત્ય, અહિંસા અને સદાચારનો માર્ગ બતાવનારા પૂજ્ય જૈન મુનિઓ અને જૈન સંસ્કૃતિ વિરુદ્ધ સોશિયલ મીડિયા પર એક બહુ મોટું અને ઘૃણાસ્પદ ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે. કેટલાક ગુનાહિત અને વિકૃત માનસિકતા ધરાવતા લોકો નકલી વીડિયો, મોર્ફ કરેલા ફોટા અને મનઘડંત દાવાઓ દ્વારા જૈન સંતોને બદનામ કરવાનો અને સમાજને ગેરમાર્ગે દોરવાનો કુત્સિત પ્રયાસ કરી રહ્યા છે.

આ સમગ્ર પ્રોપેગેન્ડા પાછળ મુખ્યત્વે જગત પારેખ, હાર્દિક હુડિયા, વિક્રમ બાફના અને કલ્પેશ સિંઘવી જેવા ગુનાહિત અને કાવતરાખોર માનસિકતા ધરાવતા ચહેરાઓના નામ સામે આવ્યા છે.

### પોતે ક્રિમિનલ કેસના આરોપી, સમાજને આપવા નીકળ્યા છે જ્ઞાન!

મહાનગર મેટ્રો ન્યૂઝ સંપૂર્ણ જવાબદારી સાથે એ પર્દાફાશ કરે છે કે આ આખા કાવતરાનો મુખ્ય સૂત્રધાર જગત પારેખ છે, જે પોતે જ કેટલાય ગંભીર ક્રિમિનલ કેસોમાં ફસાયેલો છે. જેની પોતાની છબી કાયદા અને સમાજની નજરમાં ખરડાયેલી છે, તે આજે જૈન સંતોની પવિત્રતા પર આંગળી ચીંધવાની ધૃષ્ટતા કરી રહ્યો છે. ત્યાગ અને તપસ્યાની મૂર્તિ સમાન સાધુ-સંતોને 'કુસાધુ' કહેનારા આ લોકો પહેલા પોતાના ગીરેબાનમાં ઝાંખીને જુએ. આ તત્વોને ન તો જૈન સંઘ સાથે કોઈ લેવાદેવા છે કે ન તો સાગર સમુદાય સાથે કોઈ સંબંધ છે. આ લોકો માત્ર ને માત્ર પોતાના અંગત સ્વાર્થ, બ્લેકમેલિંગ કે પછી સમાજમાં વૈમનસ્ય ફેલાવવાના ઈરાદાથી આ પવિત્ર પરંપરા પર કાદવ ઉછાળી રહ્યા છે.




### મહાનગર મેટ્રો ન્યૂઝનો ખુલ્લો પડકાર: પુરાવા હોય તો સામે લાવો!

'મહાનગર મેટ્રો ન્યૂઝ' આ તમામ ષડયંત્રખોરોને જાહેરમાં ખુલ્લો પડકાર ફેંકે છે કે જો તમારા દાવાઓમાં રજભર પણ સચ્ચાઈ હોય, તો સોશિયલ મીડિયા પાછળ છુપાઈને ફેક એડિટિંગ કરવાને બદલે અસલી પુરાવા દુનિયા સમક્ષ રજૂ કરો! કોઈ પણ તથ્ય વિના જૈન સમુદાય અને સંતોને બદનામ કરવાનો આ ગંદો ધંધો હવે ચલાવી લેવામાં નહીં આવે.

### એકજૂથ થયો જૈન સમાજ, બંધ થશે પાપની દુકાનો

જૈન મુનિઓ રાત-દિવસ ધર્મનો પ્રચાર-પ્રસાર કરીને સમાજને સાચો રાહ ચીંધી રહ્યા છે. આ કુપ્રચારની અસર એ થઈ છે કે હવે સમગ્ર જૈન સમુદાય આ અન્યાય સામે એક મંચ પર એકજૂથ થઈ ગયો છે. સમાજની આ જાગૃતિને કારણે આ ફેક સમાજસેવકોની દુકાનો બંધ થવાના આરે પહોંચી ગઈ છે.

### સભ્ય સમાજ માટે સંદેશ:

ધર્મ અને સંસ્કૃતિ સમાજનો કરોડરજ્જુ છે.

આવા કોઈ પણ ગુનાહિત માનસિકતાવાળા તત્વોના બહેકાવવામાં આવીને પોતાની આસ્થાને ડગવા ન દો. સોશિયલ મીડિયાના આ યુગમાં કોઈ પણ વીડિયો કે ફોટો પર આંધળો વિશ્વાસ કરતા પહેલા તેની સત્યતા અને તેને ફેલાવનાર પૃષ્ઠભૂમિ (બેકગ્રાઉન્ડ) ચોક્કસ તપાસી લો. સત્ય પરેશાન થઈ શકે છે, પરાજિત નહીં.

જૈન સમાજની આ એકતા ધર્મ અને સંસ્કૃતિને નુકસાન પહોંચાડનારા દરેક તત્વને જડબાતોડ જવાબ આપવા તૈયાર છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# રાજકોટના નવા બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્સમાં સ્પાની આડમાં ચાલતું કૂટણખાનું ઝડપાયું

રાજકોટ

રંગીલા રાજકોટ શહેરમાં સ્પાની આડમાં ગોરખધંધા ચાલતા હોવાની અનેક ફરિયાદો સમયાંતરે સામે આવતી રહે છે, ત્યારે રાજકોટ પોલીસે વધુ એક આવા કુખ્યાત નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. શહેરની મધ્યમાં આવેલા નવા એસ.ટી. બસ સ્ટેન્ડના કોમ્પ્લેક્સમાં જ ધમધમતા એક સ્પામાં પોલીસ દ્વારા અચાનક દરોડો પાડવામાં આવ્યો હતો. આ રેડ દરમિયાન સ્પાની આડમાં ચાલતા કૂટણખાનાનો પર્દાફાશ થયો છે, જેને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, નવા બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્સમાં 'ગોલ્ડ સ્પા' નામે એક સેન્ટર ચાલતું હતું. આ સ્પામાં ગ્રાહકોને થેરાપી આપવાના બહાને પછવાડે દેહવ્યાપારનો કાળો કારોબાર ચલાવવામાં આવી રહ્યો હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે સ્ટાફ સાથે રાખીને ગોલ્ડ સ્પામાં ઓચિંતી રેડ કરી હતી. પોલીસની આ ત્વરિત કાર્યવાહીથી સ્પા સંચાલકો અને ત્યાં હાજર લોકોમાં નાસભાગ મચી ગઈ હતી.

પોલીસે આ રેડ દરમિયાન સ્થળ પરથી વાંધાજનક હાલતમાં 5 લલનાઓ અને 2 ગ્રાહકોને ઝડપી પાડ્યા છે. બસ સ્ટેન્ડ જેવા જાહેર અને સતત લોકોની અવરજવરથી ધમધમતા વિસ્તારના કોમ્પ્લેક્સમાં જ આવું અનૈતિક કૃત્ય ચાલતું હોવાથી કાયદો અને વ્યવસ્થા સામે પણ સવાલો ઉઠ્યા છે. પોલીસે હાલ તમામ આરોપીઓની અટકાયત કરીને ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, તેમજ આ કૂટણખાનાનો મુખ્ય સૂત્રધાર કોણ છે અને ક્યારથી આ નેટવર્ક ચાલતું હતું તે દિશામાં ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

# ગાંધીનગરમાં ACBની મોટી ટ્રેપ: લાંચિયા ક્લાસ-1 અધિકારીને રંગેહાથ ઝડપી પાડ્યા, સચિવાલયના વહીવટી આલમમાં ભારે ખળભળાટ

ગાંધીનગર

રાજ્યના પાટનગર ગાંધીનગરમાંથી ભ્રષ્ટાચારનો વધુ એક મોટો મામલો સામે આવ્યો છે, જેમાં લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (ACB) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. લાંચિયા સરકારી બાબુઓ સામે લાલ આંખ કરનાર એસીબીની ટીમે ગાંધીનગરમાં સપાટો બોલાવીને એક ક્લાસ-૧ (વર્ગ-૧) ના ઉચ્ચ અધિકારીને લાંચ લેતા રંગેહાથ દબોચી લીધા છે. સત્તા અને હોદ્દાનો દુરુપયોગ કરીને વહીવટી તંત્રને કલંકિત કરતા આ ઉચ્ચ અધિકારીની ધરપકડથી સચિવાલય સહિતના સરકારી વિભાગોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

કોઈ કાયદેસરના કામ અર્થે અથવા ફાઈલ ક્લિયર કરવા માટે આ ક્લાસ-૧ અધિકારી દ્વારા અરજદાર પાસે મોટી રકમની લાંચની માંગણી કરવામાં આવી હતી. અરજદાર આ લાંચની રકમ આપવા નહોતા માંગતા, જેથી તેમણે આ અંગે તાત્કાલિક એસીબીનો સંપર્ક કરીને લેખિત ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે એસીબીના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ એક ચોક્કસ પ્લાનિંગ કરીને ગાંધીનગરમાં લાંચનું છટકું (ટ્રેપ) ગોઠવવામાં આવ્યું હતું. આ આયોજિત ટ્રેપ દરમિયાન, જેવી અરજદાર પાસેથી ક્લાસ-૧ અધિકારીએ લાંચની રકમ સ્વીકારી, કે તરત જ પૂર્વ તૈયારી સાથે વોચમાં રહેલી એસીબીની ટીમે ત્રાટકીને તેમને રંગેહાથ ઝડપી લીધા હતા. એસીબીએ લાંચની રકમ રિકવર કરીને ઉચ્ચ અધિકારીની અટકાયત કરી લીધી છે. હાલ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, સાથે જ આ અધિકારીની અપ્રમાણસર મિલકતો તેમજ અન્ય કોઈ ભ્રષ્ટાચારના કાળા કારોબારમાં સંડોવણી છે કે નહીં તે દિશામાં પણ એસીબીએ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# વેરાવળ સિવિલ હોસ્પિટલમાં મોટી દુર્ઘટના: ત્રીજા માળેથી પટકાતાં યુવકનું કરુણ મોત

વેરાવળ

ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય મથક વેરાવળની સિવિલ હોસ્પિટલ પરિસરમાંથી એક કાળજું કંપાવી દેનારી અને શંકાસ્પદ ઘટના સામે આવી છે. અહીં હોસ્પિટલના બિલ્ડિંગના ત્રીજા માળેથી નીચે પટકાવાના કારણે એક અજાણ્યા યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે. સરેઆમ સરકારી હોસ્પિટલમાં બનેલી આ ઘટનાને પગલે દર્દીઓ, મેડિકલ સ્ટાફ અને સ્થાનિક લોકોમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ વ્યાપી ગયો હતો. આ ઘટના આત્મહત્યા છે, અકસ્માત છે કે પછી તેની પાછળ કોઈ અન્ય કારણ છે તે અંગે હાલ પંથકમાં અનેક તર્ક-વિતર્કો વહેતા થયા છે.

સ્થાનિક સૂત્રો અને પ્રત્યક્ષદર્શીઓ પાસેથી મળતી વિગતો મુજબ, મૃતક યુવક હોસ્પિટલના ત્રીજા માળે શંકાસ્પદ હાલતમાં જોવા મળ્યો હતો અને અચાનક જ તે નીચે ખાબક્યો હતો. ઘટનાને પગલે હોસ્પિટલના સુરક્ષાકર્મીઓ અને તબીબો તુરંત દોડી આવ્યા હતા, પરંતુ ગંભીર ઈજાઓના કારણે યુવકે દમ તોડી દીધો હતો. સ્થાનિક સ્તરે એવી ચર્ચા જોર પકડી રહી છે કે, યુવક નશાની હાલતમાં હતો અને હોસ્પિટલમાં આવતા પહેલાં તેનો પરિવાર સાથે કોઈ ગંભીર ઝઘડો થયો હતો. પારિવારિક કંકાસના તણાવમાં આવીને તેણે આ આત્યંતિક પગલું ભર્યું હોવાની આશંકા સેવાઈ રહી છે.

ઘટનાની જાણ થતાં જ વેરાવળ સ્થાનિક પોલીસનો કાફલો સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પોલીસે યુવકના શવને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે હોસ્પિટલના સીસીટીવી ફૂટેજ મેળવવાની તજવીજ શરૂ કરી છે, જેથી એ જાણી શકાય કે યુવક કોની સાથે હોસ્પિટલ આવ્યો હતો અને ત્રીજા માળેથી તે જાતે કૂદ્યો હતો કે પગ લપસવાના કારણે પડ્યો હતો.

# સુરતમાં તંત્રના ધાંધિયા : પહેલા જ દિવસે વસ્તી ગણતરીની કામગીરી ખોરવાઈ

સુરત

દેશના અને રાજ્યના વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતા વસ્તી ગણતરીના મહાઅભિયાનના પ્રારંભે જ સુરતમાંથી એક ચિંતાજનક અને વહીવટી તંત્રની પોલ ખોલતો કિસ્સો સામે આવ્યો છે. સુરત શહેરમાં વસ્તી ગણતરીના પહેલા જ દિવસે સમગ્ર કામગીરીના ધાંધિયા જોવા મળ્યા હતા અને આખું આયોજન ખોરવાઈ ગયું હતું. ફિલ્ડમાં જઈને ડેટા એકત્ર કરવા માટે તૈયાર થયેલા ગણતરીદાર કર્મચારીઓને સમયસર જરૂરી સાધન-સામગ્રી એટલે કે ઓફિશિયલ કીટ જ ન મળતાં પહેલા જ દિવસે હોબાળો મચી ગયો હતો.

મળતી માહિતી મુજબ, આ મહાઅભિયાનને સફળ બનાવવા માટે તંત્ર દ્વારા અગાઉ મોટી-મોટી વાતો અને બેઠકો કરવામાં આવી હતી. પરંતુ આજે જ્યારે વહેલી સવારથી કર્મચારીઓ નિયત સેન્ટરો પર પહોંચ્યા, ત્યારે તેમને ફોર્મ્સ, સ્ટેશનરી અને અન્ય ટેકનિકલ કીટ આપવામાં તંત્ર નિષ્ફળ નીવડ્યું હતું. કલાકો સુધી રાહ જોયા બાદ પણ કીટ ન મળતા અંતે કર્મચારીઓ કામ કર્યા વિના જ પરત ફર્યા હતા.

સુરત જેવા સ્માર્ટ સિટીમાં વસ્તી ગણતરી જેવા સંવેદનશીલ અને રાષ્ટ્રીય કક્ષાના પ્રોજેક્ટમાં આવી ગંભીર બેદરકારી દાખવવામાં આવતા અનેક સવાલો ઊભા થયા છે. સુપરવાઈઝરો અને કર્મચારીઓમાં પણ આ અવ્યવસ્થાને લઈને ભારે નારાજગી જોવા મળી હતી. આ મામલે ઉચ્ચ અધિકારીઓ સુધી રજૂઆતો પહોંચતા જ કચેરીઓમાં દોડધામ મચી ગઈ હતી. એક તરફ સમયમર્યાદામાં આ કામગીરી પૂર્ણ કરવાનું દબાણ છે, ત્યારે પહેલા જ દિવસે થયેલા આ ફિયાસ્કા બાદ હવે તંત્ર ક્યારે કીટની વહેંચણી પૂરી કરીને કામગીરી પાટા પર લાવે છે તે જોવું રહ્યું.

## ગુજરાત પોલીસનું 'ઓપરેશન મ્યૂલ હન્ટ 1.0'

# 2289 કરોડના સાયબર ફ્રોડનો પર્દાફાશ, 913 મ્યૂલ અકાઉન્ટ સામે કાર્યવાહી; 638 આરોપીની ધરપકડ

ગાંધીનગર

રાજ્યમાં વધતા સાયબર ગુનાઓ સામે ગુજરાત પોલીસે મોટું અભિયાન ચલાવી નોંધપાત્ર સફળતા મેળવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સલન્સ (CCOE) દ્વારા ચલાવવામાં આવેલા 'ઓપરેશન મ્યૂલ હન્ટ 1.0' હેઠળ 2289 કરોડના સાયબર ફ્રોડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.આ અભિયાન દરમિયાન 913 મ્યૂલ અકાઉન્ટ સામે કાર્યવાહી કરવામાં આવી છે.જ્યારે 565 FIR નોંધાઈ અને 638 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

સાયબર ગુનેગારો દ્વારા છેતરપિંડીથી મેળવેલી રકમને એક ખાતામાંથી બીજા ખાતામાં ખસેડવા માટે જે બેંક ખાતાઓનો ઉપયોગ થાય છે તેને 'મ્યૂલ અકાઉન્ટ' તરીકે ઓળખવામાં આવે છે.આવા ખાતાઓ મારફતે નાણાંની હેરફેર અને મની લોન્ડરિંગ કરવામાં આવતું હોવાથી ગુજરાત પોલીસે આ નેટવર્કને તોડવા માટે વિશેષ અભિયાન હાથ ધર્યું હતું.

વર્ષ 2025 દરમિયાન ચલાવવામાં આવેલા આ ઓપરેશનમાં પોલીસ કમિશ્નર કચેરીઓ, રેન્જ કચેરીઓ, લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને સાયબર પોલીસ સ્ટેશનોને જોડવામાં આવ્યા હતા. ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C), NCRP પોર્ટલ, સમન્વય પોર્ટલ અને 1930 હેલ્પલાઈનથી મળેલા ડેટાના વિશ્લેષણના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. આ અભિયાનમાં કુલ 4052 ગુનાઓની ઓળખ કરવામાં આવી હતી,જેમાંથી 491 ગુનાઓ ગુજરાત સાથે સીધા સંકળાયેલા હતા.રાજ્યના તમામ જિલ્લાઓમાં નોડલ અધિકારીઓની નિમણૂક કરી બેંકો સાથે રિયલ-ટાઈમ ડેટા શેરિંગ દ્વારા સંકલિત કાર્યવાહી હાથ ધરાઈ હતી.

મ્યૂલ અકાઉન્ટ સામેની આ કામગીરીને વધુ કાર્યક્ષમ અને પ્રોએક્ટિવ બનાવવાના હેતુથી, રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના દિશાનિર્દેશન અંતર્ગત ઈન્ડિયન ડિજિટલ પેમેન્ટ ઈન્ટેલિજન્સ કોર્પોરેશન (IDPIC) દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેક્નોલોજીના ઉપયોગથી રિસ્ક સ્કોરિંગ પ્રણાલી અમલમાં મુકવામાં આવી રહી છે. આ પ્રણાલી અંતર્ગત દરેક ટ્રાન્ઝેક્શનને લો રિસ્ક, મીડિયમ રિસ્ક અને હાઈ રિસ્ક તરીકે વર્ગીકૃત કરવામાં આવશે જેથી શંકાસ્પદ અકાઉન્ટની ઓળખ કરી શકાય. આ સ્કોરના આધારે વિવિધ બેન્કો જરૂરી કાર્યવાહી કરી શકે છે. IDPICને તેના માટે નોડલ એજન્સી તરીકે જવાબદારી આપવામાં આવી છે. શંકાસ્પદ અકાઉન્ટ અંગેની માહિતી વિવિધ બેન્કો વચ્ચે શેર કરવા માટે mulehunter.ai નામની રજીસ્ટ્રી પણ બનાવવામાં આવી છે.




## ગુજરાત સરકારનો ઇંધણ બચાવવા માટે નિર્ણય

# ખેતી મદદનીશોને બોલાવવાને બદલે ઇ-મેઇલથી અપાશે નિમણૂક પત્રો

ગાંધીનગર

વૈશ્વિક સ્તરે વધતી જતી ઈંધણ કટોકટી અને પર્યાવરણીય પડકારો વચ્ચે ગુજરાત સરકારે વહીવટી સ્તરે એક મોટો અને મહત્ત્વનો નિર્ણય લીધો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈંધણ બચાવવા અને ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવાની વિશેષ અપીલને ઝીલીને સરકારે આ નવતર અભિગમ અપનાવ્યો છે. અગાઉ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે મોટા ખર્ચે ભવ્ય કાર્યક્રમો યોજીને નવા પસંદ થયેલા ઉમેદવારોને નિમણૂક પત્રો આપવામાં આવતા હતા, જેની જગ્યાએ હવે ડિજિટલ માધ્યમનો ઉપયોગ કરવામાં આવશે.

રાજ્યમાં 414 ખેતી મદદનીશોને સરકારી સેવામાં સામેલ કરવા માટેનો એક વિશેષ કાર્યક્રમ બીજી જૂન 2026ના રોજ ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ-1ના તાપી હોલ ખાતે આયોજિત કરવામાં આવ્યો છે. ઈંધણની બચત કરવાના આશયથી સરકારે તમામ 414 ઉમેદવારોને ગાંધીનગર રૂબરૂ બોલાવીને પેટ્રોલ-ડીઝલનો વ્યય કરવાને બદલે સંપૂર્ણપણે ડિજિટલ અભિગમ અપનાવ્યો છે.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે માત્ર 28 ઉમેદવારોને જ રૂબરૂ નિમણૂંકપત્રો એનાયત કરાશે. જ્યારે બાકીના અન્ય તમામ ઉમેદવારોને ડિજિટલ માધ્યમથી ઈ-મેઈલ દ્વારા ઘેરબેઠા જ નિમણૂંકપત્રો મોકલી આપવામાં આવશે.

## ડુપ્લીકેટ ચાવી વડે વાહનોને વેચી મારવાની ફિરાકમાં હતો ચોર

# વાવોલ રેલ્વે ફાટક પાસેથી ચોરીના વાહનો સાથે શખસ ઝડપાયો : રૂા. 1.30 લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર-7 વિસ્તારના વાવોલ રેલ્વે ફાટક નજીક ચોરીની રીક્ષા અને મોટરસાયકલ સાથે એક ચોરને કુલ રૂ.1.30 લાખના મુદ્દામાલ સાથે લોકલ ક્રાઈમ બ્રાન્ચે રંગેહાથ ઝડપી લઈ બે વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો છે.

જે ડુપ્લીકેટ ચાવી વડે વાહનોને આસાનીથી ચોરી લઈ વેચી મારવાની ફિરાકમાં હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં વાહન ચોરીના વધતા જતા બનાવોને ધ્યાનમાં રાખીને લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ કે. જે. રાઠોડની ટીમો શહેર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન બાતમી મળી હતી કે એક શખ્સ વાવોલ રેલ્વે ફાટક નજીક ખુલ્લી જગ્યામાં શંકાસ્પદ મોટરસાયકલ અને રીક્ષા સાથે સંતાયેલો છે.



આ બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડી રાહુલ ઉર્ફે મેહુલ ગુગાભાઈ મફાભાઈ પટણી (રહે. ગ -2 છાપરા, મૂળ પાટણ)ને રીક્ષામાં બેઠેલ હાલતમાં દબોચી લીધો હતો. જ્યારે તેની બાજુમાં આવેલી ઝાડીઓમાં એક મોટરસાયકલ પણ સંતાડેલી મળી હતી. પ્રાથમિક પૂછપરછમાં તે વાહનો અંગે કોઈ સંતોષકારક જવાબ આપતો નહોતો.

જેના પગલે ટેકનિકલ તપાસ કરતા આ બંને વાહનો સેક્ટર-7 પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરાયા હોવાનું ખૂલ્યું હતું. ત્યારે આરોપીની કડકાઈથી પૂછતાછ કરતાં તેણે કબૂલ્યું હતું કે, વીસેક દિવસ અગાઉ ડુપ્લીકેટ ચાવીની મદદથી સેક્ટર-12/13ની ચોકડી પાસેથી મોટરસાયકલ ચોરી કર્યું હતું.

આ ઉપરાંત તેણે ચારેક દિવસ અગાઉ સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાંથી આ ઓટો રીક્ષા ચોરી હોવાનું જણાવ્યું હતું. આ ચોરાઉ રીક્ષાનો ઉપયોગ તે અન્ય કામો માટે કરતો હોવાનું સામે આવ્યું છે. પોલીસે તેની પાસેથી કુલ 1.30 લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

## CNGના ભાવ વધારા સામે સુરતમાં રિક્ષાચાલકોની હડતાળ

# 'મોંઘવારીમાં ઘર ચલાવવું કે હપ્તા ભરવા' : રિક્ષાચાલક

- સુરતમાં સવારથી જ રિક્ષાના પૈડા થંભી ગયા
- હડતાળિયા રિક્ષાચાલકોએ ચાલુ રિક્ષાઓ અટકાવી મુસાફરોને ઉતારી દીધા, કલાકો સુધી લોકો પરેશાન



સુરત

સુરત શહેરમાં સીએનજી (CNG) ગેસના ભાવમાં સતત થઈ રહેલા અસહ્ય વધારાના વિરોધમાં રિક્ષાચાલકોએ આક્રમક વલણ અપનાવ્યું છે. 'મોંઘવારીમાં ઘર ચલાવવું કે રિક્ષાના હપ્તા ભરવા' તેવા આક્રોશ સાથે આજે સુરતના હજારો રિક્ષાચાલકો અચાનક હડતાળ પર ઉતરી ગયા હતા. રિક્ષાચાલકોની આ અણધારી હડતાળના કારણે સવાર-સવારમાં જ આખું સુરત શહેર પ્રભાવિત થયું હતું, જેમાં શાળા-કોલેજ જતી વિદ્યાર્થિનીઓ, નોકરિયાતો અને સામાન્ય મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. મળતી માહિતી મુજબ, સીએનજીના વધતા ભાવથી પરેશાન રિક્ષા એસોસિએશન અને ચાલકો દ્વારા આજે કામકાજ બંધ રાખવાનું એલાન આપવામાં આવ્યું હતું. હડતાળને વ્યાપક બનાવવા માટે ચાલકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. સુરતના વિવિધ વિસ્તારોમાં હડતાળિયા રિક્ષાચાલકોએ ટોળા વળીને જે રિક્ષાઓ ચાલુ હતી તેને અધવચ્ચે અટકાવી દીધી હતી. ચાલુ રિક્ષામાંથી મુસાફરો અને સ્કૂલે જતી વિદ્યાર્થિનીઓને બળજબરીપૂર્વક નીચે ઉતારી દેવામાં આવ્યા હતા, જેના કારણે રસ્તા પર જ ભારે હોબાળો મચી ગયો હતો. વહેલી સવારે બનેલી આ ઘટનાને પગલે વિદ્યાર્થીઓ અને મુસાફરો કલાકો સુધી રસ્તા પર રઝળી પડ્યા હતા. વાહન ન મળવાના કારણે અસંખ્ય વિદ્યાર્થિનીઓ સમયસર શાળા-કોલેજ પહોંચી શકી ન હતી, તો બીજી તરફ નોકરિયાત વર્ગ પણ અટવાયો હતો. રિક્ષાચાલકોનું કહેવું છે કે, ગેસના ભાવ એટલા વધી ગયા છે કે આખો દિવસ કાળી મજૂરી કર્યા પછી પણ હાથમાં કાંઈ બચતું નથી. એક તરફ પરિવારનું ગુજરાન ચલાવવાનું સંકટ છે અને બીજી તરફ રિક્ષાના હપ્તા ચડી રહ્યા છે. સરકાર કાં તો સીએનજીના ભાવ ઘટાડે અથવા તો ભાડામાં યોગ્ય વધારો મંજૂર કરે તેવી માંગ ઉઠી છે. સુરતમાં બનેલી આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે અને જો આગામી સમયમાં કોઈ ઉકેલ નહીં આવે તો આ આંદોલન વધુ ઉગ્ર બને તેવી પૂરેપૂરી શક્યતા દેખાઈ રહી છે.

## કલોલમાં ગાંધીનગર LCBનો મોટો સપાટો

# છત્રાલ GIDCના ગોડાઉનમાંથી ઝડપાયું દારૂનું મસમોટું નેટવર્ક

કલોલ


ગુજરાતમાં દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડાવતા બુટલેગરો સામે ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમે એક મોટી અને સફળ કામગીરી પાર પાડી છે. કલોલ નજીક આવેલા ઔદ્યોગિક હબ ગણાતા છત્રાલ GIDC વિસ્તારમાં ફેક્ટરીઓની આડમાં ચાલી રહેલા વિદેશી દારૂના એક મસમોટા નેટવર્કનો પોલીસે પર્દાફાશ કર્યો છે. બાતમીના આધારે જીઆઈડીસીના એક ગોડાઉનમાં દરોડો પાડીને પોલીસે વિદેશી દારૂના મોટા જથ્થા સાથે રાજસ્થાની ગેંગના એક સક્રિય સાગરીતને દબોચી લીધો છે. પોલીસે ઘટનાસ્થળેથી કુલ રૂપિયા ૧૧.૫૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર એલસીબીની ટીમને ચોક્કસ અને ખાનગી રાહે બાતમી મળી હતી કે છત્રાલ GIDCના એક બંધ જેવા ગોડાઉનમાં બહારના રાજ્યોમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો લાવીને છિપાવવામાં આવ્યો છે અને ત્યાંથી જ આખા જિલ્લામાં તેનું નેટવર્ક ઓપરેટ થઈ રહ્યું છે. બાતમી મળતા જ પોલીસની અલગ-અલગ ટીમોએ આયોજનબદ્ધ રીતે ગોડાઉન પર ઓચિંતી રેડ પાડી હતી. પોલીસની આ રેડથી ગોડાઉનમાં હાજર બુટલેગરોમાં દોડધામ મચી ગઈ હતી, પરંતુ પોલીસે ઘેરાબંધી કરીને રાજસ્થાનની કુખ્યાત બુટલેગર ગેંગ સાથે જોડાયેલા એક સાગરીતને રંગેહાથ ઝડપી લીધો હતો.

## વડોદરામાં ત્રણ સટોડિયા ઝડપાયા

# IPLના નામે યુવાનોને બરબાદ કરતો ઓનલાઈન સટ્ટાનો કારોબાર

વડોદરા

ક્રિકેટપ્રેમીઓની લાગણીઓ સાથે ખેલ કરી ઝડપી કમાણીના લોભમાં લોકોને સટ્ટાની લતમાં ધકેલતા ઓનલાઈન સટ્ટાબાજો સામે વડોદરા શહેર પોલીસે લાલ આંખ કરી છે. એલ.સી.બી. ઝોન-03ની ટીમે IPL મેચ પર ઓનલાઈન સટ્ટો રમતા અને રમાડતા ત્રણ શખ્સોને ઝડપી પાડી ગેરકાયદેસર પ્રવૃત્તિ પર પ્રહાર કર્યો છે. પોલીસને મળેલી બાતમી મુજબ વાઘોડિયા રોડ પર પરીવાર ચાર રસ્તા નજીક જશરાજ કોમ્પ્લેક્ષ આગળ ત્રણ ઈસમો મોબાઈલ એપ્લિકેશન અને વેબસાઈટના માધ્યમથી ગુજરાત ટાઈટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે રમાઈ રહેલી IPL મેચ પર સટ્ટાબાજી ચલાવી રહ્યા હતા. બાતમીના આધારે એલ.સી.બી. ઝોન-03ની ટીમે સ્થળ પર દરોડો પાડી ત્રણેયને ઝડપી પાડ્યા હતા. તાજેતરમાં ઓનલાઈન સટ્ટાબાજીનું દુષણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. મોબાઈલ અને ઈન્ટરનેટના માધ્યમથી ચાલતા આવા ગેરકાયદેસર




ધંધાઓ યુવાનોને આર્થિક નુકસાન તરફ ધકેલી રહ્યા છે, સાથે પરિવાર અને સમાજ માટે પણ ગંભીર સમસ્યાઓ ઊભી કરી રહ્યા છે. સરળ કમાણીના લોભમાં અનેક લોકો દેવાના ખાડામાં ધકેલાઈ રહ્યા હોવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. પોલીસે ત્રણેય આરોપીઓ સામે જુગાર ધારા કલમ 12(અ) મુજબ કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. પોલીસ અધિકારીઓએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે શહેરમાં સટ્ટાબાજી અને જુગાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવનારાઓ સામે કડક કાર્યવાહી યથાવત રહેશે.

# રાજકોટના ACP વી.જી. પટેલ નિવૃત્તિના એક દિવસ પહેલા જ ડિસમિસ

રાજકોટ

ગુજરાત પોલીસ બેડામાંથી એક અત્યંત ચોંકાવનારા અને ચકચારી સમાચાર સામે આવ્યા છે. રાજકોટમાં આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (ACP) તરીકે ફરજ બજાવતા વી.જી. પટેલને તેમની નિવૃત્તિના બરાબર એક દિવસ પહેલા જ સરકારી સેવામાંથી બરતરફ એટલે કે ડિસમિસ કરી દેવામાં આવ્યા છે. વડોદરાના એક જૂના જુગારના કેસમાં ભ્રષ્ટાચાર અને ગુનેગારને મદદ કરવાની ગંભીર ગેરરીતિ બદલ રાજ્યના ગૃહ વિભાગે આ આકરો નિર્ણય લીધો છે. કાયદાના રક્ષક જ ભક્ષક બને ત્યારે કેવા ગંભીર પરિણામો આવે છે, તેનું આ જીવંત ઉદાહરણ છે. સમગ્ર મામલાની વિગત એવી છે કે, આ વિવાદ વર્ષો જૂનો છે જ્યારે વી.જી. પટેલ વડોદરામાં ફરજ બજાવતા હતા. તે સમયે એક હાઈપ્રોફાઈલ જુગાર ધામ પર દરોડો પડ્યો હતો, જેમાં એક નામચીન આરોપી સંડોવાયેલો હતો.


## અંકલેશ્વરના 20 વર્ષીય યુવકનું ડૂબી જવાથી મોત

# નેત્રંગના ધાણીખૂંટ ગામે રમપમ ધોધ ખાતે વધુ એક દુર્ઘટના સર્જાઈ

ઝઘડીયા, ઈરફાન ખત્રી

નેત્રંગ તાલુકાના ધાણીખૂંટ ગામ નજીક કરજણ નદી પર આવેલા રમપમ ધોધ ખાતે વધુ એક કરુણ દુર્ઘટના સર્જાઈ છે. અંકલેશ્વરના ભડકોદ્રા ગામના 20 વર્ષીય યુવકનું ધોધ પાસે ઊંડા પાણીમાં પડી જતાં મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, મરણજનાર અબ્દુલ વાહિમ અબ્દુલ હકિમ શાહ (ઉ.વ. 20), રહે. અંસાર માર્કેટ, ગામ ભડકોદ્રા, તા. અંકલેશ્વર, જી. ભરૂચ પોતાના મિત્ર સાથે ધાણીખૂંટ ગામે આવેલા રમપમ ધોધ ખાતે ફરવા માટે આવ્યો હતો. દરમિયાન ધોધ નીચે



આવેલા પથ્થરો પરથી વહેતા પાણીમાં થઈ સામે કિનારે જતો હતો ત્યારે તેનો પગ લપસી ગયો હતો. પરિણામે તે ધોધ નીચે આવેલા ઊંડા પાણીના ખાડામાં પડી ગયો હતો.

ઘટના બાદ તેને તાત્કાલિક સારવાર માટે નેત્રંગ સી.એચ.સી. ખાતે ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ વધુ સારવાર અર્થે અંકલેશ્વરની શ્રીમતી જયાબેન મોદી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જોકે હોસ્પિટલમાં ફરજ પરના તબીબે સાંજે 18:33 કલાકે તેને મૃત જાહેર કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે છેલ્લા થોડા સમય દરમિયાન રમપમ ધોધ ખાતે ડૂબી જવાની એકથી વધુ દુર્ઘટનાઓ બનતા સુરક્ષા વ્યવસ્થા અંગે પ્રશ્નો ઊભા થયા છે.

સ્થાનિક લોકો દ્વારા જોખમી વિસ્તારોમાં ચેતવણી બોર્ડ, સુરક્ષા રેલિંગ અને પ્રવેશ નિયંત્રણ જેવી વ્યવસ્થાઓ કડક બનાવવાની માંગ કરવામાં આવી રહી છે.

પાક્કો ગુજરાત
મંગળવાર | 02 જૂન 2026 | અમદાવાદ

### સુરતવાસીઓ માટે સૌથી મોટા ખુશીના સમાચાર

# 5 જૂને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરત અને દમણની મુલાકાતે આવે તેવી પ્રબળ શક્યતા!



**સુરત**

ડાયમંડ સિટી અને ટેક્સટાઈલ હબ તરીકે ઓળખાતા સુરત શહેરના નાગરિકો માટે સૌથી મોટા અને ઉત્સાહવર્ધક સમાચાર સામે આવી રહ્યા છે. વિશ્વના સૌથી લોકપ્રિય નેતા અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૫મી જૂનના રોજ દક્ષિણ ગુજરાત અને કેન્દ્રશાસિત પ્રદેશ દમણની મુલાકાતે આવે તેવી પૂરેપૂરી શક્યતા વર્તાઈ રહી છે. પીએમ મોદીના આ સંભવિત હાઈ-પ્રોફાઈલ પ્રવાસને પગલે સુરત મહાનગરપાલિકા, જિલ્લા કલેક્ટર કચેરી અને દમણ પ્રશાસન સહિતનું સમગ્ર વહીવટી તંત્ર અત્યારથી જ એક્શન મોડમાં આવી ગયું છે. સુરત અને દમણ બંને જગ્યાએ વડાપ્રધાનના સ્વાગત માટે ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવાની તૈયારીઓ યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ પ્રવાસ દરમિયાન સુરત અને દમણને કરોડો રૂપિયાના લોકઉપયોગી વિકાસલક્ષી પ્રોજેક્ટ્સની મોટી ભેટ આપી શકે છે. દક્ષિણ ગુજરાતના આર્થિક વિકાસને નવી ગતિ આપવા માટે કેટલાક મહત્વના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પીએમ મોદીના હસ્તે થાય તેવી પ્રબળ સંભાવના છે. પીએમના સુરત આગમનને લઈને સુરત પોલીસ દ્વારા પણ સુરક્ષા વ્યવસ્થાની આગોતરી સમીક્ષા અને રિહર્સલ માટેનો એક્શન પ્લાન ઘડી કાઢવામાં આવ્યો છે.

હંમેશાં પીએમ મોદીના પ્રવાસને ઉત્સવની જેમ ઉજવતા સુરતવાસીઓમાં આ સમાચારને પગલે ભારે આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

### ગુનાખોરી ડામવા એક્શન પ્લાન શરૂ

# અલંગ પોલીસ સ્ટેશનને મળ્યા કાયમી PI: લાંબા સમયની રાહ બાદ P.M. દેસાઈની નિમણૂક કરાઈ

**ભાવનગર**

ભાવનગર જિલ્લાના અને વિશ્વવિખ્યાત શિપ બ્રેકિંગ યાર્ડ તરીકે ઓળખાતા અલંગ વિસ્તારમાંથી એક મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે. અલંગ પોલીસ સ્ટેશનમાં લાંબા સમયથી ખાલી પડેલી કાયમી પોલીસ ઈન્સ્પેક્ટર (PI)ની જગ્યા પર આખરે સરકારે કાયમી નિમણૂક કરી દીધી છે. ઘણા સમયથી ઈન્ચાર્જના ભરોસે ચાલતા આ સંવેદનશીલ અને મહત્વના પોલીસ સ્ટેશનમાં હવે પી.એમ. દેસાઈની કાયમી પીઆઈ તરીકે વરણી કરવામાં આવી છે. આ નિમણૂક થતાં જ અલંગ પોલીસ તંત્ર અને સ્થાનિક લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ આંતરરાષ્ટ્રીય સ્તરે વેપાર સાથે જોડાયેલું હોવાથી અહીં દેશભરમાંથી લાખો શ્રમિકો રોજીરોટી મેળવવા આવે છે. આ કારણે અહીં સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થા અને કાયદો-



■ વિશ્વવિખ્યાત શિપ બ્રેકિંગ યાર્ડ ધરાવતા અલંગ વિસ્તારની કાયદો-વ્યવસ્થા વધુ મજબૂત બનશે

વ્યવસ્થા જાળવવી એ પોલીસ માટે હંમેશાં એક મોટો પડકાર રહ્યો છે. લાંબા સમયથી કાયમી પીઆઈ ન હોવાને કારણે વહીવટી કામકાજ અને ગુનાખોરી નિયંત્રણમાં કેટલીક મુશ્કેલીઓ પડી રહી હતી. પરંતુ હવે પી.એમ. દેસાઈની કાયમી નિમણૂક થતાં આ વિસ્તારના સુરક્ષા માળખાને વધુ મજબૂતાઈ મળશે. નવા નિમણૂક પામેલા પીઆઈ પી.એમ. દેસાઈએ પોતાનો પદભાર સંભાળી લીધો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમણે ચાર્જ લેતાની સાથે જ એક્શન મોડમાં આવીને વિસ્તારની ભૌગોલિક અને ગુનાહિત સ્થિતિની સમીક્ષા શરૂ કરી દીધી છે. આગામી દિવસોમાં અલંગ યાર્ડ અને તેની આસપાસના વિસ્તારોમાં ચોરી, લૂંટફાટ જેવી ગુનાહિત પ્રવૃત્તિઓ ડામવા તેમજ મજૂરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે નવો એક્શન પ્લાન અમલમાં મૂકવામાં આવશે. સ્થાનિક વેપારીઓ અને શિપ બ્રેકર્સ એસોસિએશને પણ આ નિમણૂકને આવકારી છે અને આશા વ્યક્ત કરી છે કે તેનાથી અલંગની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનશે.

### ખેડૂતો સાથે આટલો અન્યાય કેમ?

# મોબાઈલ ટાવર, ગોડાઉન અને દુકાનનું દર મહિને મસમોટું ભાડું મળે, તો ખેતરમાં કરોડોના વીજ થાંભલા ખોડાવા છતાં 'માસિક ભાડું' કેમ નહીં?

**ગુજરાત, પવન માકન**

દેશનો અન્નદાતા ગણાતો ખેડૂત આજે પણ વિકાસના નામે કાયદાકીય વિસંગતતાઓનો ભોગ બની રહ્યો છે. જ્યારે કોઈ ખાનગી કંપની તમારી જમીન કે મકાન પર મોબાઈલ ટાવર ઊભો કરે છે, ત્યારે તેનું દર મહિને હજારો રૂપિયા નિયમિત ભાડું ચૂકવવામાં આવે છે. કોઈ ગોડાઉન બનાવે કે દુકાન ભાડે રાખે, તો તેની પાઈ-પાઈ વસૂલવામાં આવે છે. પરંતુ, જ્યારે એ જ દેશના રક્ષક અને પોષક એવા ખેડૂતના કાળજા જેવા ખેતરમાંથી કરોડો-અબજો રૂપિયાના પાવર પ્રોજેક્ટની હાઈટેન્શન લાઈનો પસાર થાય છે અને કાયમી ધોરણે રાક્ષસી વીજ થાંભલા ખોડી



દેવામાં આવે છે, ત્યારે તેને દર મહિને એક રૂપિયો પણ ભાડું કેમ મળતું નથી? ખેડૂતો માટે કાયદાના આ બેવડા અને પક્ષપાતી ધોરણો કેમ? આ સવાલ આજે ગુજરાતના ખૂણે-ખૂણાના ખેડૂત આક્રોશ સાથે પૂછી રહ્યા છે. નિયમ એવો છે કે જ્યારે કોઈ રાજ્યમાં વીજ લાઈન પસાર થાય અથવા ટ્રાન્સમિશન ટાવર ઊભા કરાય, ત્યારે તંત્ર કે પાવર કંપનીઓ દ્વારા પાક નુકસાની અને જમીનની કિંમત પેટે માત્ર 'એક જ વાર' (One-time Compensation) વળતર આપીને હાથ અધ્ધર કરી લેવામાં આવે છે. પરંતુ સત્ય એ છે કે, એક વાર વળતર આપ્યા પછી એ જમીન આજીવન ખેડૂત માટે નકામી જેવી બની જાય છે. કાયમી નુકસાન: થાંભલાની આસપાસના મોટા વિસ્તારમાં ખેડૂત ક્યારેય ટ્રેક્ટર કે આધુનિક સાધનો ફેરવી શકતો નથી. વાવેતર પર પ્રતિબંધ: હાઈટેન્શન લાઈનની નીચે ક્યારેય બાગાયતી પાક કે ઊંચા વૃક્ષો વાવી શકાતા નથી. જમીનની કિંમત ઝીરો: જે ખેતરમાંથી આવા રાક્ષસી થાંભલા પસાર થાય છે, તેની બજાર કિંમત રાતોરાત તળિયે બેસી જાય છે. કોઈ ગ્રાહક એ જમીન ખરીદવા તૈયાર થતો નથી. સૌથી મોટો અને ઘાતક સવાલ એ છે કે, જે વીજ લાઈનોમાંથી પાવર કંપનીઓ ચોવીસે કલાક કરોડો રૂપિયાનો નફો રળે છે, ગ્રાહકો પાસેથી અધધ બિલ વસૂલે છે, તો એ પ્રોજેક્ટ જેના આધારે ઊભો છે તે જમીનના માલિક એટલે કે ખેડૂતને તેના નફામાંથી કાયમી હિસ્સો અથવા માસિક ભાડું કેમ ન મળવું જોઈએ? જો મોબાઈલ ટાવર વાળા ભાડું આપી શકતા હોય, તો અબજોપતિ પાવર કંપનીઓ કેમ નહીં?

### પીએમ મોદીના વતન વડનગરમાં હંગામો

# પાલિકાની સામાન્ય સભામાં ભાજપના કોર્પોરેટરને લાફો મારી જાનથી મારી નાખવાની ધમકી, કોંગ્રેસના સભ્યએ વ્હીપ ઝૂંટવ્યો

**વડનગર**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતન વડનગરમાંથી એક ચોંકાવનારા અને રાજકીય ગરમાવો લાવી દે તેવા સમાચાર સામે આવ્યા છે. વડનગર નગરપાલિકાની સામાન્ય સભા દરમિયાન શાસક પક્ષ અને વિપક્ષના સભ્યો વચ્ચે જોરદાર ઘર્ષણ થયું હતું.

આ હોબાળો એટલો હિંસક બન્યો હતો કે કોંગ્રેસના એક સભ્યએ ભાજપના કોર્પોરેટરને લાફો મારી દીધો હતો અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનો સનસનાટીભર્યો મામલો પ્રકાશમાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, વડનગર પાલિકાની સામાન્ય સભા ચાલી રહી હતી ત્યારે શાસક પક્ષ ભાજપના દંડક તમામ સભ્યોને વ્હીપની બજવણી કરી રહ્યા હતા. આ દરમિયાન વિપક્ષ કોંગ્રેસના સભ્ય અચાનક ઉશ્કેરાઈ ગયા હતા અને તેમણે દંડકના હાથમાંથી બળજબરીપૂર્વક વ્હીપ




ઝૂંટવી લીધો હતો. કોંગ્રેસી સભ્યની આ હરકતને પગલે સભાખંડમાં તાત્કાલિક ઉત્તેજના વ્યાપી ગઈ હતી.

આ અરાજકતા રોકવા અને મામલો શાંત પાડવા માટે ભાજપના એક સભ્ય તાત્કાલિક વચ્ચે પડ્યા હતા. જો કે, વચ્ચે પડવું ભાજપના આ કોર્પોરેટરને ભારે પડ્યું હતું. ઉશ્કેરાયેલા કોંગ્રેસના સભ્યએ ભાજપના કોર્પોરેટર પર હુમલો કરી દીધો હતો અને જાહેરમાં જ તેમને એક સણસણતો લાફો ઝીંકી દીધો હતો. આટલેથી ન અટકતા, કોંગ્રેસી સભ્યએ ભાજપના કોર્પોરેટરને જાનથી મારી નાખવાની ગંભીર ધમકી પણ આપી દીધી હતી.

વડાપ્રધાનના વતનમાં જ લોકશાહીના મંદિર સમાન પાલિકાની સામાન્ય સભામાં બનેલી આ હિંસક ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે ચર્ચા જાગી છે. આ ઘટના બાદ ભાજપના સભ્યોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને આ મામલે કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવવા સુધીની તજવીજ હાથ ધરવામાં આવી હોવાના અહેવાલો મળી રહ્યા છે. રાજકીય આક્ષેપબાજીઓ અને હંગામા વચ્ચે વડનગરનું રાજકારણ હાલ ગરમાયું છે.

# બાબા બાગેશ્વર સામે રાજકોટમાં વિજ્ઞાન જાથાનો આરપારનો જંગ

## "ચમત્કારના નામે અંધશ્રદ્ધા ફેલાવી તો જેલભેગા કરી દઈશું" : જયંત પંડ્યા

**રાજકોટ**

રાજકોટની ધરતી પર ફરી એકવાર વિજ્ઞાન અને કથિત ચમત્કાર વચ્ચે મહાસંગ્રામ ખેલાવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી ઉર્ફે બાબા બાગેશ્વરની રાજકોટમાં યોજાનારી કથાને લઈને વિજ્ઞાન જાથાએ અત્યારથી જ રણશિંગું ફૂંકી દીધું છે. વિજ્ઞાન જાથાના પ્રમુખ જયંત પંડ્યાએ બાબા બાગેશ્વરને અત્યંત ઘાતક અને જોરદાર શબ્દોમાં ખુલ્લી ચેલેન્જ ફેંકીને ચેતવણી આપી છે કે, જો કથાના નામે લોકદરબાર ભરીને અંધશ્રદ્ધા ફેલાવવાનો કે દિવ્ય શક્તિઓના નામે લોકોને ગુમરાહ કરવાનો જરાય પણ પ્રયાસ કરવામાં આવ્યો, તો વિજ્ઞાન જાથા કાયદાના હથિયાર ઉગામશે અને બાબા વિરુદ્ધ સીધો ગુનો દાખલ કરાવીને જેલના સળિયા પાછળ ધકેલી દેશે! લોકશાહી અને કાયદાના શાસનમાં અંધશ્રદ્ધાને કોઈ સ્થાન નથી તેમ જણાવતા જયંત પંડ્યાએ ભારે આક્રોશ સાથે કહ્યું છે કે, ધર્મના નામે ધતિંગ ચલાવનારાઓ સામે અમારો વિરોધ કાયમ રહેશે. રાજકોટમાં બાબા વાઘેશ્વરી (બાગેશ્વર)ના કાર્યક્રમો પર વિજ્ઞાન જાથાની વોચડોગ જેવી બાજ નજર રહેશે. જો સભામાં કોઈ જાદુ-ટોણા, ભૂત-પ્રેત, કે બીમારીઓ મટાડવાના અંધવિશ્વાસુ દાવાઓ કરવામાં આવ્યા, તો તાત્કાલિક પુરાવા એકત્ર કરીને પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવશે. વિજ્ઞાન જાથાની આ સિંહગર્જનાને પગલે બાબાના આયોજકો અને ભક્તોમાં ફફડાટ સાથે ભારે ગરમાવો આવી ગયો છે. રાજકોટમાં અગાઉ પણ આવા કિસ્સાઓમાં વિજ્ઞાન જાથાએ મોટા-મોટા પાખંડીઓનો પર્દાફાશ કર્યો છે, ત્યારે હવે બાબા બાગેશ્વર સામેનો આ જંગ કયું નવું સ્વરૂપ ધારણ કરે છે તેના પર આખા ગુજરાતની નજર મંડાયેલી છે. એક તરફ બાબાના દિવ્ય દરબારની તૈયારીઓ ચાલી રહી છે, તો બીજી તરફ વિજ્ઞાન જાથાએ બાબાના 'ચમત્કાર' ફ્લોપ કરવા માટે કાયદાકીય ચક્રવ્યૂહ તૈયાર કરી લીધો છે!

### ગુજરાત કોંગ્રેસમાં આંતરિક કલહ અને નિરાશા

# પ્રજાલક્ષી મુદ્દાઓ ઉઠાવવામાં પણ કોંગ્રેસ સંગઠન નિષ્ફળ : કાર્યકરોમાં ભારે નારાજગી

**અમદાવાદ**

ગુજરાતના રાજકીય ફલક પર એક સમયે મજબૂત પકડ ધરાવતી મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસ અત્યારે ઈતિહાસના સૌથી કપરા સમયમાંથી પસાર થઈ રહી છે. રાજ્યમાં સતત મળી રહેલી હાર અને નબળા નેતૃત્વના કારણે ગુજરાત કોંગ્રેસના પાયાના કાર્યકર્તાઓ ઘેરી નિરાશામાં ડૂબી ગયા છે. સંગઠન સ્તરે ચાલી રહેલી સુસ્તીને કારણે પક્ષ અત્યારે લગભગ મૃતપાય સ્થિતિમાં હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે, જે લોકશાહીમાં વિપક્ષની ભૂમિકા સામે મોટા સવાલો ઊભા કરે છે. સ્થાનિક સ્તરેથી ઉઠતા



અવાજો મુજબ, મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર અને કાયદો-વ્યવસ્થા જેવા અનેક પ્રજાલક્ષી મુદ્દાઓ હોવા છતાં કોંગ્રેસ તેને મજબૂતાઈથી ઉઠાવવામાં તદ્દન સક્ષમ જણાતી નથી. સામાન્ય જનતા જ્યારે મુશ્કેલીમાં હોય ત્યારે જનપ્રતિનિધિ તરીકે રસ્તા પર ઉતરીને આક્રમક આંદોલન કરવાને બદલે પક્ષ માત્ર સોશિયલ મીડિયા કે નિવેદનો પૂરતો સીમિત રહી ગયો છે. નેતાઓ વચ્ચેની આંતરિક ખેંચતાણ અને જૂથવાદના કારણે પાયાના કાર્યકરો દિશાવિહીન બન્યા છે અને તેમનો ઉત્સાહ સાવ તળિયે બેસી ગયો છે. અનેક વરિષ્ઠ કાર્યકરોનું માનવું છે કે જો પક્ષ હજુ પણ જમીની હકીકત સ્વીકારીને સંગઠનમાં ધરખમ ફેરફારો નહીં કરે, તો આગામી દિવસોમાં વિપક્ષ તરીકેનું અસ્તિત્વ ટકાવી રાખવું પણ મુશ્કેલ બનશે. જનતાના પ્રશ્નોને વાચા આપવા માટે સક્ષમ અને સક્રિય નેતૃત્વની જે ખોટ વર્તાઈ રહી છે, તેને કારણે જનતાનો ભરોસો પણ હવે વિપક્ષ પરથી ઉઠી રહ્યો છે. હવે જોવાનું એ રહે છે કે હાઈકમાન્ડ આ નિરાશા દૂર કરવા કોઈ નક્કર પગલાં ભરે છે કે પછી સ્થિતિ આવી જ જર્જરિત રહેશે.

### એકસાથે 15 કોર્પોરેટરોના રાજીનામાથી ખળભળાટ!

# સાબરકાંઠાના રાજકારણમાં ભૂકંપ : પ્રાંતિજ નગરપાલિકામાં ભાજપમાં ભડકો

**પ્રાંતિજ**

સાબરકાંઠા જિલ્લાના રાજકારણમાંથી આ વહેલી સવારના સૌથી મોટા અને ધમાકેદાર સમાચાર સામે આવી રહ્યા છે. પ્રાંતિજ નગરપાલિકામાં સત્તાધારી પક્ષ ભાજપમાં વિવાદનો જ્વાળામુખી ફાટ્યો છે. પાલિકાના આંતરિક જૂથવાદ અને વહીવટી અસંતોષને કારણે ભાજપના એક-બે નહીં, પરંતુ એકસાથે ૧૫ જેટલા કોર્પોરેટરોએ સામૂહિક રાજીનામા ધરી દેતાં સમગ્ર ગુજરાતના રાજકીય આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ભાજપના આ મજબૂત ગઢમાં અચાનક પડેલા ભયંકર ગાબડાને પગલે સ્થાનિક સંગઠનથી લઈને ગાંધીનગર સુધી દોડધામ મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, પ્રાંતિજ નગરપાલિકામાં છેલ્લા લાંબા સમયથી પાલિકા પ્રમુખની કામગીરી અને વિકાસ કામોમાં પક્ષપાતને લઈને કોર્પોરેટરોમાં ભારે નારાજગી જોવા મળી રહી હતી. આ આંતરિક વિખવાદ અને અસંતોષનો મામલો સંગઠન સ્તરે વારંવાર રજૂ કરવા છતાં કોઈ યોગ્ય ઉકેલ ન આવતા આખરે નારાજ કોર્પોરેટરોએ આરપારની લડાઈ લડી લેવાનું નક્કી કર્યું હતું. શાસક પક્ષના આ ૧૫ સભ્યોએ એક થઈને પોતાના પદ પરથી રાજીનામું આપી દેતાં પાલિકાનું શાસન જોખમમાં મુકાયું છે.

એકસાથે આટલી મોટી સંખ્યામાં ચૂંટાયેલા સભ્યોના રાજીનામા પડતાં જ પ્રાંતિજ ભાજપ સંગઠન પત્તાના મહેલની જેમ વિખેરાઈ ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. આ ઘટનાને પગલે વિરોધ પક્ષો પણ સક્રિય થઈ ગયા છે, જ્યારે બીજી તરફ ડેમેજ કંટ્રોલ કરવા માટે ભાજપના ઉચ્ચ હોદ્દેદારો અને પ્રદેશના નેતાઓએ તાબડતોબ બેઠકોનો દોર શરૂ કર્યો છે. સવાલ એ ઉઠી રહ્યો છે કે શિસ્તબદ્ધ ગણાતી પાર્ટીમાં આટલો મોટો બળવો કેવી રીતે થયો? હવે આગામી સમયમાં આ નારાજ કોર્પોરેટરોને મનાવી લેવામાં આવશે કે પ્રાંતિજ પાલિકાનું શાસન વેરવિખેર થઈ જશે, તેના પર સૌની નજર મંડાયેલી છે.

# મહેસાણામાં ભારે હંગામો : કોંગ્રેસની ગુપ્ત બેઠકનો ભેદ જાણવા ગયેલા IBના બે અધિકારીઓ રંગેહાથ પકડાયા

## પત્રકારોની આડમાં સભાખંડમાં ઘૂસ્યા હતા ગુપ્તચર વિભાગના કર્મચારીઓ; શંકા જતાં કોંગ્રેસી નેતાઓએ પકડીને આકરો ઉધડો લીધો, મહેસાણા કોંગ્રેસની સમીક્ષા બેઠકમાં હોબાળો

**મહેસાણા**

મહેસાણામાંથી રાજકીય ગરમાવો લાવી દે તેવા અને અત્યંત ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. અહીં યોજાયેલી કોંગ્રેસની એક મહત્વની સમીક્ષા બેઠકમાં પત્રકારોના સ્વાંગમાં ઘૂસેલા રાજ્ય ગુપ્તચર વિભાગ (IB)ના બે કર્મચારીઓને કોંગ્રેસના નેતાઓએ રંગેહાથ પકડી પાડ્યા હતા. આ ઘટનાથી બેઠકમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. પરંતુ શરમજનક વળાંક ત્યારે આવ્યો જ્યારે પકડાયેલા કર્મચારીઓનો મોબાઈલ ચેક કરવામાં આવ્યો અને તેમાંથી વાંધાજનક પોર્ન વીડિયો મળી આવ્યા હતા!

મળતી માહિતી મુજબ, મહેસાણામાં કોંગ્રેસ પક્ષની આંતરિક સમીક્ષા બેઠક ચાલી રહી હતી. પક્ષની આ ગુપ્ત વ્યુહરચના અને વાતોનો ભેદ જાણવા માટે આઈબીના બે કર્મચારીઓ મીડિયાકર્મીઓ હોવાનો ઢોંગ કરીને હોલની અંદર ઘૂસી ગયા હતા અને ગુપચુપ રીતે નેતાઓની વાતો નોટ કરી રહ્યા હતા. જો કે, ત્યાં હાજર કોંગ્રેસના સ્થાનિક નેતાઓ અને કાર્યકરોને આ બંને શખ્સોની હરકતો પર શંકા ગઈ હતી. કોંગ્રેસી નેતાઓએ તાત્કાલિક તેમને આંતરીને તેમની ઓળખ પૂછતા જ બંનેના હોશ ઉડી ગયા હતા.

કોંગ્રેસના આગેવાનોએ જ્યારે આ બંને કર્મચારીઓની કડકાઈથી પૂછપરછ કરી ત્યારે તેઓ આઈબી (Intelligence Bureau)ના માણસો હોવાનો ભાંડો ફૂટી ગયો હતો. નેતાઓએ રોષે ભરાઈને તેમનો ઉધડો લીધો હતો કે વિપક્ષની જાસૂસી કરવા માટે સરકારી તંત્રનો આ રીતે કેમ દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે? આ હોબાળા વચ્ચે જ્યારે એક કર્મચારીનો મોબાઈલ ફોન તપાસવામાં આવ્યો, ત્યારે કાયદો અને વ્યવસ્થાની ગુપ્ત માહિતી રાખવાના બદલે તેના ફોનમાંથી અશ્લીલ પોર્ન વીડિયોનો જથ્થો મળી આવતા કોંગ્રેસના નેતાઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

આ ઘટનાને પગલે કોંગ્રેસના કાર્યકરોએ ભારે નારેબાજી કરી હોબાળો મચાવ્યો હતો. વિપક્ષના નેતાઓએ આ મામલે સરકાર પર આકરા પ્રહારો કરતા કહ્યું છે કે, સરકાર વિપક્ષના નેતાઓની જાસૂસી કરાવવા માટે આ હદે લથડી ગઈ છે અને જે અધિકારીઓને આ કામ સોંપાયું છે તેઓ સભાખંડમાં બેસીને શું રાખે છે તે પણ દેશની જનતા જોઈ રહી છે. મહેસાણાની આ ઘટના હાલ સમગ્ર રાજ્યના રાજકારણમાં ભારે ચર્ચાનો વિષય બની છે.

# દાંતા, હડાદ તાલુકાના આરોગ્ય વિભાગમાં ગોટાળાની ચર્ચા, સીએચઓની કામગીરી સામે સવાલો

**બનાસકાંઠા**

બનાસકાંઠાનાં હડાદ દાંતા તાલુકાના કેટલાક ગામોમાં ફરજ બજાવતા કોમ્યુનિટી હેલ્થ ઓફિસરો (સીએચઓ) અંગે ગ્રામ્ય વિસ્તારોમાં ભારે ચર્ચાઓએ જોર પકડ્યું છે. મળતી ચર્ચા સ્પદ માહિતી મુજબ કેટલાક કર્મચારીઓ નોકરીના નિશ્ચિત સમય દરમિયાન ફરજ પર હાજર રહેતા નથી. અને સમય પહેલા જ આરોગ્ય કેન્દ્ર છોડી દેતા હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે. સ્થાનિક સ્તરે એવી પણ ચર્ચા ચાલી રહી છે કે કેટલાક સીએચઓ દ્વારા ખોટા સોગંધનામા અને ગેરમાર્ગે દોરતી વિગતો રજૂ કરી સરકાર પાસેથી ઈન્સેટિવ ની રકમ મેળવવામાં આવી હોવાની શક્યતાઓ વ્યક્ત થઈ રહી છે. આ મુદ્દે ગ્રામજનો તેમજ આરોગ્ય વર્તુળોમાં અનેક સવાલો ઉભા થયા છે. કેટલાક ગામોમાં ગ્રામજનો માં ચર્ચા છે કે કેટલાક કર્મ ચારીઓ દૂરના શહેરો માંથી અપ-ડાઉન કરતા હોવાને કારણે આરોગ્ય કેન્દ્રોમાં સમયસર હાજરી રહેતી નથી, જેના કારણે સામાન્ય દર્દીઓને મુશ્કેલી ઓનો સામનો કરવો પડે છે. આ સમગ્ર મામલે જિલ્લા આરો ગ્ય અધિકારી દ્વારા નિષ્પક્ષ તપાસ કરી જવાબદાર સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાગ ઉઠી રહી છે.

### ભરૂચમાં સ્કૂલ બેગમાં દારૂની હેરાફેરી

# LCB એ અંકલેશ્વરના ખેપિયાને ઝડપ્યો, દમણ કનેક્શન ખુલતા બુટલેગરોમાં ફફડાટ

**ભરૂચ**

ગુજરાતમાં દારૂબંધીના કાયદાને ખુલ્લેઆમ પડકારતો એક ચોંકાવનારો કિસ્સો ભરૂચ શહેરમાંથી સામે આવ્યો છે. સામાન્ય રીતે બાળકોના પુસ્તકોથી ભરેલી રહેતી સ્કૂલ બેગનો ઉપયોગ હવે બુટલેગરો દારૂ છુપાવવા માટે કરી રહ્યા છે. સ્કૂલ બેગમાં વિદેશી દારૂ ભરી મોપેડ પર ડિલિવરી આપવા નીકળેલા એક અંકલેશ્વરના ખેપિયાને ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચે (LCB) ઝડપી પાડતા બુટલેગર નેટવર્કમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી વિગતો અનુસાર, ભરૂચ LCBની ટીમ રાત્રિ પેટ્રોલિંગમાં હતી ત્યારે ચોક્કસ



બાતમી મળી હતી કે, એક ઈસમ બર્ગમેન મોપેડ પર રેલવે સ્ટેશન વિસ્તારમાંથી વિદેશી દારૂની બેગ ભરી ગોદી રોડ તરફ જવાનો છે. બાતમીના આધારે પોલીસે તુરંત વોચ ગોઠવી કોર્ડન કર્યું હતું અને શંકાસ્પદ મોપેડ ચાલકને અટકાવ્યો હતો.

પોલીસે મોપેડ પર રાખેલી સ્કૂલ બેગોની તલાશી લેતા તેમાંથી ૧૮૦ મી.લી.ની કુલ ૨૬૪ સીલબંધ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પૂછપરછમાં પકડાયેલા આરોપીએ પોતાનું નામ હમઝા ઈદ્રીશ શેખ (રહે. અંકલેશ્વર) હોવાનું જણાવ્યું હતું. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ દારૂનો જથ્થો દમણથી લાવી ભરૂચમાં ડિલિવરી કરવાનો હતો. આ દારૂ તેના નાના ભાઈ રમઝાન ઈદ્રીશ શેખે મંગાવ્યો હોવાનો ખુલાસો થતાં, ભરૂચ 'એ' ડિવિઝન પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી રમઝાન શેખને વોન્ટેડ જાહેર કરી શોધખોળ તેજ કરી છે. પોલીસે મોપેડ અને દારૂ સહિત અંદાજિત રૂ. ૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ઘટના બાદ લોકચર્ચાએ જોર પકડ્યું છે કે દમણથી રેલવે માર્ગે મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ગુજરાતમાં ઘૂસાડવામાં આવી રહ્યો છે. સ્કૂલ બેગ અને ટ્રોલી બેગનો ઉપયોગ કરી અંકલેશ્વર, ભરૂચ અને વડોદરા સુધી દારૂ સપ્લાય થતો હોવાની વાતે રેલવે સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. હવે જોવાનું એ રહેશે કે રેલવે પોલીસ આ રાત્રિ ટ્રેનોના મોટા નેટવર્કને તોડી શકશે કે પછી આ ગેરકાયદેસર કારોબાર આમ જ ચાલતો રહેશે.

પાક્કો ગુજરાત
મંગળવાર । 02 જૂન 2026 । અમદાવાદ



## તંત્રી લેખ...


# દીકરીને દહેજમાં 'ડિગ્રી' આપો, 'દાગીના' નહીં

### કુરિવાજોના કુંડાળામાંથી સમાજને મુક્ત કરવા શિક્ષણ જ એકમાત્ર અમોઘ શસ્ત્ર

આજે ૨૧મી સદીમાં આપણો દેશ ભલે ડિજિટલ ઈન્ડિયા અને ગ્લોબલ પાવર બનવાની વાતો કરતો હોય, પણ સમાજની વાસ્તવિકતા આજે પણ ક્યાંક ને ક્યાંક અંધકારમય છે. દીકરીના લગ્ન થતાં જ વરપક્ષ દ્વારા મસમોટા દહેજની માંગણી કરવી અને તેના કારણે કોઈ માસૂમ દીકરીને શારીરિક-માનસિક ત્રાસ આપી મોતને ઘાટ ઉતારી દેવી કે તેને આત્મહત્યા કરવા મજબૂર કરવી, તે આધુનિક સમાજ માટે કલંક સમાન છે. આ કુપ્રથાને જડમૂળથી ઉખાડી ફેંકવા માટે હવે સમય આવી ગયો છે કે દરેક માતા-પિતા પોતાના વિચારો બદલે. સૂત્ર બહુ સ્પષ્ટ છે: 'દીકરીને દહેજમાં ડિગ્રી આપો, જેથી કોઈ દીકરીની દહેજના નામે બલી ન ચઢે.'

શા માટે ડિગ્રી એ સૌથી મોટું દહેજ છે?

લગ્નમાં સોનું, ચાંદી, ગાડી કે રોકડા રૂપિયા આપવાની પ્રથા દીકરીને ક્યારેય સુરક્ષા આપી શકતી નથી. લાલચુ લોકોની ભૂખ ક્યારેય શાંત થતી નથી. આજે આપેલું સોનું કાલે ખૂટી જશે, પણ



દીકરીના હાથમાં રહેલી શિક્ષણની ડિગ્રી આજીવન તેની પડખે ઊભી રહેશે.

આત્મનિર્ભરતા: શિક્ષિત દીકરી પોતાના પગ પર ઊભી રહી શકે છે. તે માત્ર ઘર સંભાળતી નથી, પણ આખા પરિવારને આર્થિક ટેકો આપી શકે છે.

સ્વાભિમાન: ભણેલી-ગણેલી દીકરીને કોઈ લાચાર સમજીને ડરાવી કે ધમકાવી શકતું નથી. તે કાયદા અને પોતાના હકોથી વાકેફ હોય છે.

સુરક્ષા કવચ: જો કદાચ જીવનમાં કોઈ મુશ્કેલ પરિસ્થિતિ આવે, તો શિક્ષણની ડિગ્રી તેના માટે રોજગારીની નવી તકો ખોલે છે, જેથી તેણે કોઈની સામે હાથ ફેલાવવો પડતો નથી.

સમાજે વિચારધારા બદલવી પડશે

દહેજ પ્રથા સામે કાયદાઓ ઘણા છે, પરંતુ જ્યાં સુધી સમાજની માનસિકતા નહીં બદલાય ત્યાં સુધી આ કુરિવાજ અટકશે નહીં. માતા-પિતાએ દીકરીના લગ્નના ખર્ચ માટે પૈસા ભેગા કરવાના બદલે, તેના ઉચ્ચ શિક્ષણ પાછળ ખર્ચ કરવો જોઈએ. દીકરીને એટલી સક્ષમ બનાવો કે સામેવાળો પક્ષ દહેજ માંગવાની હિંમત જ ન કરી શકે, ઉલટાનું વરપક્ષ એવી દીકરી મેળવીને ગર્વ અનુભવે.

જે દિવસે ભારતના દરેક ઘરમાંથી દીકરીઓને દાગીનાને બદલે ડિગ્રી અને આત્મવિશ્વાસની ભેટ મળવા લાગશે, તે દિવસે સોનાના લોભીઓ આપોઆપ ગાયબ થઈ જશે. આવો આપણે સૌ સાથે મળીને સંકલ્પ કરીએ કે આપણી દીકરીઓને ભણાવીશું, ગણાવીશું અને એટલી મજબૂત બનાવીશું કે કોઈ પણ લાલચુ રાક્ષસ તેની જિંદગી સાથે રમત રમી ન શકે. દીકરીનું ભણતર એ જ તેનું સાચું સ્ત્રીધન છે!

- ગ્રુપ એડિટર પવન માકન

# નવતપામાં બાળકોને લૂ લાગવાનું જોખમ સૌથી વધુ

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દેશના ઘણા શહેરોમાં આ દિવસોમાં તાપમાન 45 ડિગ્રી સેલ્સિયસથી ઉપર છે. નવતપા દરમિયાન ઊંચા તાપમાન અને ગરમ પવનોને કારણે લૂ (હીટ સ્ટ્રોક)નું જોખમ વધી જાય છે. તેની સૌથી વધુ અસર નાના બાળકો પર પડે છે. ખરેખર, બાળકોનું શરીર વધુ ગરમી કે ઠંડી માટે તૈયાર હોતું નથી. શરીર અનુકૂલન શીખી રહ્યું હોય છે, તેને મદદની જરૂર હોય છે. આવી સ્થિતિમાં, થોડી બેદરકારીથી બાળકની સ્થિતિ ગંભીર બની શકે છે. બાળકોની દિનચર્યા અને ખાનપાનમાં કેટલાક ફેરફારો કરીને તેમને હીટ સ્ટ્રોક એટલે કે લૂથી બચાવી શકાય છે. બાળકોનો મેટાબોલિક રેટ વધુ હોય છે. આનાથી તેમનું શરીર જલ્દી ગરમ થઈ જાય છે. સ્વેટ ગ્લેન્ડ્સ પરિપક્વ ન હોવાથી ઓછો પરસેવો આવે છે. આનાથી 'બોડી કૂલિંગ મિકેનિઝમ' એટલું અસરકારક હોતું નથી. તેમના મગજ અને અન્ય અંગોના કોષો વધુ સંવેદનશીલ હોય છે, તેથી તેમને લૂ લાગવાનું જોખમ વધુ હોય છે. બાળકોનું થર્મોરેગ્યુલેશન સિસ્ટમ (શરીરનું તાપમાન નિયંત્રિત કરવાની ક્ષમતા) સંપૂર્ણપણે વિકસિત હોતું નથી. તેમનું ગરમી પ્રત્યે અનુકૂલન નબળું હોય છે. આનાથી શરીરનું ફ્લુઈડ સંતુલન ઝડપથી બગડે છે અને તેઓ ડિહાઈડ્રેટ થઈ જાય છે. તેથી તેમને ઝડપથી લૂ લાગી જાય છે. વધુ પડતી સુસ્તી પણ બાળકોમાં ગરમી સંબંધિત પરેશાનીનો પ્રારંભિક સંકેત હોઈ શકે છે. પરંતુ તેને સીધો હીટ સ્ટ્રોક માનવો યોગ્ય નથી. જો સુસ્તીની સાથે- વધુ તરસ ચક્કર માથાનો દુખાવો ઉલટી/ઉબકા શરીર ગરમ લાગવુ. આવી સ્થિતિમાં તરત ડોક્ટરનો સંપર્ક કરો- આંચકી આવવી. તીવ્ર માથાનો દુખાવો અને ચક્કર આવવા. શરીરનું તાપમાન (લગભગ 103F કે તેથી વધુ) વધવું. બેભાન થવું કે વારંવાર સુસ્ત થવું. ગૂંચવણ થવી, વિચિત્ર વર્તન કરવું. વારંવાર ઉલટી થવી કે પાણી ન પી શકવું. ઝડપથી શ્વાસ લેવો કે ધબકારા ઝડપી થવા. પરસેવો બંધ થઈ જવો અને ત્વચા ખૂબ ગરમ/શુષ્ક લાગવી. યોગ્ય આહાર, પૂરતું પાણી અને તડકાથી બચાવ આ બધું મળીને બાળકના શરીરને ઓવરહીટ થવાથી બચાવે છે. આ શરીરને ઠંડુ રાખે છે અને ઓવરહિટિંગથી બચાવે છે. તેમ છતાં, તે સંપૂર્ણપણે હીટ સ્ટ્રોકથી બચાવી શકતું નથી. બાળકને નવડાવવાની સાથે- હાઈડ્રેટેડ રાખો. બપોરે સૂર્યપ્રકાશના સંપર્કથી બચાવો. તેને ઠંડુ વાતાવરણ આપો. આ માટે બાળકોને હાઈડ્રેશન સંબંધિત આદતો શીખવો. તેમને પાણીની બોટલ, કેપ વગેરે આપીને મોકલો. કેટલીક મૂળભૂત સાવચેતીઓથી તેમને ગરમીની અસરથી સુરક્ષિત રાખી શકાય છે. પરંતુ આ દરમિયાન તાપમાનનું ધ્યાન રાખવું જોઈએ. ખોટા ઉપયોગ (ખૂબ ઠંડું તાપમાન, સીધી હવા, તાપમાનમાં અચાનક ફેરફાર)થી શરદી-ઉધરસ, શુષ્ક ત્વચા, નાકમાં બળતરા અથવા શ્વાસ સંબંધિત સમસ્યાઓ થઈ શકે છે. જો બાળક નવજાત હોય તો AC અને કુલરના ઉપયોગ પહેલાં ડોક્ટરની સલાહ અવશ્ય લો. બાળકોને તેના બદલે આ હેલ્ધી સમર કૂલિંગ ડ્રિંક્સ આપો- નાળિયેર પાણી લીંબુ પાણી આમ પન્ના (કેરીનો બાફલો) છાશ લસ્સી તરબૂચનો જ્યુસ ઘરે બનાવેલા તાજા ફળ/શાકભાજીના સ્મૂધી અને જ્યુસ બીલાંનું શરબત આ પીણાં હાઈડ્રેટેડ રાખે છે અને પેટને ઠંડક આપે છે. સાથે જ જરૂરી વિટામિન્સ/ઈલેક્ટ્રોલાઈટ્સથી ભરપૂર પણ હોય છે. બાળકને હીટ સ્ટ્રોક થાય તો- તરત જ ઠંડી જગ્યાએ લઈ જાઓ. બાળકના કપડાં ઢીલા કરો અથવા વધારાના કપડાં કાઢી નાખો.

# માઉન્ટ એવરેસ્ટ ઉપર 200થી વધુ લોકોની ડેડબોડી પડી રહી છે!

### માઉન્ટ એવરેસ્ટના ડેડઝોનમાં ફસાવાથી દર વર્ષે 8-10 લોકોનાં મોત થાય છે, મૃતકોની બોડી નીચે લાવવા કરોડો રૂપિયાનો ખર્ચ થતો હોવાથી તેને ત્યાં જ છોડી દેવાય છે

દર વર્ષે હજારોની સંખ્યામાં લોકો માઉન્ટ એવરેસ્ટ સર કરવા આવે છે. માઉન્ટ એવરેસ્ટ ઉપર આવવં હવે લોકોમાં ફેશન થતી જાય છે. તેના કારણે એવરેસ્ટ તરફ ધસારો વધ્યો છે. અહીંયાના ડેથ ઝોનનું તાપમાન કાયમ શૂન્ય કરતા નીચું જ હોય છે. અહીંયા ૨૦૦ કરતા વધારે શબ પડયા છે. અહીંયા અતિશય ઠંડી હોવાના કારણે શબ સડતા નથી પણ લોકો તેને લઈ પણ જતા નથી : એવરેસ્ટથી શબ નીચે લાવવાનો અધધ ખર્ચ હોય છે. એક શબ નીચે લાવવા માટે ખાસ તાલિમ ધરાવતા શેરપાઓને મોકલવામાં આવે છે. તેનો ખર્ચ અંદાજે ૧.૧૫ લાખ ડોલર એટલે કે અંદાજે ૧.૧૫ કરોડ રૂપિયા જેટલો થાય છે. તે એવરેસ્ટ ચડવાના ખર્ચ કરતા અનેકગણો વધારે છે. તેના કારણે જ મોટાભાગના લોકોનો શબ આ સ્થળે મજબૂરીમાં છોડવામાં આવે છે : અહીંયા આવનારા પર્વતારોહકોમાં બે જોખમ રહેલા હોય છે. એક હાઈ અલ્ટિટયૂડ પલ્મોનરી એડીમા. આ કિસ્સામાં ફેફસાંમાં પાણી ભરાઈ જાય છે, શ્વાસ લેવામાં તકલીફ થાય છે. બીજી સમસ્યા છે હાઈ એલ્ટિલ્યૂડ સેરેબ્રલ એડીમા. તેમાં મગજમાં સોજો આવે છે અને ચેતાતંત્ર કામ કરતું અટકી જાય છે. તેમાં ધબકારા ૧૬૦ સુધી પહોંચી જાય છે. માંસપેશયો જકડાઈ જાય છે. આવા કિસ્સામાં ખાસ કરીને ડેથ ઝોનમાં પર્વતારોહક ફસાય તો ૧૬થી ૨૦ કલાક જ જીવતો રહે છે દુનિયાના સૌથી ઉંચા શિખર ગણાતા માઉન્ટ એવરેસ્ટ ઉપર જવું તે દરેક પર્વતારોહકનું સપનું હોય છે અને તેને પૂરું કરવા માટે દર વર્ષે હજારોની સંખ્યામાં લોકો ત્યાં આવતા હોય છે. અહીંયા તાજેતરમાં ૫૩ વર્ષના અરુણ કુમાર તિવારી અને ૪૭ વર્ષના સંદીપ અરે દ્વારા અનુક્રમે ૨૦ અને ૨૧ મેના રોજ એવરેસ્ટ શિખર સર કરવામાં આવ્યું હતું. તેઓ ત્યારબાદ નીચે આવતા હતા ત્યારે તેમની તબિયત લથડી અને તેમના મોત થયા. અહેવાલો પ્રમાણે અરુણ તિવારી જ્યેર ૮૭૯૦ મીટરની ઉંચાઈએ હિલેરી સ્ટેપ ઉપર પહોંચ્યા ત્યારે તેમની તબિયત લથડી હતી. શેરપાએ તેમને મદદ કરવાનો પ્રયાસ કર્યો પણ તે નિરર્થક સાબિત થયો. તેમનું મોત થઈ ગયું. જાણકારોના મતે તેમને હાઈ અલ્ટિટયૂડ પ્લોમનરી એડીમા થયો હતો. તેના કારણે તેમના ફેફસાંમાં પાણી ભરાઈ ગયું હશે અને તેમનું મોત થયું હશે.

બીજી તરફ સંદીપ અરે પણ ૨૦મેના રોજ એવરેસ્ટ પહોંચી ગયા હતા. ત્યાં પહોંચ્યા બાદ તેમને સ્નો બ્લાઈન્ડનેસ થઈ ગઈ હતી. તેમને કશું જ દેખાતું નહતું. તે વખત પાંચ શેરપા તેમને બચાવીને સાઉથ સમીટથી નીચે લઈ આવ્યા. થોડા જ સમયમાં તેમણે કેમ્પ-૨માં સારવાર દરમિયાન જીવ ગુમવ્યો હતો. આ પહેલાં ૧૧મેના રોજ ૨૦ વર્ષના ફુરા ગ્યાલ્જેન શેરપાએ જીવ ગુમાવ્યો હતો. પર્વતારોહણ દરમિયાન પગ લપસ્યો અને તેનું મોત થયું હતું. તેની પહેલાં ૧૦મી મેના રોજ બિજયા ઘિમિરે ખુંભુ પણ આઈસફોલમાં પડી ગયો અને તેનું મોત થયું. તે પહેલાં ૩ મેના રોજ કોલ્પા ડેંડે શેરપાનું પણ બેઝ કેમ્પ ઉપર પાછા ફરવા દરમિયાન મોત થયું હતું. હકિકત એ છે કે, દર વર્ષે હજારોની સંખ્યામાં લોકો માઉન્ટ એવરેસ્ટ સર કરવા આવે છે અને અનેક મુશ્કેલીઓ ભોગવે છે. કેટલાક લોકો માને છે કે, માઉન્ટ એવરેસ્ટ ઉપર આવવું હવે લોકોમાં ફેશન થતી જાય છે. તેના કારણે એવરેસ્ટ તરફ ધસારો વધ્યો છે. અહીંયાના ડેથ ઝોનનું તાપમાન કાયમ શૂન્ય કરતા નીચું જ હોય છે. અહીંયા ૨૦૦ કરતા વધારે શબ પડયા છે. અહીંયા અતિશય ઠંડી હોવાના કારણે શબ સડતા નથી પણ લોકો તેને લઈ પણ જતા નથી. અહીંયા ગ્રૂન બૂટ્સ અને સ્લીપિંગ બ્યૂટી શબ પણ પડેલા છે. એક અહેવાલ પ્રમાણે અહીંયા કર્મચારીઓ હોય છે અને તેઓ દરેક મોતની નોંધ કરે છે પણ શબ નીચે લાવવાની તસદી લેતા નથી. લોકોને તેનું સૌથી મોટું આશ્ચર્ય થાય છે. અહીંયા કચરાની સાથે સાથે ડેડબોડીની પણ ભરમાર થઈ ગઈ છે. એવરેસ્ટના શિખર ઉપર જવું જેટલું ખર્ચાળ છે તેટલું જ જોખમી પણ છે. તેમાંય અહીંયા દર વર્ષે પાંચથી દસ લોકોના મોત થતા જ હોય છે. આ તમામ ડેડ બોડી નીચે લાવવાનો ખર્ચ એવરેસ્ટ સર કરવાના ખર્ચ કરતા બમણાથી ત્રણ ગણો હોય છે. અરુણ કુમાર તિવારી જેમનું તાજેતરમાં જ એવરેસ્ટના ડેથ ઝોનમાં મોત થયું હતું તેમના પરિવારે શબ નીચે લાવવાની મનાઈ કરી દીધી હતી. શબ નીચે



લાવવામાં પડતી મુશ્કેલીઓ અને તેના અધધ ખર્ચને કારણે તેમણે આવું કર્યું હોય તેમ લાગી રહ્યું છે. અરુણકુમાર તિવારીના શબને નીચે લાવવા મથેલી કંપનીએ જણાવ્યું કે, એવરેસ્ટથી શબ નીચે લાવવાનો અધધ ખર્ચ હોય છે. એક શબ નીચે લાવવા માટે ખાસ તાલિમ ધરાવતા શેરપાઓને મોકલવામાં આવે છે. તેનો ખર્ચ અંદાજે ૧.૧૫ લાખ ડોલર એટલે કે અંદાજે ૧.૧૫ કરોડ રૂપિયા જેટલો થાય છે. તે એવરેસ્ટ ચડવાના ખર્ચ કરતા અનેકગણો વધારે છે. તેના કારણે જ મોટાભાગના લોકો શબ આ સ્થળે મજબૂરીમાં છોડવામાં આવે છે. જાણકારોના મતે એવરેસ્ટમાં ૮ હજાર મીટરની ઉપરના વિસ્તારને ડેથ ઝોન કહેવાય છે. સમુદ્રતળે જે હવાનું દબાણ ૧ હોય છે એવરેસ્ટના શિખર ઉપર માત્ર ૦.૩૩ હોય છે. ડેથ ઝોનમાં ઓક્સિજનનું સ્તર પણ ૫૦થી ૬૦ ટકાની વચ્ચે હોય છે. મોટાભાગે અહીંયા આવનારા પર્વતારોહકોમાં બે જોખમ રહેલા હોય છે. એક હાઈ અલ્ટિટયૂડ પલ્મોનરી એડીમા. આ કિસ્સામાં ફેફસાંમાં પાણી ભરાઈ જાય છે, શ્વાસ લેવામાં તકલીફ થાય છે. બીજી સમસ્યા છે હાઈ એલ્ટિલ્યૂડ સેરેબ્રલ એડીમા. તેમાં મગજમાં સોજો આવે છે અને ચેતાતંત્ર કામ કરતું અટકી જાય છે.

તેમાં ધબકારા ૧૬૦ સુધી પહોંચી જાય છે. પાચન બંધ થઈ જાય છે, ઉંઘ આવતી નથી, માંસપેશયો જકડાઈ જાય છે. આવા કિસ્સામાં ખાસ કરીને ડેથ ઝોનમાં પર્વતારોહક ફસાય તો ૧૬ થી ૨૦ કલાક જ જીવતો રહે છે. ઉલ્લેખનીય છે કે, નેપાળ આર્મીમાં રહેલા શેરપાઓના અનુભવોના આધારે થોડા સમય પહેલાં એક અહેવાલ આવ્યો હતો. તેમાં જણાવાયું હતું કે, ધરતીથી ૮૦૦૦થી ૯૦૦૦ મીટર ઉંચાઈ પણ ભયભીત કરનારી હોય છે. આ ઉંચાઈ ઉપર બે લોકો માત્ર ૮ કિલો ઓક્સિજનનું સિલિન્ડર લઈ જાય તો પણ તેમની સ્થિતિ ખરાબ થઈ જાય છે. તેમના માટે આ પણ મુશ્કેલ કામ હોય છે ત્યાં ૭૦ કે ૮૦ કિલો વજન ધરાવતું શબ નીચે લઈને આવવું લગભગ અશક્ય જેવું કામ છે. બીજી તરફ બરફ જામતો જાય છે તેથી જોતજોતામાં ૮૦નું ૧૦૦ કિલો વજન ક્યારે થઈ જાય છે તે સમજી શકાતું નથી. આ સંજોગોમાં તેને ત્યાં જ છોડી દેવામાં આવે છે. બીજી તરફ આ ઉંચાઈએ ડેથ ઝોનમાં હવા એટલી પાતળી હોય છે કે, હેલિકોપ્ટરના રોટર બ્લેડ યોગ્ય રીતે ચાલતા નથી. હેલિકોપ્ટર દ્વાર એવરેસ્ટના બેઝ-૨ કેમ્પ સુધી જ જઈ શકાય છે. તેનાથી આગળ જવામાં હેલિકોપ્ટર માટે જ ખતરો છે. બીજી વાત એવી છે કે, એવરેસ્ટ ઉપરથી શબ નીચે લાવવા માટે અંદાજે ૫૦૦૦૦ ડોલરથી બે લાખ ડોલર સુધીનો ખર્ચ થતો હોય છે. તેથી ભારતીય ચલણમાં જોઈએ તો અંદાજે ૫૦ લાખથી બે કરોડ સુધીનો ખર્ચ આવે છે. ઉલ્લેખનીય છે કે, કોલોરાડોના એક પર્વતારોહકે થોડા સમય પહેલાં સીબીસીને અહેવાલ આપતા જણાવ્યું હતું કે, અહીંયાથી જીવતા નીચે આવવું સદભાગ્ય છે. તેમાંય શબને નીચે ઉતારવું ખતરનાક અને ખર્ચાળ કામ છે. જો કે, ૨૦૧૭માં બંગાળ સરકાર દ્વારા એક વ્યક્તિનું શબ નીચે લાવવામાં આવ્યું હતું. તેની પાછળ અભિયાન પૂરું કરવામાં અંદાજે ૭૫ લાખ રૂપિયા ખર્ચ્યા હતા.

આ સિવાય શેરપાઓને પણ જીવનું જોખમ રહે છે. આજથી ચાલીસ વર્ષ પહેલાની પણ એક ઘટના અત્યારે પણ ચર્ચાય છે. તે સમયે જર્મનીના એક પર્વતારોહકને શારીરિક અને માનસિક પડકારનો સામનો કરવો પડે છે. તેવી જ રીતે શેરપાઓની પણ સ્થિતિ થતી હોય છે. ૧૯૮૪માં સ્થિતિ વધારે ખરાબ હતી. તે વખતે જર્મન પર્વતારોહીના શબને નીચે લાવવા અને સાચવવાના કામમાં બે શેરપાઓનાં મોત થયા હતા. તે ઉપરાંત ૨૦૧૯માં મેકાલુ પર્વત ઉપરથી શબને નીચે લાવવાના મિશન દરમિયાન એક નેપાળી સૈનિકને અલ્ટિટયૂડ સિકનેસ થઈ ગઈ હતી જેના કારણે અભિયાન અધુરું છોડવું પડયું હતું. બીજી મોટી અને ગંભીર બાબત એ છે કે, એવરેસ્ટમાં ચડાણ દરમિયાન સાનુકુળ વાતાવરણ થોડા સમય માટે જ મળે છે. મે મહિનામાં પરાણે બે અઠવાડિયા સીધું અને સારું હોય છે. ત્યારબાદ ૧૬૦ કિ.મી પ્રતિ કલાકની ઝડપે વધારેમાં વધારે પવન ફુંકાય છે. તે ઉપરાંત માઈનસ ૪૦ ડિગ્રીથી નીચે તાપમાન જતું રહે છે. સૂત્રોના મતે એવરેસ્ટ ઉપર જવા માટે ઘણા સમયથી ધસારો વધ્યો છે. તેમાંય નેપાળ પર્યટન વિભાગ દ્વારા ૨૦૨૬માં ૫૦૦ લોકોને પરવાનગી આપવામાં આવી હતી.

# હોર્મુઝની ખાડી અને યુરેનિયમ : ઈરાન-અમેરિકાની સમજૂતી સામે બે મુખ્ય પડકાર

**ઈરાન 70 વર્ષથી પરમાણુ હથિયારો બનાવવા પ્રયાસો કરે છે, પરંતુ એમાં સફળતા મળતી ન હતી. છેક ૨૦૦૨માં ઈરાને પરમાણુ હથિયારો માટે જરૂરી યુરેનિયમનો જથ્થો એકઠો કરી લીધો હોવાનો દાવો તે વખતના વિપક્ષોએ કર્યો હતો. તે સમયે તો ઈરાનના ગુપ્ત ન્યૂક્લિયર સાઈટની તસવીરો પણ સામે આવી હતી. ત્યારે પહેલી વખત આંતરરાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો ઉઠયો હતો. ઈઝરાયલે તેનો આંતરરાષ્ટ્રીય સ્તરે વિરોધ ઉઠાવ્યો હતો અને અમેરિકા એ વિરોધમાં જોડાયું હતું.**

ઈરાન 70 વર્ષથી પરમાણુ હથિયારો બનાવવા પ્રયાસો કરે છે, પરંતુ એમાં સફળતા મળતી ન હતી. છેક ૨૦૦૨માં ઈરાને પરમાણુ હથિયારો માટે જરૂરી યુરેનિયમનો જથ્થો એકઠો કરી લીધો હોવાનો દાવો તે વખતના વિપક્ષોએ કર્યો હતો. તે સમયે તો ઈરાનના ગુપ્ત ન્યૂક્લિયર સાઈટની તસવીરો પણ સામે આવી હતી. ત્યારે પહેલી વખત આંતરરાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો ઉઠયો હતો. ઈઝરાયલે તેનો આંતરરાષ્ટ્રીય સ્તરે વિરોધ ઉઠાવ્યો હતો અને અમેરિકા એ વિરોધમાં જોડાયું હતું. ઈરાને યુરેનિયમનો જથ્થો ભેગો કરવા માંડયો છે એની જાણકારી પહેલી વખત સામે આવી એ ઘડીએ જ ઈઝરાયલે એ પ્રોજેક્ટને તબાહ કરવા માટે તમામ કોશિશો શરૂ કરી દીધી હતી. પ્રોજેક્ટ સાથે સંકળાયેલા સાયન્ટિસ્ટ્સને વીણી વીણીને હત્યા કરવાનું ગુપ્ત ખતરનાક મિશન પણ એ સાથે જ હાથ ધરાયું હતું. તેના પરિણામે છેલ્લાં ૨૩ વર્ષમાં ઈરાનના ન્યૂક્લિયર પ્રોગ્રામ સાથે જોડાયેલા ૧૫ મોટા સાયન્ટિસ્ટ્સના જુદા જુદા કારણોથી, અલગ અલગ દેશોમાં મૃત્યુ થઈ ચૂક્યા છે. એમાં ઈરાનના ન્યૂક્લિયર પ્રોગ્રામના જનક જેને કહેવાય છે એ મોહસીન ફખ્રીઝાહેદનો પણ સમાવેશ થાય છે. આ તમામના રહસ્યમય મોત પાછળ ઈઝરાયલની જાસૂસી સંસ્થા મોસાદ પર આંગળી ચિંધવામાં આવે છે. ઈરાનના પરમાણુ પ્રોગ્રામ સામે ઈઝરાયલને શરૂઆતથી જ વિરોધ છે. સાયન્ટિસ્ટ્સની હત્યા ઉપરાંત પરમાણુ પ્રોગ્રામની સંભવિત સાઈટ પર ઈઝરાયલ વર્ષોથી હુમલા કરે છે. આટલા વર્ષોમાં એકથી વધુ વખત ઈઝરાયલે દાવો કર્યો છે કે તેમના હુમલામાં ઈરાનની ન્યૂક્લિયર સાઈટ સંપૂર્ણપણે તબાહ થઈ ગઈ છે અને યુરેનિયમના જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે. ઈઝરાયલને ડર છે કે જો ઈરાન ન્યૂક્લિયર બોમ્બ બનાવી લેશે તો એનું સરનામું ઈઝરાયલ હશે. ઈઝરાયલે આટલા વર્ષોમાં અમેરિકાને પણ એ વાત ગળે ઉતારી દીધી છે કે ઈરાન પરમાણુ બોમ્બ બનાવી લેશે તો અમેરિકા પણ સલામત રહેશે નહીં. ને એ જ કારણે ઈરાન પર વૈશ્વિક પ્રતિબંધો લાગ્યા હતા. વારંવાર અમેરિકા-ઈઝરાયલે ઈરાન પર પરમાણુ કરાર કરવા દબાણ કર્યું હતું. ઈરાન તેનો યુરેનિયમનો જથ્થો નાશ કરે એવી ડિમાન્ડ અમેરિકા કરતું આવે છે અને એ મુદ્દે અસંખ્ય વખત હુમલાની ધમકી પણ આપતું આવ્યું છે. આખરે એ જ મુદ્દે હુમલો થયો પણ ખરો. ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા-ઈઝરાયલે મળીને ઈરાન પર હુમલા શરૂ કર્યા ત્યારે એવી ગણતરી હતી કે અમુક કલાકોમાં મિશન પૂરું થઈ જશે. ચારેબાજુથી ઘેરાયેલું ઈરાન શરણે આવી જશે અને અમેરિકા આકરી શરતો મૂકીને પોતાની તરફેણમાં માહોલ બનાવી દેશે. પણ ગણતરી પ્રમાણેનું થયું નહીં. ઈરાનના સર્વોચ્ચ નેતાને ઉડાવી દીધા પછી તો ઈરાન લાંબું ટકશે નહીં એવા એનાલિસિસ થવા લાગ્યા હતા. ખામૈનીની હત્યા પછી ખુદ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વ્હાઈટ હાઉસમાંથી કહેતા હતા કે ઈરાનની સરકારને ઉખાડી ફેંકવા માટે વધુ ચાર દિવસ જોઈએ. ચાર-પાંચ દિવસમાં ઈરાન આત્મસમર્પણ કરી દેશે અને અમેરિકા ઈરાનમાં લોકશાહીથી ચાલતી સરકાર સ્થાપી દેશે. જોકે, આ નિવેદનો માત્ર ઠાલા દાવા જ સાબિત થયા. એ વાતને ત્રણ મહિના થઈ ગયા. ત્રણ મહિનામાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૩૦૦ નિવેદનો આપી ચૂક્યા છે. આજે યુદ્ધ પૂરું થશે, કાલે યુદ્ધ પૂરું થશે. આજે હુમલા કરીને ઈરાન પાસે આત્મ સમર્પણ કરાવીશું, કાલે ઈરાન ગરીબડું થઈને પાણીમાં બેસી જશે - આ બધા જ દાવાઓને ઈરાને ભરી પીધાં છે. એટલું જ નહીં, અમેરિકા-ઈઝરાયલને બબ્બે મોરચે જવાબ આપવા ઉપરાંત હોર્મુઝની ખાડી બંધ કરીને અમેરિકાને જ દાદાગીરી બતાવી દીધી. હોર્મુઝની ખાડી બંધ થઈ જતાં વૈશ્વિક વેપારને મોટો ફટકો પડયો. હોર્મુઝની ખાડીમાંથી વિશ્વનો ૨૫ ટકા વેપાર થાય છે. વેપારી જહાજો માટે જે મહત્ત્વના દરિયાઈ માર્ગો છે એમાં હોર્મુઝની ખાડી અગત્યનો છે. યુદ્ધ પહેલાં દરરોજ બે કરોડ બેરલ ક્રૂડ હોર્મુઝની ખાડીમાંથી પસાર થતા હતા. ભારત-ચીન જેવા વિશ્વના સૌથી મોટા ક્રૂડ આયાતકાર દેશો માટે તો હોર્મુઝની ખાડીના માધ્યમથી પહોંચતું ક્રૂડ અર્થતંત્ર માટે કરોડરજ્જુ છે. યુરિયાનો ૩૦ ટકા વેપાર આ માર્ગથી થાય છે. ઈરાન-અમેરિકાના યુદ્ધમાં હોર્મુઝની ખાડી બંધ થઈ તે ટર્નિંગ પોઈન્ટ બની રહ્યો. એક તરફ ઈરાનની



નાકાબંધી, બીજી તરફ અમેરિકાની આડસ અને વચ્ચે અનેક જહાજો ફસાઈ ગયા. એમાંથી ઘણાં જહાજો નીકળ્યા પણ ખરા. એક તબક્કે ૮૦૦ જહાજો હોર્મુઝની ખાડીમાં ફંસાઈ ગયા હતા. આવી પરિસ્થિતિ વચ્ચે ક્રૂડ અને ગેસના વેપારને મોટો ફટકો પડયો. ભારત જેવા દેશમાં ક્રૂડ બચાવવાની અપીલ કરવાની નોબલ આવી. અમેરિકામાં પેટ્રોલ અને ગેસના ભાવમાં ૫૦થી ૧૦૦ ટકા સુધીનો વધારો થયો. યુરોપના દેશોમાં મોંઘવારી ફાટી નીકળી. ઈનફેક્ટ, દુનિયાભરમાં આવી હાલત થઈ ગઈ છે. પરિણામે અમેરિકા પર શાંતિ કરારનું દબાણ વધ્યું. ખાડી દેશોનો ક્રૂડનો વેપાર અટકી ગયો છે. એનાથી ખાડી દેશો ઉપરાંત અમેરિકન કંપનીઓને પણ નુકસાન થઈ રહ્યું છે. ક્રૂડની મોટી કંપનીઓમાં અમેરિકન ધનપતિઓનું રોકાણ છે. જો આ વેપાર લાંબો વખત ઠપ રહે તો એને કરોડો ડોલરની ખોટ થાય. એ બધા પણ ટ્રમ્પને શાંતિકરાર માટે પ્રેશર કરી રહ્યા છે. ટ્રમ્પ એક દિવસે શાંતિકરાર હાથવેંતમાં હોવાનો દાવો કરે ને બીજા દિવસે ક્યાંક ધમાકા કરે એવુંય બનતું રહ્યું છે. ઘણાં ડિફેન્સ એક્સપર્ટ્સ કહે છે કે આ યુદ્ધ અત્યારે અટકશે નહીં, હજુ લાંબું ચાલશે. અચાનક યુદ્ધવિરામ અને એકાએક હુમલાના સિલસિલા વચ્ચે ભલે આ વાત સાચી લાગતી હોય, તેમ છતાં હવે હોર્મુઝની ખાડી લાંબો વખત બંધ રહે તે કોઈને પરવડે તેમ નથી. ટ્રમ્પે દાવો કર્યો કે ટૂંક સમયમાં હોર્મુઝની ખાડી ખુલી જશે. બંને દેશો વચ્ચે શાંતિકરારનો ડ્રાફ્ટ તૈયાર થઈ ગયો છે. વાટાઘાટો એકથી વધુ વખત પડી ભાંગી છે એનું કારણ છે ઈરાનની શરતો. ઈરાન હવે હોર્મુઝની ખાડીનો કબજો મેળવવાની શરત મૂકે છે. અમેરિકા એ શરત સ્વીકારે તો દુનિયામાં ફ્રી નેવિગેશનના નિયમોનો ફૂરચા ઉડી જાય. અત્યારે કુદરતી નહેર કે કુદરતી જળમાર્ગમાં ટોલ વસૂલી શકાતો નથી. પનામા કે સુએઝ જેવી કૃત્રિમ નહેરો જ જહાજો પાસેથી એવો ચાર્જ વસૂલી શકે છે. જો એક વખત કુદરતી નહેર પર ટોલ વસૂલીનો કોઈ એક દેશને પરવાનો મળી જાય તો પછી ઘણાં દેશો એ ધંધો શરૂ કરી શકે તેવી ભીતિ છે. બીજો મુદ્દો છે યુરેનિયમ. ઈરાન એકથી વધુ વખત સ્પષ્ટતા કરી ચૂક્યું છે કે યુરેનિયમનો મુદ્દો કરારમાં સામેલ નથી. યુરેનિયમનો જથ્થો સોંપી દેવાનો કે યુરેનિયમનો જથ્થો ન વધારવો એ શરત જો ઈરાન ન સ્વીકારે તો પછી અમેરિકા માટે આ યુદ્ધ માત્ર ધડાકા-ભડાકા કરવા સિવાય કોઈ પરિણામ આપવાનું બની રહે નહીં. ઈરાન હોર્મુઝની ખાડીની સ્વતંત્રતા તો સ્વીકારી પણ લેશે, પણ એના માટે યુરેનિયમનો મુદ્દો નેગોશિએશનના ટેબલ પર મૂકશે. અંતે અમેરિકા માટે - ક્યાં ગયા હતા? તો કે ક્યાંય નહીં - જેવો ઘાટ થશે.

ઈરાન 70 વર્ષથી પરમાણુ હથિયારો બનાવવા પ્રયાસો કરે છે, પરંતુ એમાં સફળતા મળતી ન હતી. છેક ૨૦૦૨માં ઈરાને પરમાણુ હથિયારો માટે જરૂરી યુરેનિયમનો જથ્થો એકઠો કરી લીધો હોવાનો દાવો તે વખતના વિપક્ષોએ કર્યો હતો. તે સમયે તો ઈરાનના ગુપ્ત ન્યૂક્લિયર સાઈટની તસવીરો પણ સામે આવી હતી. ત્યારે પહેલી વખત આંતરરાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો ઉઠયો હતો. ઈઝરાયલે તેનો આંતરરાષ્ટ્રીય સ્તરે વિરોધ ઉઠાવ્યો હતો અને અમેરિકા એ વિરોધમાં જોડાયું હતું. ઈરાને યુરેનિયમનો જથ્થો ભેગો કરવા માંડયો છે એની જાણકારી પહેલી વખત સામે આવી એ ઘડીએ જ ઈઝરાયલે એ પ્રોજેક્ટને તબાહ કરવા માટે તમામ કોશિશો શરૂ કરી દીધી હતી. પ્રોજેક્ટ સાથે સંકળાયેલા સાયન્ટિસ્ટ્સને વીણી વીણીને હત્યા કરવાનું ગુપ્ત ખતરનાક મિશન પણ એ સાથે જ હાથ ધરાયું હતું. તેના પરિણામે છેલ્લાં ૨૩ વર્ષમાં ઈરાનના ન્યૂક્લિયર પ્રોગ્રામ સાથે જોડાયેલા ૧૫ મોટા સાયન્ટિસ્ટ્સના જુદા જુદા કારણોથી, અલગ અલગ દેશોમાં મૃત્યુ થઈ ચૂક્યા છે. એમાં ઈરાનના ન્યૂક્લિયર પ્રોગ્રામના જનક જેને કહેવાય છે એ મોહસીન ફખ્રીઝાહેદનો પણ સમાવેશ થાય છે. આ તમામના રહસ્યમય મોત પાછળ ઈઝરાયલની જાસૂસી સંસ્થા મોસાદ પર આંગળી ચિંધવામાં આવે છે. ઈરાનના પરમાણુ પ્રોગ્રામ સામે ઈઝરાયલને શરૂઆતથી જ વિરોધ છે. સાયન્ટિસ્ટ્સની હત્યા ઉપરાંત પરમાણુ પ્રોગ્રામની સંભવિત સાઈટ પર ઈઝરાયલ વર્ષોથી હુમલા કરે છે. આટલા વર્ષોમાં એકથી વધુ વખત ઈઝરાયલે દાવો કર્યો છે કે તેમના હુમલામાં ઈરાનની ન્યૂક્લિયર સાઈટ સંપૂર્ણપણે તબાહ થઈ ગઈ છે અને યુરેનિયમના જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે. ઈઝરાયલને ડર છે કે જો ઈરાન ન્યૂક્લિયર બોમ્બ બનાવી લેશે તો એનું સરનામું ઈઝરાયલ હશે. ઈઝરાયલે આટલા વર્ષોમાં અમેરિકાને પણ એ વાત ગળે ઉતારી દીધી છે કે ઈરાન પરમાણુ બોમ્બ બનાવી લેશે તો અમેરિકા પણ સલામત રહેશે નહીં. ને એ જ કારણે ઈરાન પર વૈશ્વિક પ્રતિબંધો લાગ્યા હતા. વારંવાર અમેરિકા-ઈઝરાયલે ઈરાન પર પરમાણુ કરાર કરવા દબાણ કર્યું હતું. ઈરાન તેનો યુરેનિયમનો જથ્થો નાશ કરે એવી ડિમાન્ડ અમેરિકા કરતું આવે છે અને એ મુદ્દે અસંખ્ય વખત હુમલાની ધમકી પણ આપતું આવ્યું છે. આખરે એ જ મુદ્દે હુમલો થયો પણ ખરો. ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા-ઈઝરાયલે મળીને ઈરાન પર હુમલા શરૂ કર્યા ત્યારે એવી ગણતરી હતી કે અમુક કલાકોમાં મિશન પૂરું થઈ જશે. ચારેબાજુથી ઘેરાયેલું ઈરાન શરણે આવી જશે અને અમેરિકા આકરી શરતો મૂકીને પોતાની તરફેણમાં માહોલ બનાવી દેશે. પણ ગણતરી પ્રમાણેનું થયું નહીં. ઈરાનના સર્વોચ્ચ નેતાને ઉડાવી દીધા પછી તો ઈરાન લાંબું ટકશે નહીં એવા એનાલિસિસ થવા લાગ્યા હતા. ખામૈનીની હત્યા પછી ખુદ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વ્હાઈટ હાઉસમાંથી કહેતા હતા કે ઈરાનની સરકારને ઉખાડી ફેંકવા માટે વધુ ચાર દિવસ જોઈએ. ચાર-પાંચ દિવસમાં ઈરાન આત્મસમર્પણ કરી દેશે અને અમેરિકા ઈરાનમાં લોકશાહીથી ચાલતી સરકાર સ્થાપી દેશે. જોકે, આ નિવેદનો માત્ર ઠાલા દાવા જ સાબિત થયા. એ વાતને ત્રણ મહિના થઈ ગયા. ત્રણ મહિનામાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૩૦૦ નિવેદનો આપી ચૂક્યા છે. આજે યુદ્ધ પૂરું થશે, કાલે યુદ્ધ પૂરું થશે. આજે હુમલા કરીને ઈરાન પાસે આત્મ સમર્પણ કરાવીશું, કાલે ઈરાન ગરીબડું થઈને પાણીમાં બેસી જશે - આ બધા જ દાવાઓને ઈરાને ભરી પીધાં છે. એટલું જ નહીં, અમેરિકા-ઈઝરાયલને બબ્બે મોરચે જવાબ આપવા ઉપરાંત હોર્મુઝની ખાડી બંધ કરીને અમેરિકાને જ દાદાગીરી બતાવી દીધી. હોર્મુઝની ખાડી બંધ થઈ જતાં વૈશ્વિક વેપારને મોટો ફટકો પડયો. હોર્મુઝની ખાડીમાંથી વિશ્વનો ૨૫ ટકા વેપાર થાય છે. વેપારી જહાજો માટે જે મહત્ત્વના દરિયાઈ માર્ગો છે એમાં હોર્મુઝની ખાડી અગત્યનો છે. યુદ્ધ પહેલાં દરરોજ બે કરોડ બેરલ ક્રૂડ હોર્મુઝની ખાડીમાંથી પસાર થતા હતા. ભારત-ચીન જેવા વિશ્વના સૌથી મોટા ક્રૂડ આયાતકાર દેશો માટે તો હોર્મુઝની ખાડીના માધ્યમથી પહોંચતું ક્રૂડ અર્થતંત્ર માટે કરોડરજ્જુ છે. યુરિયાનો ૩૦ ટકા વેપાર આ માર્ગથી થાય છે. ઈરાન-અમેરિકાના યુદ્ધમાં હોર્મુઝની ખાડી બંધ થઈ તે ટર્નિંગ પોઈન્ટ બની રહ્યો. એક તરફ ઈરાનની નાકાબંધી, બીજી તરફ અમેરિકાની આડસ અને વચ્ચે અનેક જહાજો ફસાઈ ગયા. એમાંથી ઘણાં જહાજો નીકળ્યા પણ ખરા. એક તબક્કે ૮૦૦ જહાજો હોર્મુઝની ખાડીમાં ફંસાઈ ગયા હતા. આવી પરિસ્થિતિ વચ્ચે ક્રૂડ અને ગેસના વેપારને મોટો ફટકો પડયો. ભારત જેવા દેશમાં ક્રૂડ બચાવવાની અપીલ કરવાની નોબલ આવી. અમેરિકામાં પેટ્રોલ અને ગેસના ભાવમાં ૫૦થી ૧૦૦ ટકા સુધીનો વધારો થયો. યુરોપના દેશોમાં મોંઘવારી ફાટી નીકળી. ઈનફેક્ટ, દુનિયાભરમાં આવી હાલત થઈ ગઈ છે. પરિણામે અમેરિકા પર શાંતિ કરારનું દબાણ વધ્યું. ખાડી દેશોનો ક્રૂડનો વેપાર અટકી ગયો છે. એનાથી ખાડી દેશો ઉપરાંત અમેરિકન કંપનીઓને પણ નુકસાન થઈ રહ્યું છે. ક્રૂડની મોટી કંપનીઓમાં અમેરિકન ધનપતિઓનું રોકાણ છે. જો આ વેપાર લાંબો વખત ઠપ રહે તો એને કરોડો ડોલરની ખોટ થાય. એ બધા પણ ટ્રમ્પને શાંતિકરાર માટે પ્રેશર કરી રહ્યા છે. ટ્રમ્પ એક દિવસે શાંતિકરાર હાથવેંતમાં હોવાનો દાવો કરે ને બીજા દિવસે ક્યાંક ધમાકા કરે એવુંય બનતું રહ્યું છે. ઘણાં ડિફેન્સ એક્સપર્ટ્સ કહે છે કે આ યુદ્ધ અત્યારે અટકશે નહીં, હજુ લાંબું ચાલશે. અચાનક યુદ્ધવિરામ અને એકાએક હુમલાના સિલસિલા વચ્ચે ભલે આ વાત સાચી લાગતી હોય, તેમ છતાં હવે હોર્મુઝની ખાડી લાંબો વખત બંધ રહે તે કોઈને પરવડે તેમ નથી. ટ્રમ્પે દાવો કર્યો કે ટૂંક સમયમાં હોર્મુઝની ખાડી ખુલી જશે. બંને દેશો વચ્ચે શાંતિકરારનો ડ્રાફ્ટ તૈયાર થઈ ગયો છે. વાટાઘાટો એકથી વધુ વખત પડી ભાંગી છે એનું કારણ છે ઈરાનની શરતો. ઈરાન હવે હોર્મુઝની ખાડીનો કબજો મેળવવાની શરત મૂકે છે.

પાક્કો ગુજરાત

મંગળવાર | 02 જૂન 2026 | અમદાવાદ

# દિલ્હી-મુંબઈ કોરિડોરથી લઈને એરપોર્ટ, GIDC અને નવી રેલવે લાઇન સુધીના પ્રોજેક્ટો સામે આદિવાસી ખેડૂતોનો મોરચો

## 14 ગામોના અસરગ્રસ્ત ખેડૂતોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી 8 જૂનથી આમરણ ઉપવાસની ચીમકી ઉચ્ચારી



ઝાલોદ, પંકજ પંડિત

ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના દિલ્હી-મુંબઈ કોરિડોર હાઈવેથી અસરગ્રસ્ત 14 ગામોના આદિવાસી ખેડૂત ખાતેદારોએ પ્રાંત અધિકારી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ ઝાલોદને બે અલગ-અલગ આવેદનપત્રો આપી પોતાની વિવિધ માંગણીઓનો તાત્કાલિક નિકાલ લાવવાની માંગ કરી છે. ખેડૂતોનું કહેવું છે કે કોરિડોર હાઈવે માટે જમીન સંપાદન બાદ ચાર વર્ષ વીતી ગયા હોવા છતાં મૂળભૂત સુવિધાઓ અને બાકી રહેલા વળતરની સમસ્યાઓનો કોઈ ઉકેલ આવ્યો નથી. ખેડૂતોએ આવેદનમાં જણાવ્યું છે કે અગાઉ નેશનલ હાઈવે ઓથોરિટી અને તંત્ર દ્વારા લેખિત બાંહેધરી આપવામાં આવી હોવા છતાં તેમની એકપણ મુખ્ય માંગણી સંતોષવામાં આવી નથી. જેના કારણે હવે તેઓ આંદોલનનો માર્ગ અપનાવવા મજબૂર બન્યા છે. ખેડૂતોએ માંગ કરી છે કે તા. 3 જૂન, 2026ના રોજ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં નેશનલ હાઈવે ઓથોરિટી તથા સંબંધિત તમામ વિભાગોના અધિકારીઓની હાજરીમાં વિશેષ બેઠક યોજવામાં આવે. બેઠક દરમિયાન ખેડૂતોની માંગણીઓ અંગે થયેલી કામગીરીની સ્પષ્ટ માહિતી આપવામાં આવે અને સ્થળ પર નિરીક્ષણ કરીને પ્રશ્નોનો નિકાલ લાવવામાં આવે.

આવેદનપત્રમાં ખેડૂતો દ્વારા અનેક ગંભીર મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા છે. જેમાં હાઈવેના કારણે તોડી પાડવામાં આવેલા મકાનોના સ્થાને નવા મકાનોમાં છેલ્લા ચાર વર્ષથી વીજ કનેક્શન ન મળવાનો મુદ્દો મુખ્ય છે. ખેડૂતોનું કહેવું છે કે વીજળીના અભાવે બાળકોના અભ્યાસ પર પણ ગંભીર અસર પડી રહી છે. તે ઉપરાંત વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી ખેતરોમાં પાકને નુકસાન થઈ રહ્યું છે અને રહેણાંક મકાનોમાં પાણી ભરાવાની સમસ્યા ઉભી થઈ રહી છે.

વસ્તી ગણતરીના ફોર્મમાં SC, ST, OBC, General અને અન્ય - 5 સ્પષ્ટ વિકલ્પ ઉમેરવામાં આવે

# 2027ની વસ્તી ગણતરીમાં OBC કોલમની માંગ સાથે આવેદનપત્ર અપાયું

દેવગઢ બારીઆ, જાબીર શુક્લા

2027માં શરૂ થનાર જાતિ આધારિત વસ્તી ગણતરીમાં OBC/અન્ય પછાતવર્ગનો અલગ કોલમ ઉમેરવાની માંગ સાથે આજે સોમવાર, 01/06/2026 ના રોજ દેવગઢ બારિયા માંધાતા સર્કલ ખાતે સર્વે કોળી સમાજ અને OBC સમાજના આગેવાનો મોટી સંખ્યામાં એકઠા થઈ પ્રાંત અધિકારી ને તથા વસ્તી ગણતરી અધિકારી મામલાદાર દેવગઢબારિયા ને આવેદનપત્ર સુપરત કર્યું.

અખિલ ભારતીય કોળી સમાજ (રજી.) ન્યુ દિલ્હી, જિલ્લો દાહોદના પ્રમુખ સુરસિંહ હિરાભાઈ ચૌહાણ અને તાલુકા પ્રમુખ નિર્મળસિંહ ચૌહાણ ના નેતૃત્વ હેઠળ સોંપાયેલા આવેદનપત્રમાં જણાવાયું છે કે વસ્તી ગણતરીના પ્રારૂપ ફોર્મમાં હાલ માત્ર SC અને ST માટે જ વિકલ્પ છે. 1931 પછી દેશમાં OBCની જાતિવાર ગણતરી થઈ નથી. બંધારણની કલમ-340 મુજબ OBCના શૈક્ષણિક અને સામાજિક ઉત્થાન માટે સાચો ડેટા જરૂરી છે.

વસ્તી ગણતરીના ફોર્મમાં SC, ST, OBC, General અને અન્ય - આ 5 સ્પષ્ટ વિકલ્પ ઉમેરવામાં આવે. OBC માટે અલગ કોલમ સાથે પેટા જાતિ મુજબ વિગતવાર નોંધણીની સુવિધા આપવામાં આવે. જો OBC કોલમ નહીં ઉમેરાય તો સમાજ સ્વૈચ્છિક રીતે જનગણનાથી દૂર રહેશે. આગેવાનોએ જણાવ્યું કે OBC વસ્તી



દેશમાં સૌથી વધુ હોવા છતાં પ્રતિનિધિત્વ અને સામાજિક આર્થિક હક્કોથી વંચિત છે. સરકાર OBCની ગણતરી માટે તાત્કાલિક સુધારો કરે તેવી માંગ સાથે રાજ્ય સરકારને પણ જાણ કરવાની અપેક્ષા વ્યક્ત કરી. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ આગેવાનોએ એક જ અવાજે કહ્યું કે 'સમાજની એકતા અને અખંડિતતા જળવાય અને OBCની સાચી ગણતરી થાય તે અમારો ઉદ્દેશ છે.'

# ભરૂચમાં શ્વાનના મોઢામાં નવજાતનો મૃતદેહ મળ્યો : પોલીસે તપાસ શરૂ કરી

## તાજા જન્મેલા બાળકનો ત્યજી દેવાયેલો મૃતદેહ

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ શહેરમાં એક કરુણ ઘટના સામે આવી છે, જ્યાં રોટરી ક્લબ પાછળ આવેલા મારવાડી ટેકરા ચોક વિસ્તારમાંથી તાજા જન્મેલા નવજાત બાળકનો ત્યજી દેવાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગતરોજ સાંજે ધોળીકુઈ બજાર રાવળીયાવાડ ટેકરા ખાતે રહેતા અને મારવાડી ટેકરા ચોક પાસે જનરલ સ્ટોર ચલાવતા મુનાફ અબ્દુલ રહેમાન સૈયદ પોતાના ધંધા પર હાજર હતા. તે દરમિયાન તેમણે એક શ્વાનને તેના મોઢામાં કંઈક લઈને રોટરી ક્લબ તરફથી આવતા જોયો.

શ્વાન નજીક આવતા વેપારીની નજર પડતાં તેમણે શ્વાનને ભગાડ્યો. ત્યારબાદ જોતા તેમને જાણ થઈ કે શ્વાનના મોઢામાં તાજું જન્મેલું નવજાત બાળક હતું. આ નવજાત બાળક અર્ધવિકસિત હાલતમાં મૃત હોવાનું સામે આવ્યું હતું. આ ઘટનાની જાણ થતાં આસપાસના લોકો મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા અને નિર્દોષ જીવને જન્મ મળતાંની સાથે જ ત્યજી દેવાયો હોવાની આશંકાએ લોકોની આંખો ભીની થઈ ગઈ હતી.

સ્થાનિકોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી, જેના પગલે પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે નવજાતના મૃતદેહનો કબજો લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસમાં કોઈ અજાણ્યા મહિલા કે પુરુષ દ્વારા નવજાતના મૃતદેહને છુપાવવા અથવા તેનો નિકાલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પોલીસે અજાણ્યા મહિલા-પુરુષ વિરુદ્ધ ગુનો નોંધી સમગ્ર મામલે સઘન તપાસ શરૂ કરી છે.

શિકારી ખુદ શિકાર હો ગયા...!!

# નડિયાદ ટાઉન પોલીસ મથકના કુખ્યાત 'વહીવટદાર' સુભાષ નાવીની બદલીથી ભારે ચર્ચા

નડિયાદ

પોલીસ બેડામાં કાવા-દાવા, આંતરિક ખટપટો અને કાવતરા ઘડવામાં માહેર ગણાતા નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનના એ.એસ. આઈ. (ASI) સુભાષ મોહનલાલ નાવીની અચાનક બદલી થતાં સમગ્ર જિલ્લાના પોલીસ આલમમાં અને નડિયાદ પંથકમાં ભારે ગરમાવો આવી ગયો છે. વર્ષોથી એક જ વિસ્તારમાં પોતાનો દબદબો રાખનારા અને 'વહીવટદાર' તરીકે છાપ ધરાવતા સુભાષ નાવી માટે અત્યારે લોકમુખે એક જ ચર્ચા સાંભળવા મળી રહી છે કે– 'શિકારી



ખુદ શિકાર હો ગયા...!!'

નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુભાષ મોહનલાલ નાવી કોઈ પરિચયનો મહોતાજ નથી. પોલીસ યુનિફોર્મની આડમાં પોતાની અનોખી 'વહીવટી શૈલી' માટે તેઓ પંકાયેલા છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર: કાવતરાના કિંગ: પોતાની સામે આવતા પ્રત્યેક અવરોધને હટાવવા માટે કાવા-દાવા અને આંતરિક કાવતરાં રચવામાં તેઓ રીઢા ખેલાડી ગણાય છે.

વહીવટદારની છાપ: ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારના કેટલાય મહત્વના આર્થિક અને જમીની વ્યવહારોમાં તેમની કથિત ભૂમિકા હંમેશા ચર્ચાના કેન્દ્રમાં રહી છે.

અભિમાનનો ગઢ તૂટ્યો: જે ખુરશી અને પાવરના જોરે તેઓ બીજાને મુશ્કેલીમાં મૂકતા હતા, આજે એ જ સત્તાના સમીકરણો પલટાઈ જતાં તેઓ પોતે જ કાયદાકીય કે વહીવટી સકંજામાં આવી ગયા હોવાની ચર્ચા છે.

નડિયાદના સ્થાનિક વર્તુળો અને પોલીસ બેડામાં ચાલતી ચર્ચાઓ મુજબ, સુભાષ નાવીની આ બદલી કોઈ સામાન્ય કે રૂટિન વહીવટી પ્રક્રિયા નથી.

સૂત્રોનું માનીએ તો: 'તેમના અતિશય વધી ગયેલા કાવા-દાવા અને ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચેલી ગંભીર ફરિયાદો બાદ આકરી કાર્યવાહીના ભાગરૂપે આ પગલું ભરવામાં આવ્યું છે.

# થરાદના નાનામેસરામાં રસ્તા વચ્ચે તળાવ બનાવતા ખેડૂતો હેરાન

થરાદ, રાજેશભાઈ જોષી

થરાદના નાનામેસરા ગામમાં એક ખેડૂતે આગળ બીજા ખેડૂતના ખેતરે જવાના રસ્તામાં ખેત તલાવડી બનાવી દેતાં આગળ ખેતર વાળા ખેડૂતો ને હાલાકી. થરાદના છેવાડાના નાનામેસરા ગામમાં હકમાભાઈ પ્રજાપતિ એ તેમના ખેતરે જવાના રસ્તા વચ્ચે અન્ય એક ખેડૂતે ખેત તલાવડી બનાવી દીધી હોવાના આક્ષેપો કર્યા છે જોકે હકમાભાઈએ જણાવ્યું હતું કે અમારા ખેતરે જવાના રસ્તા વચ્ચે અન્ય ખેડૂતે ખેત તલાવડી બનાવી દીધી હતી. જેને લઈ આ હકમાભાઈએ કોર્ટમાં દાવો દાખલ કર્યો હોવાનું જણાવ્યું હતું જોકે આ ખેડૂતે કોર્ટની



ઉપરવટ થઈ ને પણ આ ખેત તલાવડીમાં પાણી ભરી દીધું હોવાનું હકમાભાઈએ જણાવ્યું હતું. હમણાં થોડા દિવસ અગાઉ પણ થરાદના કરણપુરા ગામમાં ખેત તલાવડીમાં ડૂબી જવાથી બે યુવકો ના મોત થયા ની ઘટના ચર્ચિત હતી ત્યારે હકમાભાઈ એ પણ ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે અમારે પણ બાળકો નાના છે અને અન્ય આજુબાજુના લોકોને પણ બાળકો નાના છે અને આમ આ લોકોએ રસ્તા વચ્ચે ખેત તલાવડી બનાવી દીધી છે જેથી અમને પણ ડર લાગે છે કે કોઈ અનિચ્છનીય બનાવ બની શકે છે ત્યારે સત્વરે આનો નિરાકરણ લાવવા માંગ ઉઠી છે.

# સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના ગાંભોઈ ખાતે LCB ટીમે બિયર સાથે બે આરોપીને ઝડપ્યા

ઈડર, જાકીર મેમણ

LCBએ ગાંભોઈમાં બિયર સાથે બે ઝડપ્યા ઈકોમાંથી 264 ટીન બિયરમળ્યા, પાંચ સામે ગુનો નોંધાયો સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગાંભોઈ ખાતે LCB ટીમે નાકાબંધી કરી હતી. પોલીસે એક ઈકો ગાડીમાંથી 264 બિયરના ટીન સાથે બે ઈસમોને ઝડપી પાડ્યા હતા. આ મામલે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં કુલ પાંચ આરોપીઓ સામે ગુનો નોંધવામાંઆવ્યોછે.સાબરકાંઠા LCB PI ડી.સી. સાકરિયાએ જણાવ્યું હતું કે, LCB ટીમ ગાંભોઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશન વોચ પેટ્રોલીંગ કરી રહી હતી. તે દરમિયાન નરેન્દ્રભાઈને બાતમી મળી હતી કે, ચાર ઈસમો સફેદ



કલરની મારૂતિ ઈકો ગાડી (નંબર-GJ-18-BE-3340) માં બિયર ભરી ભીલોડા થઈ હિંમતનગર હાઈવે રોડ પરથી અમદાવાદ તરફ જવાના છે.

આ બાતમીના આધારે LCB ટીમે ગાંભોઈ ઓવરબ્રિજ નીચે, ગાંભોઈ પોલીસ સ્ટેશન સામે નાકાબંધી કરી હતી. બાતમીવાળી ગાડી આવતા તેને રોકવાનો ઈશારો કરાયો હતો, પરંતુ ગાડીનાચાલકે ગાડી ઉભી રાખી ન હતી અને થોડે આગળ જઈ ગાડી મૂકી દઈ તેમાં બેઠેલા ઈસમો ભાગવા લાગ્યા હતા.

પોલીસે પીછો કરીને તેમાંથી બે ઈસમોને પકડી પાડ્યા હતા, જ્યારે ગાડીનો ચાલક અને તેની બાજુમાં બેઠેલો અન્ય એક ઈસમ નાસી છૂટ્યા હતા.પકડાયેલી ઈકો ગાડીની તપાસ કરતા તેમાંથી 11 બિયરની પેટીઓમાં કુલ 264 ટીન બિયર મળી આવ્યા હતા, જેની કિંમત 58,080 રૂપિયા છે. આ ઉપરાંત, 9,000 રૂપિયાના ત્રણ મોબાઈલ ફોન અને 3,00,000 રૂપિયાની ઈકો ગાડી મળી કુલ 3,67,080 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.પકડાયેલા આરોપીઓમાં વિજયનગરના વણધોલનો રહેવાસી 30 વર્ષીય મયુર સાંજાજી ફુલાજી કટારા રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના ખેરવડાનો રહેવાસી 28 વર્ષીય શંકરલાલ કલાજી મંજી પરમારનો સમાવેશ થાય છે. આ કેસમાં ફરાર થયેલા આરોપીઓમાં ખેરવાડાનો મનોજ મગનલાલ દરંગા, વણધોલનો પ્રકાશ લક્ષ્મણભાઈ કટારા અને અમદાવાદ ખાતે બિયર લેવા આવનાર એક અજાણ્યો ઈસમ સામેલ છે.

# ગોધરા જહુરપુરામાં દુર્ઘટના : શોર્ટ સર્કિટની આશંકા વચ્ચે આગ ઓલવવા ફાયર ફાઈટરોની ભારે મશક્કત



ગોધરા, ફિરદોસ ગુણીયા

ગોધરા શહેરના જહુરપુરા શાક માર્કેટ વિસ્તારમાં વહેલી સવારે 'સુરેન્દ્ર ગૃહ ઉદ્યોગ' નામની કરિયાણાની દુકાનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આ ભીષણ આગ જોતજોતામાં બાજુની અન્ય એક દુકાનમાં પણ પ્રસરી ગઈ હતી, જેને પગલે બજારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ગોધરા નગરપાલિકાના ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક કાફલા સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયરકર્મીઓએ ભારે મશક્કત બાદ પાણીનો સતત મારો ચલાવીને આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ દુકાનમાં રાખેલો તમામ કરિયાણાનો સામાન બળીને ખાખ થઈ જતાં વેપારીને મોટું આર્થિક નુકસાન થયું છે. હાલમાં આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી.

# પંચમહાલમાં PM મોદીના 12 વર્ષના સફળ કાર્યકાળની ભવ્ય ઉજવણી

## પર્યાવરણ દિવસથી યોગ દિવસ સુધી યોજાશે વિવિધ લોકકલ્યાણ કાર્યક્રમો

ગોધરા, સેહજાદ પઠાણ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૧૨ વર્ષના સફળ અને ગૌરવશાળી કાર્યકાળ પૂર્ણ થવાના અવસરે પંચમહાલ જિલ્લામાં વ્યાપક જનભાગીદારી સાથે વિવિધ લોકકલ્યાણ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૦૫/૦૬/૨૦૨૬ (વિશ્વ પર્યાવરણ દિવસ) થી શરૂ થઈને તા. ૨૧/૦૬/૨૦૨૬ (વિશ્વ યોગ દિવસ) સુધી ચાલનારા આ ત્રિવેણી મહોત્સવના સુચારુ સંકલન માટે જિલ્લા કલેક્ટર શ્રી અજય દહિયાની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય વીડિયો કોન્ફરન્સ બેઠક યોજાઈ હતી.

આ વિશેષ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય પંચમહાલ જિલ્લાના નાગરિકો, લોકપ્રતિનિધિઓ, યુવા વિદ્યાર્થીઓ, સમાજના અગ્રણીઓ અને વિવિધ વર્ગોને સરકારની વિકાસયાત્રામાં સક્રિયપણે જોડવાનો છે. જિલ્લા કલેક્ટરશ્રીએ સરકારના વિવિધ વિભાગોના આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ પ્રોજેક્ટો, યાત્રાધામો, પ્રવાસન સ્થળો, શૈક્ષણિક સંસ્થાઓ અને સહકારી પ્રવૃત્તિઓ આધારિત કાર્યક્રમોના સચોટ અમલીકરણ માટે ખાસ નોડલ અધિકારીઓની નિમણૂંક કરી છે.



આ મહોત્સવ અંતર્ગત સમગ્ર પંચમહાલ જિલ્લામાં નીચે મુજબના મહત્વપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે:

પ્રગતિપથ યાત્રા: જિલ્લામાં વિકાસલક્ષી પ્રવૃત્તિઓને વેગ આપવા માટે વિશેષ યાત્રાનું ભ્રમણ. સ્વચ્છતા અભિયાન: જનજાગૃતિ અર્થે સમગ્ર જિલ્લામાં વ્યાપક સફાઈ ઝુંબેશ.

વિકસિત ભારત સંકલ્પ સંમેલન: પ્રબુદ્ધ નાગરિકો સાથે રાષ્ટ્રના વિકાસ અંગે સંવાદ.

પ્રદર્શની અને શિબિરો: સરકારની ઐતિહાસિક સિદ્ધિઓની પ્રદર્શની, જનકલ્યાણ શિબિર અને પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપતી કાર્યશાળાઓ.

વિશ્વ યોગ દિવસ: ૨૧મી જૂને સામૂહિક યોગ સાધનાનો ભવ્ય કાર્યક્રમ. બેઠકના અંતે જિલ્લા કલેક્ટરશ્રીએ તમામ વિભાગના અધિકારીઓને સમયબદ્ધ આયોજન અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ મહત્વપૂર્ણ વીડિયો કોન્ફરન્સમાં કલેક્ટર કચેરી ખાતેથી જિલ્લા વિકાસ અધિકારી શ્રી પ્રણવ વિજયવર્ગીય, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી હરેશ દુધાત, નિવાસી અધિક કલેક્ટર શ્રી જે. જે. પટેલ સહિત જિલ્લાના અન્ય ઉચ્ચ અધિકારીઓ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા.

# બે દિવસીય મુલાકાતે સાબરકાંઠા જિલ્લામાં આવ્યા આચાર્ય દેવવ્રત

ઈડર, જાકીર મેમણ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનું ઈડર બસ સ્ટેન્ડ પર સ્વાગત કરાયું કેસરગંજ ગામે આયોજિત પ્રાકૃતિક કૃષિ ખેડૂત સંમેલનમાં ભાગ લેશે અને ખેડૂતોને સંબોધિત કરશે ગુજરાત રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત બે દિવસીય મુલાકાતે સાબરકાંઠા



જિલ્લામાં આવ્યા છે. તેઓ વડાલી તાલુકાના કેસરગંજ ગામે યોજાનાર પ્રાકૃતિક ખેતી સંમેલનમાં ભાગ લેશે. આજે તેઓ ગાંધીનગરથી બસ દ્વારા ઈડર પહોંચ્યા હતા.ઈડર બસ સ્ટેન્ડ ખાતે ધારાસભ્ય રમણલાલ વોરા, ડેપો મેનેજર હાર્દિકભાઈ સાગર અને સાબરકાંઠા જિલ્લા પ્રમુખ કનુભાઈ પટેલે રાજ્યપાલનું સ્વાગત કર્યું હતું. રાજ્યપાલ સ્વેચ્છાએ બસમાંથી નીચે ઉતરી લોકો સાથે વાર્તાલાપ કર્યો હતો. ઈડરના નાગરિકોએ પણ ફૂલછડી આપી તેમનું સન્માન કર્યું હતું. સ્વાગત બાદ, ધારાસભ્ય રમણલાલ વોરા અને જિલ્લા પ્રમુખ કનુભાઈ પટેલ રાજ્યપાલ સાથે બસમાં બેસી વડાલી ખાતે જવા રવાના થયા હતા. રાજ્યપાલ આ બે દિવસ દરમિયાન પ્રાકૃતિક કૃષિ ખેડૂતસંમેલનમાં ભાગ લેશે અને ખેડૂતોને સંબોધિત કરશે.

કુલ 4.43 લાખનો મુદ્દામાલ જપ્ત

# હિંમતનગરમાં સાબરકાંઠા પોલીસનો સપાટો : વિદેશી દારૂ સાથે કાર ઝડપાઈ

હિંમતનગર

ગુજરાતમાં દારૂબંધીના કાયદાની અમલવારી માટે પોલીસ તંત્ર સતત એક્શન મોડમાં છે, ત્યારે સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરમાંથી વિદેશી દારૂની હેરાફેરીનો વધુ એક મોટો મામલો સામે આવ્યો છે. હિંમતનગર પોલીસની ટીમે ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવીને વિદેશી દારૂના મોટા જથ્થા ભરેલી એક શંકાસ્પદ કારને ઝડપી પાડી છે. પોલીસે કારની તલાશી લેતા તેમાંથી અલગ-અલગ બ્રાન્ડની ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.

પોલીસે દારૂના જથ્થા અને કાર સહિત કુલ રૂપિયા 4.43 લાખનો મુદ્દામાલ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



મળતી માહિતી મુજબ, હિંમતનગર પોલીસની ટીમને ખાનગી રાહે મજબૂત બાતમી મળી હતી કે, બુટલેગરો દ્વારા અન્ય રાજ્યમાંથી અથવા ચોક્કસ રૂટ પરથી કાર મારફતે વિદેશી દારૂનો મોટો જથ્થો ઘુસાડવામાં આવી રહ્યો છે. આ બાતમીને આધારે પોલીસે હિંમતનગર વિસ્તારના મુખ્ય માર્ગ પર નાકાબંધી કરીને શંકાસ્પદ વાહનોનું ચેકિંગ શરૂ કર્યું હતું. આ દરમિયાન બાતમી મુજબની કાર ત્યાથી પસાર થતાં પોલીસે તેને અટકાવી હતી. પોલીસને જોઈને બુટલેગરોએ નાસવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ એલર્ટ પોલીસે ઘેરાબંધી કરીને કારને ઝડપી લીધી હતી. પોલીસે જ્યારે કારની બારીકાઈથી તપાસ કરી ત્યારે તેમાંથી ગુપ્ત ખાનાઓ અને સીટ પાછળ છુપાવેલો વિદેશી દારૂનો મસમોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂની બોટલો અને ગુનામાં વપરાયેલી કાર મળીને કુલ રૂ. 4.43 લાખનો મુદ્દામાલ ઘટનાસ્થળેથી જ રિકવર કર્યો છે. સાબરકાંઠા જિલ્લામાં બુટલેગરો અવનવા કિમીયા અજમાવીને દારૂ ઘુસાડવાનો પ્રયાસ કરતા હોય છે, પરંતુ પોલીસે તેમની આખી યોજના પર પાણી ફેરવી દીધું છે. હાલ પોલીસે આ મામલે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધીને પકડાયેલા શખ્સોની પૂછપરછ શરૂ કરી છે કે આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને સપ્લાય કરવાનો હતો.

# ઈડર તાલુકા પંચાયત આગળ ગટર લાઈન ઉભરાતા ગંદુ પાણી પંચાયત પરિસરમાં ઘુસ્યા

ઈડર, જાકીર મેમણ

ઈડર તાલુકા પંચાયત આગળ ગટરના પાણી ઉભરાયા: ગંદુ પાણી પંચાયતમાં ફેલાયું, વેપારીઓ દુર્ગંધથી પરેશાન ઈડર તાલુકા પંચાયત આગળ ગટર લાઈન ઉભરાતા ગંદુ પાણી પંચાયત પરિસરમાં અને રસ્તા પર ફેલાઈ ગયું હતું. જેના કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ છે અને આજુબાજુના વેપારીઓ તેમજ પંચાયતમાં આવતા-જતા લોકો પરેશાન થઈ રહ્યા છે. તાલુકા પંચાયત પાસે વર્ષો જૂની એક ગટર લાઈન આવેલી છે. હાલમાં આ ગટર લાઈનનું કામ પ્રગતિ પર હોવા છતાં, જૂની લાઈન ઉભરાઈ જતાં આ સ્થિતિ સર્જાઈ છે. ગટરનું પાણી રોડ પર આવતા તાલુકા પંચાયત પરિસર જાણે બેટમાં ફેરવાઈ ગયું હતું.ગંદા પાણી અને દુર્ગંધને કારણે આ વિસ્તારના દુકાનદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તાલુકા પંચાયતમાં આવવા-જવા માટે



પણ લોકોને ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે, જેનાથી સ્વચ્છતા અને આરોગ્યનો પ્રશ્ન ઊભો થયો છે. ઘટનાની જાણ થતાં નગરપાલિકાની ટીમ તાત્કાલિક ધોરણે ગટર લાઈન રીપેર કરવાના પ્રયાસો હાથ ધર્યા છે. જોકે, સ્થાનિક વેપારીઓ અને નાગરિકો દ્વારા આ ગટર લાઈનની સફાઈ અને સમારકામ ઝડપથી પૂર્ણ થાય તેવી માંગ કરવામાં આવી રહી છે.



### ગર્ભાવસ્થા પછીના બદલાવો માટે કોઈ તૈયાર નથી કરતું: કિયારા

# 'લોકોને બસ બોલતા આવડે છે!', માતા બન્યા પછીના પડકારો પર કિયારા અડવાણીનો આક્રોશ

મુંબઇ

જેલમાં બંધ ગુનેગાર સુકેશ ચંદ્રશેખર સાથે સંકળાયેલા 200 કરોડના ખંડણી અને મની લોન્ડરિંગ કેસમાં એક નવી અપડેટ સામે આવી છે. દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે સુકેશ ચંદ્રશેખર, લીના મારિયા પોલ, બોલિવૂડ અભિનેત્રી જેક્લીન ફર્નાન્ડીઝ અને આ કેસમાં અન્ય આરોપીઓ સામે આરોપો ઘડવાનો આદેશ આપ્યો છે.

મની લોન્ડરિંગ કેસમાં આરોપો ઘડવા ઉપરાંત, કોર્ટે 200 કરોડની કથિત ખંડણી સાથે સંબંધિત MCOCA કેસમાં સુકેશ ચંદ્રશેખર, લીના મારિયા પોલ અને અન્ય આરોપીઓ સામે પણ આરોપો ઘડ્યા છે. કોર્ટે તમામ આરોપીઓને આરોપો પર ઔપચારિક સહી કરવા માટે 3 જૂને હાજર રહેવાનો નિર્દેશ આપ્યો છે. શું છે આખો મામલો? આ કેસ ફરિયાદી અદિતિ સિંહની ફરિયાદના આધારે દિલ્હી પોલીસ દ્વારા નોંધાયેલી FIR સાથે સંબંધિત છે. તપાસ એજન્સીઓ અનુસાર, કથિત છેતરપિંડી કરનાર સુકેશ ચંદ્રશેખર પર જેલની અંદરથી કરોડો રૂપિયાની ખંડણી અને વિવિધ માધ્યમો દ્વારા પૈસાનો ઉપયોગ કરવાનો આરોપ છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આરોપ લગાવ્યો છે કે જેકલીન ફર્નાન્ડીઝે સુકેશ ચંદ્રશેખર પાસેથી મોંઘા ભેટો અને અન્ય લાભો મેળવ્યા હતા, જ્યારે અભિનેત્રીએ સતત કહ્યું છે કે તેણીને કથિત ગુના સાથે જોડાયેલા પૈસાના સ્ત્રોત વિશે ખબર નહોતી. સુકેશ ચંદ્રશેખર ભલે જેલમાં હોય, પરંતુ તેની વાર્તા સોશિયલ મીડિયા પર ચર્ચામાં રહી છે. જેકલીન એક વખત આ ઠગની મુલાકાત લીધી હતી, અને આ પછી, તેમની કથિત પ્રેમ કહાનીના પડ ખુલવા લાગ્યા. એવું અહેવાલ છે કે સુકેશે જેકલીનને મોંઘી ભેટો આપી હતી અને વિદેશમાં તેના પરિવારને કિંમતી વસ્તુઓ ભેટમાં આપી હતી. આમાંથી મોટાભાગનો પૈસા ગેરકાયદેસર રીતે કમાયા હતા, અને તપાસ ચાલી રહી છે. હવે આ કેસમાં જેકલીનને 3 જૂને કોર્ટમાં હાજર થવું પડશે. જેકલીન આ મામલાને કેવી રીતે હેન્ડલ કરે છે તે જોવાનું બાકી છે. આ કેસની જેકલીનના કરિયર પર ઊંડી અસર પડી છે અને તેની લોકપ્રિયતાને કલંકિત કરી છે. જો કે, જેકલીન ફિલ્મો અને શોમાં દેખાવાનું ચાલુ રાખે છે. જેલમાં બંધ ગુનેગાર સુકેશ ચંદ્રશેખર સાથે સંકળાયેલા 200 કરોડના ખંડણી અને મની લોન્ડરિંગ કેસમાં એક નવી અપડેટ સામે આવી છે. દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે સુકેશ ચંદ્રશેખર, લીના મારિયા પોલ, બોલિવૂડ અભિનેત્રી જેક્લીન ફર્નાન્ડીઝ અને આ કેસમાં અન્ય આરોપીઓ સામે આરોપો ઘડવાનો આદેશ આપ્યો છે.

"ગર્ભાવસ્થામાં દેવી અને ડિલિવરી પછી નજરો બદલાય છે"

# દિગ્ગજ ગાયિકા સુમન કલ્યાણપુરનું નિધન

### 'આજકલ તેરે મેરે પ્યાર કે ચર્ચે' જેવા ગીતો માટે જાણીતા; મરાઠી, આસામી, બંગાળી અને ઉડિયામાં પણ ગીતો ગાયા

મુંબઇ

જાણીતા અને દિગ્ગજ ગાયિકા સુમન કલ્યાણપુરનું રવિવારે સાંજે મુંબઈમાં 89 વર્ષની વયે તેમના નિવાસસ્થાને નિધન થયું. રિપોર્ટ્સ અનુસાર, તેમના મૃત્યુનું કારણ ઉંમર સંબંધિત સમસ્યાઓ હતી. તેમના નજીકના મિત્ર મંગલા ખાડિલકરે જણાવ્યું કે સુમનજીએ રાત્રે લગભગ 8 વાગ્યે અંતિમ શ્વાસ લીધા. તેઓ છેલ્લા કેટલાક દિવસોથી પોતાના જ ગાયેલા ગીતો સાંભળી રહ્યા હતા અને તેમણે ખૂબ શાંતિથી દુનિયાને અલવિદા કહ્યું. સોમવારે સવારે લગભગ 11:30 થી 12 વાગ્યાની વચ્ચે પવન હંસ સ્મશાનગૃહમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે. તેમના પરિવારમાં તેમની પુત્રી ચારુ છે. તેમને 2023માં 'પદ્મ ભૂષણ' મળ્યો હતો. સુમન કલ્યાણપુરે 1960 અને 1970ના દાયકામાં પોતાના સુરીલા અવાજથી સંગીત જગતમાં એક ખાસ ઓળખ બનાવી હતી. તે સમયે લતા મંગેશકર જેવી મહાન ગાયિકા હોવા છતાં તેમણે પોતાની અલગ જગ્યા બનાવી.

તેમના ગાયેલા 'આજકલ તેરે મેરે પ્યાર કે ચર્ચે', 'ના ના કરતે પ્યાર તુમ્હીં સે' અને 'તુમને પુકારા ઔર હમ ચલે આયે' જેવા ગીતો આજે પણ લોકપ્રિય છે. તેમણે હિન્દી ઉપરાંત મરાઠી, અસમિયા, કન્નડ, બંગાળી અને ઉડિયા સહિત અનેક ભાષાઓમાં ગીતો ગાયા. જોકે લોકો અવારનવાર તેમના અવાજની સરખામણી લતા મંગેશકર સાથે કરતા હતા, પરંતુ સુમનજી હંમેશા આ સરખામણીને નકારતા હતા. વર્ષ 2022ના એક ઈન્ટરવ્યુમાં તેમણે લતાજીને પોતાની ખૂબ જ નજીકની મિત્ર ગણાવતા કહ્યું હતું કે તેમને મળવું હંમેશા એક સહેલીને મળવા જેવો અહેસાસ કરાવતું હતું. 45 વર્ષ સુધી અમીન સયાનીને રાહ જોવડાવી જાણીતા રેડિયો અનાઉન્સર અમીન સયાની 45 વર્ષ સુધી સુમનજી પાસે એક ઈન્ટરવ્યૂ માટે સમય માંગતા રહ્યા. પરંતુ સુમનજી દર વખતે વાત ટાળી દેતા હતા. આખરે 45 વર્ષ પછી અમીન સાહેબની પ્રતીક્ષા 2005માં પૂરી થઈ, જ્યારે સુમનજી એક કલાકના ઈન્ટરવ્યૂ માટે સંમત થયા.



# 'જબ વી મેટ'નો કિસ્સો શેર કરતાં બોબી દેઓલનું દર્દ છલકાયું

### બોબી દેઓલ હાલમાં પોતાની આગામી ફિલ્મ 'બંદર'ને લઈને ભારે ચર્ચામાં છે, જે 5 જૂનના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે

મુંબઇ

બોલિવૂડ અભિનેત્રી કરીના કપૂર અને શાહિદ કપૂરની આઈકોનિક રોમેન્ટિક ફિલ્મ 'જબ વી મેટ'ને આજે પણ સિનેમાપ્રેમીઓ ખૂબ પસંદ કરે છે. પરંતુ આ સુપરહિટ ફિલ્મની પાછળ એક એવો પણ ઈતિહાસ છુપાયેલો છે જે બોબી દેઓલના કરિયરનો સૌથી મોટો ઝટકો સાબિત થયો હતો. તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યૂમાં બોબી દેઓલે પોતાના જીવનના એ સૌથી મોટા દગા અને નકારાત્મક અનુભવને યાદ કરીને જૂનું દર્દ શેર કર્યું છે. બોબીએ ખુલાસો કર્યો છે કે કેવી રીતે આ ફિલ્મ માટે તેમણે પોતે ડાયરેક્ટર ઈમ્તિયાઝ અલી અને કરીના કપૂરને રાજી કર્યા હતા, પરંતુ છેલ્લી ઘડીએ રાજકારણ રમાયું અને તેમને હટાવીને શાહિદ કપૂરને મુખ્ય રોલ આપી દેવાયો. બોબી દેઓલ હાલમાં પોતાની આગામી ફિલ્મ 'બંદર'ને લઈને ભારે ચર્ચામાં છે, જે 5 જૂનના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. ડાયરેક્ટર અનુરાગ કશ્યપની આ ફિલ્મમાં બોબી દેઓલ એક એવા સુપરસ્ટાર ટીવી એક્ટરનું પાત્ર ભજવી રહ્યા છે, જેની સ્ટારડમ ધીમે-ધીમે ઢળી રહી છે અને તેના પર એક યુવતી યૌન ઉત્પીડનનો ગંભીર આરોપ લગાવે છે. આ ફિલ્મના પ્રમોશન દરમિયાન જ બોબીએ પોતાના ખરાબ સમયના ગુસ્સા, નિરાશા અને દગા વિશે ખુલીને વાત કરી હતી.બોબી દેઓલે 'આપ કી અદાલત' સહિતના પ્લેટફોર્મ્સ પર આ ઘટનાની અંદરની વાર્તા શેર કરતા જણાવ્યું કે, 'ઈમ્તિયાઝ અલી જ્યારે મારા કઝિન અભય દેઓલ સાથે ફિલ્મ 'સોચા ના થા' બનાવી રહ્યા હતા, ત્યારથી જ હું તેમના કામથી પ્રભાવિત હતો. તે ફિલ્મ મારા પિતા ધર્મેન્દ્રજીના પ્રોડક્શન હાઉસ 'વિજેતા ફિલ્મ્સ' હેઠળ બની રહી હતી અને ભાઈ સની દેઓલ તેનું સુપરવિઝન કરી રહ્યા હતા. ત્યારે જ મેં અને ઈમ્તિયાઝે નક્કી કર્યું હતું કે આપણે આગળ એક ફિલ્મ સાથે કરીશું અને તે પ્રોજેક્ટ હતો 'જબ વી મેટ' જેનું શરૂઆતી નામ 'ગીત' રાખવાનું વિચારાયું હતું.' બોબીએ આગળ કહ્યું, 'મેં જ કરીના કપૂરને આ ફિલ્મની વાર્તા સંભળાવી હતી અને તેને ઈમ્તિયાઝ સાથે કામ કરવા માટે તૈયાર કરી હતી. હું આ પ્રોજેક્ટ લઈને શ્રી અષ્ટવિનાયક સિને વિઝન નામના મોટા પ્રોડક્શન હાઉસ પાસે ગયો હતો. ત્યારે તે બેનરે મને એવું કહીને ના પાડી દીધી કે ઈમ્તિયાઝ અલી ખૂબ મોંઘા ડાયરેક્ટર છે.





# વજન વધવાથી સફળતા ઓછી થતી નથી: માધુરી દીક્ષિત

### કાનમાં ઐશ્વર્યાની બોડી શેમિંગ ભડકી માધુરી દીક્ષિત, કહ્યું- 20 વર્ષથી દેશનું નામ રોશન કરી રહી છે

મુંબઇ

કાન ફિલ્મ ફેસ્ટિવલ 2026માં ઐશ્વર્યા રાય બચ્ચનના લુકને લઈને સોશિયલ મીડિયા પર થયેલા ટ્રોલ અને બોડી શેમિંગ પર એક્ટ્રેસ માધુરી દીક્ષિતે વાંધો ઉઠાવ્યો છે. ન્યૂઝ એજન્સી PTI સાથે વાતચીતમાં માધુરીએ કહ્યું કે ઐશ્વર્યા એક ગ્લોબલ સ્ટાર છે અને તેણે પૂર્વ મિસ વર્લ્ડ તરીકે દેશનું નામ રોશન કર્યું છે. કોઈપણ મહિલાની સફળતાને તેના વજન, ડ્રેસ સાઈઝ કે ઉંમરથી આંકી શકાય નહીં. આ પ્રસંગે માધુરી સાથે હાજર એક્ટ્રેસ તૃપ્તિ ડિમરીએ પણ ઐશ્વર્યા રાય અને અનન્યા પાંડેને સપોર્ટ કર્યો છે. માધુરી દીક્ષિત અને ઐશ્વર્યા રાયે સુપરહિટ ફિલ્મ 'દેવદાસ'માં સાથે કામ કર્યું હતું. માધુરીએ મહિલાઓને તેની સિદ્ધિઓને બદલે માત્ર બાહ્ય દેખાવના આધારે જજ કરવાની સંસ્કૃતિની ટીકા કરી. તેણે કહ્યું, 'જ્યારે તમે આ પ્રકારની કોમેન્ટ કરો છો, ત્યારે આજના યુવાનોને શું મેસેજ આપી રહ્યા છો? એ જ કે તમારી કિંમત એ વાત પર છે કે તમે કેવા દેખાઓ છો, ન કે તમારી સિદ્ધિઓ પર. મને લાગે છે કે આ સંપૂર્ણપણે ખોટો મેસેજ છે. માધુરીએ કહ્યું કે ઐશ્વર્યા અંદરથી પણ એટલી જ સુંદર છે જેટલી બહારથી દેખાય છે. માધુરીની આગામી ફિલ્મ 'માં બહેન'ની કો-સ્ટાર તૃપ્તિ ડિમરીએ પણ આ મામલે પોતાનો અભિપ્રાય આપ્યો. તેણે ઐશ્વર્યાની સાથે અનન્યા પાંડેનો પણ બચાવ કર્યો. અનન્યાને તાજેતરમાં તેની ફિલ્મ 'ચાંદ મેરા દિલ'ના એક ડાન્સ સીન માટે સોશિયલ મીડિયા પર ટ્રોલ કરવામાં આવી હતી. તૃપ્તિએ કહ્યું, 'ઘરે આરામથી બેસીને લોકો પર કોમેન્ટ કરવી ખૂબ જ સરળ છે. પરંતુ તેની જગ્યાએ હોવું એ અલગ વાત છે. ભલે અનન્યા હોય કે ઐશ્વર્યા મેમ, બંનેએ પોતાની જિંદગીમાં સખત મહેનત કરી છે અને તે અચીવર્સ છે.' ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બદલાતા રિવ્યુના કલ્ચર પર માધુરીએ કહ્યું કે પહેલા ફિલ્મો શુક્રવારે રિલીઝ થતી હતી અને સાંજ સુધીમાં તેના રિવ્યૂ આવતા હતા. પરંતુ હવે ડિજિટલ મીડિયાને દરેક નાની વસ્તુ માટે કન્ટેન્ટ જોઈએ છે, તેથી ફિલ્મ શરૂ થતા જ કોમેન્ટ્સ આવવા લાગે છે.

# બેડરૂમ ઈન્ટીમેટ સીનમાં વારંવાર કટ બોલ્યા બાદ પણ કરતી રહી કિસિંગ સીન, બાદમાં થઈ શર્મિંદા અને...

મુંબઇ

ટીવીના પોપ્યુલર કોમેડી શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ની એક્ટ્રેસ નેહલ વડોલિયા પોતાની બોલ્ડ સ્ટાઈલના કારણે અવારનવાર લાઈમલાઈટમાં રહે છે. હાલમાં નેહલ વડોલિયા પોતાના એક લેટેસ્ટ ઈન્ટરવ્યુને કારણે ભારે ચર્ચામાં આવી છે. આ ઈન્ટરવ્યુમાં તેણે પોતાની શૂટિંગ લાઈફનો એક એવો કિસ્સો શેર કર્યો છે, જેને સાંભળીને ફેન્સ પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે. શૂટિંગ દરમિયાન એક ઈન્ટિમેટ સીનમાં નેહલ એટલી હદે ખોવાઈ ગઈ હતી કે ડાયરેક્ટરે 'કટ' બોલ્યા પછી પણ તે કો-સ્ટારને કિસ કરતી રહી હતી.

એક સમય એવો હતો જ્યારે નેહલ વડોલિયા સ્ક્રીન પર ખૂબ જ સિમ્પલ રોલ પ્લે કરતી હતી, પરંતુ આજે તે એક્ટ્રેસની સાથે સાથે એક પ્રોફેશનલ 'ઈન્ટિમેસી કોર્ડિનેટર' બની ગઈ છે. આજના સમયમાં ફિલ્મો અને વેબ સિરીઝમાં બોલ્ડ અથવા ઈન્ટિમેટ સીન્સ શૂટ કરતી વખતે સ્ટાર્સ, ક્રૂ મેમ્બર્સ અને ડાયરેક્ટરને ગાઈડ કરવાનું કામ નેહલ કરે છે, જેથી કલાકારો શૂટિંગ દરમિયાન કમ્ફર્ટેબલ રહી શકે. નેહલ વડોલિયા હાલમાં જ 'સુનો ઈન્ડિયા' પોડકાસ્ટનો હિસ્સો બની હતી. આ દરમિયાન તેણે પોતાની એક સિરીઝનો કિસ્સો શેર કરતા જણાવ્યું કે, "એક સિરીઝમાં મારી સાથે કામ કરતો એક્ટર ખૂબ જ સારો હતો. અમે એક રૂમમાં કિસિંગ સીનનું શૂટિંગ કરી રહ્યા હતા. ડાયરેક્ટર માઈક લઈને મોનિટર રૂમમાંથી સીન જોઈ રહ્યા હતા. શૂટિંગ દરમિયાન ડાયરેક્ટરે વારંવાર 'કટ' કહ્યું, પરંતુ માઈકનો અવાજ મારા સુધી પહોંચ્યો જ નહીં અને સીન ચાલુ રહ્યો. ત્યારબાદ જ્યારે હીરોએ પોતે મને જણાવ્યું કે સીન કટ થઈ ગયો છે, ત્યારે હું ભારે શરમમાં મુકાઈ ગઈ હતી." પોડકાસ્ટ દરમિયાન જ્યારે નેહલને પૂછવામાં આવ્યું કે ફિલ્મો અને વેબ સિરીઝમાં દેખાડવામાં આવતા કિસિંગ સીન્સ અસલી હોય છે કે કેમેરા ટ્રિક્સ દ્વારા બતાવવામાં આવે છે? ત્યારે તેણે ખુલાસો કર્યો કે: મોટાભાગના આવા સીન્સ કેમેરા ટેકનિક અને ખાસ એંગલની મદદથી શૂટ કરવામાં આવે છે.



પાક્કો ગુજરાત
મંગળવાર | 02 જૂન 2026 | અમદાવાદ

### આગામી ટ્રાઈ-સિરીઝ માટે રિયાન પરાગ બહાર, BCCIનું એલાન

# IPL 2026માં બન્યા અનેક મહારૅકોર્ડ, 18 વર્ષનો ઇતિહાસ ધૂળધાણી

નવી દિલ્હી

ઈન્ડિયન પ્રીમિયર લીગ(IPL)ની 19મી સિઝન અનેક રીતે ઐતિહાસિક અને રોમાંચક સાબિત થઈ છે. વર્ષ 2026ની આ સિઝનમાં ક્રિકેટના મેદાન પર એવા 10 મોટા રૅકોર્ડ્સ બન્યા અને તૂટ્યા છે, જે અગાઉ આઈપીએલના 18 વર્ષના ઇતિહાસમાં ક્યારેય જોવા મળ્યા નહોતા. આખી ટૂર્નામેન્ટ દરમિયાન બેટ્સમેનોએ બોલરો પર સંપૂર્ણ પ્રભુત્વ જમાવ્યું હતું. રન, ચોગ્ગા, છગ્ગા, સદી તેમજ 200થી વધુ પ્લસ સ્કોરના મામલે આ સિઝને સફળતાના નવા માપદંડ સ્થાપિત કર્યા છે. આ પ્રકારની ક્રિકેટ અગાઉ ક્યારેય જોવા નહોતી મળી. ટીમની વાત હોય કે વ્યક્તિગત રૅકોર્ડ હોય, ઘણાં રૅકોર્ડ આ સીઝનમાં બન્યા અથવા તો તૂટ્યા છે. આઈપીએલ 2026ના ઈતિહાસના પાના પર સુવર્ણ અક્ષરે અંકાઈ ગયેલા 10 ઐતિહાસિક રૅકોર્ડ્સ પર કરીએ એક નજર: 1. એક સિઝનમાં સૌથી વધુ રનનો પહાડ આઈપીએલના કોઈ પણ અગાઉના સત્રમાં એટલા રન નથી બન્યા, જેટલા આ વખતે નોંધાયા છે. સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન તમામ ટીમોએ મળીને કુલ 27,450 રન બનાવ્યા, જે એક નવી સર્વકાલીન અને અદ્ભુત સિદ્ધિ છે. આટલાં વધુ રન કોઈએ વિચાર્યા સુદ્ધા નહોતાં. 2. પ્રતિ વિકેટ સૌથી વધુ રન આ સિઝનમાં બોલરો માટે વિકેટ ઝડપવી લોઢાના ચણા ચાવવા સમાન સાબિત થઈ હતી. બોલરોને એક વિકેટ લેવા માટે સરેરાશ 31.26 રન ખર્ચવા પડ્યા હતા. આઈપીએલના ઈતિહાસમાં આ સૌથી ઊંચી બેટિંગ એવરેજ છે, જે સ્પષ્ટ દર્શાવે છે કે બેટ્સમેનોએ બોલરોને ભારે દબાણમાં રાખ્યા હતા. 3. રન રેટનો નવો કીર્તિમાન 2026ની આ સિઝનમાં રન બનાવવાની ગતિ અસામાન્ય રહી હતી. પ્રતિ ઓવર સરેરાશ 9.88ના રન રેટથી રન બન્યા હતા, જે આઈપીએલના ઈતિહાસનો સર્વોચ્ચ રન રેટ છે. આ પહેલાં એક ઓવરમાં આટલી રન રેટ ક્યારેય જોવા નહોતી મળી. 4. ચોગ્ગાનો વરસાદ બેટ્સમેનોએ મેદાનની ચારેય તરફ શોટ્સ ફટકારીને ચોગ્ગાનો વરસાદ કર્યો હતો. સમગ્ર સિઝનમાં કુલ 2,332 ચોગ્ગા ફટકારવામાં આવ્યા હતા, જે અગાઉના તમામ રૅકોર્ડને ધ્વસ્ત કરે છે. આ ટૂર્નામેન્ટમાં માત્ર ચોગ્ગા જ નહીં, પરંતુ ગગનચુંબી છગ્ગાનો પણ ભારે વરસાદ થયો હતો. આ સિઝનમાં કુલ 1,426 છગ્ગા મારવામાં આવ્યા, જે આઈપીએલના કોઈપણ એક સત્ર કરતાં ઘણો મોટો આંકડો છે.



## આ વખતે RCB વિક્ટરી પરેડ નહીં કરે

મુંબઇ

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) એ સતત બીજી વખત IPL ખિતાબ જીતવા છતાં બેંગલુરુમાં વિજય પરેડ ન કાઢવાનો નિર્ણય કર્યો છે. RCB ના એક સૂત્રએ જણાવ્યું કે શહેરમાં જાહેર સમારોહને લઈને પહેલાથી લાગુ દિશા-નિર્દેશોનું પાલન કરવામાં આવશે. બેંગલુરુમાં કોઈ મોટા સમારોહની સંભાવના નથી. બેંગલુરુએ રવિવારે અમદાવાદમાં રમાયેલી ફાઈનલમાં ગુજરાત ટાઈટન્સને 5 વિકેટે હરાવ્યું. ટીમે સતત બીજા વર્ષે IPL ખિતાબ જીત્યો છે. 4 જૂન 2025 ના રોજ પ્રથમ IPL ખિતાબ જીત્યા પછી, ફ્રેન્ચાઇઝીએ ઉતાવળમાં વિજય પરેડ કરી હતી. આ દરમિયાન નાસભાગ મચવાને કારણે 11 પ્રશંસકોના મોત થયા હતા. 2 દિવસ પહેલાં ડીકે શિવકુમારને કર્ણાટકના નવા CM બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. તેમના શપથ ગ્રહણ સમારોહનું આયોજન આ અઠવાડિયે થવાનું છે. આ કાર્યક્રમ લોક ભવનમાં સાંજે 4:10 વાગ્યે યોજાશે. બેંગલુરુ પોલીસે અગાઉથી જ એડવાઈઝરી જાહેર કરીને લોકોને અપીલ કરી હતી કે RCBની જીતની સ્થિતિમાં રસ્તા પર ઉજવણી, ફટાકડા ફોડવા કે કોઈપણ પ્રકારની અવ્યવસ્થા ન ફેલાવે. પોલીસે સ્પષ્ટ કર્યું હતું કે સાર્વજનિક સ્થળોએ વિજય ઉત્સવની મંજૂરી આપવામાં આવશે નહીં અને લોકો ઈચ્છે તો ઘરો કે ખાનગી સ્થળોએ ઉજવણી કરી શકે છે. RCB ના ઘણા ખેલાડીઓને નેશનલ ટીમો સાથે જોડાવાનું છે. દેવદત્ત પડિક્કલને અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચ માટે ભારતીય ટીમ સાથે જોડાવાનું છે, જ્યારે જોશ હેઝલવુડ, ટિમ ડેવિડ, જેકબ ડફી અને રોમારિયો શેફર્ડ પણ પોતપોતાની નેશનલ ટીમ સાથે જોડાશે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ સતત બીજી વખત IPL જીતી લીધું છે. તેણે રવિવારે ફાઈનલમાં ગુજરાત ટાઈટન્સને 5 વિકેટે હરાવ્યું. વિરાટ કોહલીએ 18મી ઓવરના છેલ્લા બોલ પર છગ્ગો ફટકારી ટીમને જીત અપાવી. કોહલી 75 રન બનાવી અણનમ રહ્યો.

### સોમવારે રાખેલા 'રિઝર્વ ડે' પર રમાડવી જોઈતી હતી

## ગુજરાત ટાઇટન્સ સાથે અન્યાય થયો: સુનિલ ગાવસ્કર આયોજકો પર ભડક્યા

મુંબઇ

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026ની હાઈ-વોલ્ટેજ ફાઈનલ મેચ પૂર્વે એક મોટો વિવાદ સામે આવ્યો છે. ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ દિગ્ગજ ઓપનર અને કમેન્ટેટર સુનિલ ગાવસ્કરે આઈપીએલ મેનેજમેન્ટ સામે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત ટાઈટન્સ (GT)ની ટીમ સાથે અન્યાય થયો છે અને આ મહા મુકાબલાને એક દિવસ માટે મુલતવી રાખવો જોઈતો હતો. ફાઈનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ની જીત થઈ હતી, પરંતુ GT સાથે અન્યાય થયો હતો. ગાવસ્કરના મતે, ફાઈનલ મેચને રવિવારના બદલે સોમવારે રાખેલા 'રિઝર્વ ડે' પર રમાડવી જોઈતી હતી જેથી બંને ટીમોને સમાન તક મળી શકે. ખરેખર શું બની હતી ઘટના? ગુજરાત ટાઈટન્સે શુક્રવારે રમાયેલી ક્વોલિફાયર-2 મેચમાં રાજસ્થાન રોયલ્સને હરાવીને ફાઈનલમાં ભવ્ય પ્રવેશ કર્યો હતો. આ મેચ બાદ ટીમને ચંદીગઢથી અમદાવાદ આવવાનું હતું. જો કે, ઉત્તર-પશ્ચિમ ભારતમાં અચાનક બદલાયેલા હવામાન અને ભારે વરસાદના કારણે શનિવારે બપોરે તેમની ચાર્ટર્ડ ફ્લાઈટ સમયસર ઉડાન ભરી શકી નહોતી. લાંબા વિલંબ બાદ ગુજરાતની ટીમ શનિવારે મોડી રાત્રે લગભગ 10:45 વાગ્યે અમદાવાદ એરપોર્ટ પહોંચી હતી અને હોટેલ પહોંચતા સુધીમાં તો અડધી રાત થઈ ગઈ હતી. આ પ્રવાસના કારણે હાર્ડ-હીટિંગ ફાઈનલ મેચ પહેલાં ગુજરાતના ખેલાડીઓને આરામ કરવા, રિકવરી મેળવવા અને પ્રેક્ટિસ કરવા માટે 24 કલાક કરતાં પણ ઓછો સમય મળ્યો હતો. RCBને મળ્યો મોટો ફાયદો બીજી તરફ RCBની ટીમ ક્વોલિફાયર-1માં જીત મેળવીને મંગળવારથી જ અમદાવાદમાં ડેરો જમાવીને બેઠી હતી. પરિણામે, ડિફેન્ડિંગ ચેમ્પિયન બેંગલુરુના ખેલાડીઓને ફાઈનલ મેચની પૂર્વ તૈયારી કરવા અને શારીરિક-માનસિક થાક ઉતારવા માટે પૂરા પાંચ દિવસનો પૂરતો સમય મળ્યો હતો.

## ચેમ્પિયન RCB પર કરોડોનો વરસાદ, રનર-અપ ગુજરાત પણ માલામાલ

### વિજેતા (રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ): ₹20 કરોડ, રનર અપ (ગુજરાત ટાઇટન્સ): ₹12.50 કરોડ

મુંબઇ

આઈપીએલ 2026 (IPL 2026) ના હાઈવોલ્ટેજ ખિતાબી મુકાબલા બાદ ભવ્ય એવોર્ડ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું. સતત બીજી વખત ચેમ્પિયન બનેલી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) અને રનર-અપ રહેલી ગુજરાત ટાઇટન્સ (GT) પર પૈસાનો વરસાદ થયો હતો. આ સાથે જ સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન શાનદાર પ્રદર્શન કરનારા ખેલાડીઓ અને ટીમોને કરોડો રૂપિયાની ઈનામી રકમ અને ખાસ એવોર્ડ્સથી નવાજવામાં આવ્યા હતા. વિજેતા બનેલી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની ટીમને 20 કરોડની બમ્પર પ્રાઈઝ મની મળી હતી, જ્યારે ઉપવિજેતા ગુજરાત ટાઈટન્સને 12.50 કરોડથી સંતોષ માનવો પડ્યો હતો. IPL 2026 માં ટોપ ટીમોની પ્રાઈઝ મની વિજેતા (રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ): 20




કરોડ રનર અપ (ગુજરાત ટાઈટન્સ): 12.50 કરોડ ત્રીજા નંબરની ટીમ (રાજસ્થાન રોયલ્સ): 7 કરોડ ચોથા નંબરની ટીમ (સનરાઈઝર્સ હૈદરાબાદ): 6.5 કરોડ ટૂર્નામેન્ટના ખાસ એવોર્ડ્સ (Full List of Awards) આ સીઝનમાં યુવા ભારતીય બેટર વૈભવ સૂર્યવંશીએ ઓરેન્જ કેપ સહિત અનેક એવોર્ડ્સ જીતીને ભારે લાઈમલાઈટ લૂંટી હતી: ઓરેન્જ કેપ (સીઝનમાં સૌથી વધુ રન): વૈભવ સૂર્યવંશી (776 રન) - 10 લાખ પર્પલ કેપ (સીઝનમાં સૌથી વધુ વિકેટ): કગિસો રબાડા (29 વિકેટ) - 10 લાખ ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ સીઝન: વૈભવ સૂર્યવંશી - 10 લાખ મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર ઓફ ધ સીઝન: 15 લાખ સુપર સ્ટ્રાઈકર ઓફ ધ સીઝન: વૈભવ સૂર્યવંશી (Tata Sierra કાર) સીઝનમાં સૌથી વધુ સિક્સ: વૈભવ સૂર્યવંશી (72 છગ્ગા) - 10 લાખ સીઝનમાં સૌથી વધુ ડોટ બોલ: મોહમ્મદ સિરાજ - 10 લાખ સીઝનનો સર્વશ્રેષ્ઠ કેચ: મનીષ પાંડે - 10 લાખ સીઝનમાં સૌથી વધુ ચોગ્ગા: સાઈ સુદર્શન (75 ચોગ્ગા) - 10 લાખ ફેર પ્લે એવોર્ડ: પંજાબ કિંગ્સ પીચ એન્ડ ગ્રાઉન્ડ એવોર્ડ: ઈડન ગાર્ડન્સ - 50 લાખ. ગુજરાત સામેની ફાઈનલ મેચમાં ધમાકેદાર પ્રદર્શન કરીને વિરાટ કોહલી અને રસિખ સલામ જીતના હીરો બન્યા હતા. ફાઈનલ મેચમાં નીચે મુજબના એવોર્ડ્સ અપાયા હતા: પ્લેયર ઓફ ધ મેચ: વિરાટ કોહલી સુપર સ્ટ્રાઈકર ઓફ ધ મેચ: વેંકટેશ અય્યર સુપર સિક્સિસ ઓફ ધ મેચ: વિરાટ કોહલી ઓન ધ ગો-4s ઓફ ધ મેચ: વિરાટ કોહલી ગ્રીન ડોટ બોલ ઓફ ધ મેચ: ભુવનેશ્વર કુમાર વૈભવ સૂર્યવંશી (રાજસ્થાન રોયલ્સ): 776 રન શુભમન ગિલ (ગુજરાત ટાઈટન્સ): 732 રન સાઈ સુદર્શન (ગુજરાત ટાઈટન્સ): 722 રન.




### કિંમતોમાં 400 ડૉલરથી વધુનો ઘટાડો

## ઇન્ટરનેશનલ ફ્લાઇટ્સના જેટ ફ્યુઅલના ભાવમાં ઘટાડો

મુંબઇ

વૈશ્વિક બજાર તરફથી એવિયેશન સેક્ટર માટે એક મોટા અને રાહતના સમાચાર સામે આવ્યા છે. ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ માટે ઉપયોગમાં લેવાતા એવિયેશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) એટલે કે જેટ ફ્યુઅલની કિંમતોમાં ભારે 27 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. જો કે, દેશની અંદર ઉડાન ભરતી ઘરેલુ (ડોમેસ્ટિક) ફ્લાઈટ્સ માટે જેટ ફ્યુઅલની કિંમતોમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી અને તે જૂના ભાવે યથાવત્ રાખવામાં આવી છે. ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ માટે કિંમતોમાં 400 ડૉલરથી વધુનો ઘટાડો

ઉદ્યોગના સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, આ મોટા ઘટાડાને કારણે ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ માટે જેટ



ફ્યુઅલની કિંમતોમાં પ્રતિ કિલોલિટર 400 અમેરિકન ડૉલરથી પણ વધુનો ઘટાડો નોંધાયો છે. આ ઘટાડા બાદ હવે નવી કિંમત ઘટીને આશરે 1,100 અમેરિકન ડૉલર પ્રતિ કિલોલિટર થઈ ગઈ છે, જે ભારતીય ચલણમાં આશરે 1,05,000 રૂપિયા પ્રતિ કિલોલિટર જેટલી થાય છે. અગાઉ વૈશ્વિક બજારમાં તેજીના કારણે 1 મેના રોજ આ કિંમતો 76.55 ડૉલર (5.33 ટકા) વધીને 1,511.86 ડૉલર પ્રતિ કિલોલિટર પર પહોંચી ગઈ હતી. જ્યારે તે પહેલા એપ્રિલ મહિનામાં પશ્ચિમ એશિયાના યુદ્ધ અને આંતરરાષ્ટ્રીય ઊર્જા સંકટને કારણે કિંમતો બમણાથી પણ વધુ વધીને 1,435.31 ડૉલર થઈ ગઈ હતી. બીજી તરફ, ડોમેસ્ટિક ફ્લાઈટ્સ માટે ATFના ભાવ સ્થિર રાખવામાં આવ્યા છે. એરલાઈન કંપનીઓએ ઘરેલુ સપ્લાય માટે હજુ પણ 1,04,927.18 રૂપિયા પ્રતિ કિલોલિટર ચૂકવવાનું ચાલુ રાખવું પડશે. આ દર 1 એપ્રિલથી લાગુ કરાયો હતો. વાસ્તવમાં, મે મહિનામાં આંતરરાષ્ટ્રીય સ્તરે ભાવ વધ્યા હોવા છતાં સરકારી ફ્યુઅલ રિટેલ કંપનીઓએ મુસાફરો પર મોંઘવારીનો બોજ ન પડે તે માટે કિંમતો વધારી ન હતી અને નુકસાન પોતે સહન કર્યું હતું.

### ભારતની સાથે વિદેશમાં પણ વિસ્તરી રહ્યું છે UPI

## UPIએ બનાવ્યો નવો રેકોર્ડ : મે 2026માં 29.9 લાખ કરોડ રૂપિયાને પાર પહોંચ્યું ડિજીટલ પેમેન્ટ

મુંબઇ

ભારતમાં ડિજિટલ પેમેન્ટનો ઉપયોગ સતત વધી રહ્યો છે, અને મે 2026માં, યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) એ એક નવો રેકોર્ડ બનાવ્યો છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) ના ડેટા અનુસાર, મે મહિનામાં UPI દ્વારા રૂપિયા 29.90 લાખ કરોડના વ્યવહારો પ્રક્રિયા કરવામાં આવ્યા હતા. કુલ વ્યવહારોની સંખ્યા 23.2 અબજ સુધી પહોંચી ગઈ, જે અત્યાર સુધીની સૌથી વધુ છે. નિષ્ણાતો માને છે કે ઉનાળાની રજાઓ, મુસાફરીમાં વધારો અને IPL 2026 દરમિયાન ખર્ચમાં વધારો એ આ રેકોર્ડ હાંસલ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ સ્પષ્ટપણે ભારતમાં ડિજિટલ પેમેન્ટના સતત વિસ્તરણને દર્શાવે છે. મે મહિનામાં UPIનો ઉપયોગ રેકોર્ડ સ્તરે પહોંચ્યો PTIના અહેવાલ મુજબ, NPCIના તાજેતરના ડેટા




અનુસાર, મે 2026માં UPI દ્વારા રૂપિયા 29.90 લાખ કરોડના વ્યવહારો નોંધાયા હતા. એપ્રિલમાં, આ આંકડો રૂપિયા 29.03 લાખ કરોડ હતો, જ્યારે એક વર્ષ પહેલા મે મહિનામાં, કુલ વ્યવહાર મૂલ્ય રૂપિયા 25.14 લાખ કરોડ હતું. આ વાર્ષિક ધોરણે આશરે 19 ટકાનો વધારો દર્શાવે છે. UPIએ મે મહિનામાં 23.2 બિલિયન ટ્રાન્ઝેક્શન નોંધાવીને એક નવો રેકોર્ડ પણ બનાવ્યો, જે એપ્રિલ 2026માં 22.35 બિલિયન હતો. કેશફ્રી પેમેન્ટ્સના સહ-સ્થાપક અને CEO આકાશ સિંહાના જણાવ્યા અનુસાર, મે મહિનાના આંકડા મજબૂત અને કુદરતી માંગને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે, ઉનાળાની રજાઓ, મુસાફરી અને IPL 2026 દરમિયાન ગ્રાહક ખર્ચમાં વધારો થવાથી UPI વ્યવહારોને નવી ઊંચાઈએ લઈ જવામાં મદદ મળી. લોકોએ ટિકિટ બુકિંગ, હોટેલ બુકિંગ, ખાદ્યપદાર્થો અને ઓનલાઈન શોપિંગ જેવા વિવિધ હેતુઓ માટે UPIનો વ્યાપક ઉપયોગ કર્યો. આના કારણે મે મહિનામાં વ્યવહારોની સંખ્યા અને મૂલ્ય બંનેમાં રેકોર્ડ સ્તર આવ્યું. નિષ્ણાતોનું માનવું છે કે, ડિજિટલ પેમેન્ટમાં આ ગતિ આગામી મહિનાઓમાં ચાલુ રહેવાની શક્યતા છે.

### એક લાખ પર 18000 રૂપિયા વધુ ચૂકવવા પડે

## વિદેશ કરતાં ભારતમાં સોનું 18% મોંઘું કેમ?

### 1 જાન્યુઆરી 2026ના રોજ ભારતમાં 24 કેરેટ સોનાનો ભાવ ₹ 1,32,614 પ્રતિ 10 ગ્રામ હતો. પરંતુ માત્ર પાંચ મહિનાની અંદર, મે 2026 સુધીમાં તેમાં ₹ 23,615નો જોરદાર ઉછાળો આવ્યો

મુંબઇ

લગ્નસરાની સીઝન હોય કે દિવાળી-ધનતેરસ જેવા તહેવારો, ભારતીયો માટે સોનું ખરીદવું એ હંમેશાં પહેલી પસંદ રહ્યું છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે, જે સોનું ભારતમાં ખૂબ ઊંચા ભાવે મળે છે, તે જ સોનું દુબઈ, અમેરિકા અને સિંગાપોર જેવા દેશોમાં ઘણું સસ્તું હોય છે. આંકડા દર્શાવે છે કે, ભારતમાં સોનું આંતરરાષ્ટ્રીય માર્કેટ કરતાં લગભગ 18% જેટલું મોંઘું છે. એટલે કે અહીં 10 ગ્રામ સોનું ખરીદવા માટે જેટલો ખર્ચ કરવો પડે છે, તેટલા જ ખર્ચમાં વિદેશોમાં વધુ સોનું આવી જાય છે. સામાન્ય ગ્રાહકો અને રોકાણકારો સાચો નિર્ણય લઈ શકે તે માટે એ સમજવું જરૂરી છે કે ભારતમાં સોનું આટલું મોંઘું કેમ છે.

આંકડાની રમત સમજો: વૈશ્વિક બજારમાં 1.6% વધારો, ભારતમાં 18% ! 1 જાન્યુઆરી 2026ના રોજ ભારતમાં 24 કેરેટ સોનાનો ભાવ 1,32,614 પ્રતિ 10 ગ્રામ હતો. પરંતુ માત્ર પાંચ મહિનાની અંદર, મે 2026 સુધીમાં તેમાં 23,615નો જોરદાર ઉછાળો આવ્યો અને ભાવ 1,56,229 પ્રતિ 10 ગ્રામની ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયો. બીજી તરફ, જો આંતરરાષ્ટ્રીય બજારની વાત કરીએ તો ત્યાં સોનાની કિંમત 4, 319 ડૉલર પ્રતિ ઔંસથી વધીને માત્ર 4,388 ડૉલર પ્રતિ ઔંસ સુધી જ પહોંચી છે. એટલે કે વૈશ્વિક બજારમાં સોનાના ભાવમાં માત્ર



1.6%નો નજીવો વધારો થયો છે, જ્યારે ભારતમાં આ વધારો 18%ની આસપાસ રહ્યો છે!

કારણ 1 : ઈમ્પોર્ટ ડ્યુટી અને ટેક્સનો મોટો બોજ ભારતમાં સોનું મોંઘું હોવાનું સૌથી મોટું કારણ તેના પર લાગતો ટેક્સ છે. ભારત પોતાની જરૂરિયાતનું લગભગ 80 થી 90 ટકા સોનું વિદેશથી આયાત (ઈમ્પોર્ટ) કરે છે. દેશના વિદેશી હૂંડિયામણ (ફોરેક્સ રિઝર્વ)ને બચાવવા અને રૂપિયાના મૂલ્યને સ્થિર રાખવા માટે સરકાર સોનાની આયાત પર ભારે 'ઈમ્પોર્ટ ડ્યુટી' વસૂલે છે. આ ઉપરાંત, તેના પર 'એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સેસ' અને ઉપરથી 3% GST (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ) પણ લાગે છે. ત્યારબાદ જ્યારે આ સોનું જ્વેલર્સ સુધી પહોંચે છે, ત્યારે તેમાં 'મેકિંગ ચાર્જ' (ઘડામણ) પણ ઉમેરાય છે. આ તમામ ટેક્સ અને ચાર્જીસના કારણે ગ્રાહક સુધી પહોંચતા-પહોંચતા સોનું 18% જેટલું મોંઘું થઈ જાય છે. તેની સામે દુબઈ અને સિંગાપોર જેવા દેશોમાં સોના પર ટેક્સ ખૂબ જ ઓછો અથવા બિલકુલ હોતો નથી, તેથી ત્યાં સોનું સસ્તું મળે છે. કારણ 2 : કરન્સીની રમત (ડૉલર સામે રૂપિયો નબળો) સોનાના ભાવ વધવાનું બીજું મુખ્ય કારણ ડૉલર સામે ભારતીય રૂપિયાનું નબળું પડવું છે. વૈશ્વિક સ્તરે સોનાની ખરીદી અને વેચાણ અમેરિકી ડૉલરમાં થાય છે. છેલ્લા કેટલાક સમયમાં ડૉલરની સરખામણીએ રૂપિયાનું મૂલ્ય ઘટ્યું છે. આને સરળ ભાષામાં સમજીએ તો, જો આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની કિંમત સ્થિર રહે, તો પણ ભારતે વિદેશથી સોનું ખરીદવા માટે વધુ રૂપિયા ચૂકવવા પડે છે, કારણ કે આયાતકારોએ પેમેન્ટ ડૉલરમાં કરવાનું હોય છે. આ વધારાનો ખર્ચ સીધો ભારતીય બજાર પર ટ્રાન્સફર થાય છે અને સોનું મોંઘું બને છે.

## સેન્સેક્સ 508 અને નિફ્ટી 165 પોઈન્ટના ઘટાડા સાથે બંધ

- IT સ્ટોક્સમાં જબરજસ્ત તેજી
- સરકારી બેંક અને FMCG શેર્સમાં સૌથી વધુ વેચવાલી

મુંબઇ

સોમવારે લીલા રંગમાં ખુલેલું સ્થાનિક શેરબજાર આખરે મોટા ઘટાડા સાથે બંધ થયું. અઠવાડિયાના પહેલા દિવસે આજે BSE સેન્સેક્સ 508.40 પોઈન્ટ (0.68 ટકા) ના ઘટાડા સાથે 74,267.34 પોઈન્ટ પર બંધ થયું.

જ્યારે NSE નો નિફ્ટી 50 ઈન્ડેક્સ પણ 165.15 પોઈન્ટ (0.70 ટકા) ના ઘટાડા સાથે 23,382.60 પોઈન્ટ પર બંધ થયો. સોમવારે ઘટાડા વચ્ચે IT શેરોમાં સારો ઉછાળો જોવા મળ્યો. આજે સેન્સેક્સે તેજી સાથે 75,203.02 પોઈન્ટ પર અને નિફ્ટી 50 એ પણ 23,654.50 પોઈન્ટના વધારા સાથે ટ્રેડિંગ શરૂ કર્યું હતું. આજે સેન્સેક્સની 30 કંપનીઓમાંથી ફક્ત 6 કંપનીઓના શેર વધારા સાથે ગ્રીન ઝોનમાં બંધ થયા અને બાકીની બધી 24 કંપનીઓના શેર નુકસાન સાથે લાલ રંગમાં બંધ થયા હતા.

બીજી તરફ નિફ્ટી 50 ની 50 કંપનીઓમાંથી, ફક્ત 10 કંપનીઓના શેર વધારા સાથે લીલા રંગમાં બંધ થયા અને બાકીની બધી 40 કંપનીઓના શેર નુકસાન સાથે લાલ રંગમાં બંધ થયા. સેન્સેક્સ કંપનીઓમાં ટેક મહિન્દ્રાના શેર આજે સૌથી વધુ 3.80 ટકાના વધારા સાથે બંધ થયા.

જ્યારે, હિન્દુસ્તાન યુનિલિવરના શેર સૌથી વધુ 2.83 ટકાના ઘટાડા સાથે બંધ થયા. સેન્સેક્સના બાકીના શેરોમાં, ઈન્ફોસિસના શેર 3.70 ટકા, TCS 1.95 ટકા, ઈન્ડિગો 1.04 ટકા, HCL ટેક 0.90 ટકા અને ટાટા સ્ટીલના શેર 0.79 ટકાના વધારા સાથે બંધ થયા હતા. આજના કારોબારમાં સરકારી બેંક અને FMCG શેર્સમાં સૌથી વધુ વેચવાલી છે.

# વિરમગામમાં મેગા ડિમોલિશન : 500થી વધુ પોલીસકર્મીના કાફલા સાથે દબાણો દૂર કરાયા





અમદાવાદ

અમદાવાદ જિલ્લાના વિરમગામની કનેક્ટિવિટીના આધારરૂપ ડબલ લેન હાઈવેને પહોળો કરવાના મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટને આખરે વેગ મળ્યો છે. આ માર્ગ આડે નડતરરૂપ બનતા ગેરકાયદે દબાણોને દૂર કરવા માટે આજે (પહેલી જૂન) વહેલી સવારથી વહીવટી તંત્ર અને પોલીસ પ્રશાસન દ્વારા ડિમોલિશન ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે લોખંડી પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. કલેક્ટર, જિલ્લા પોલીસ વડા (SP), DySP અને SDM સહિતના ઉચ્ચ અધિકારીઓની સીધી દેખરેખ હેઠળ આ સમગ્ર કામગીરી કોઈ પણ જાતના વિરોધ વિના, અત્યંત શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ છે.

આ મેગા ડિમોલિશન અચાનક નહીં, પરંતુ તંત્રના સચોટ અને સુવ્યવસ્થિત આયોજનનું પરિણામ હતું. હાઈવે પહોળો કરવાની કામગીરીમાં અવરોધ ઊભો કરતા દબાણો હટાવવા માટે છેલ્લા બે-ત્રણ મહિનાથી વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા સઘન પ્લાનિંગ કરવામાં આવી રહ્યું હતું. આ કામગીરી પૂર્વે તમામ જરૂરી કાનૂની પ્રક્રિયાઓ પૂર્ણ કરવામાં આવી હતી. લોકોમાં કોઈ આક્રોશ ન ફેલાય તે માટે કલેક્ટર, એસપી, સ્થાનિક DySP અને SDM દ્વારા વિસ્તારના અગ્રણીઓ અને સ્થાનિક આગેવાનો સાથે અનેક રાઉન્ડની બેઠકો યોજીને તેઓને વિશ્વાસમાં લેવામાં આવ્યા હતા.

ડિમોલિશન દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે સમગ્ર વિરમગામ ટાઉનને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું હતું. ઓપરેશન દરમિયાન સ્ટેટ રિઝર્વ પોલીસ (SRP)ની 2 આખી કંપનીઓ સહિત 500થી વધુ પોલીસકર્મીઓ તહેનાત કરાયા હતા. સ્થાનિક પોલીસ ઉપરાંત લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB), સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) અને જિલ્લાના જુદા જુદા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર્સ (PI) પણ ઘટનાસ્થળે મોરચો સંભાળી રહ્યા હતા.

અમદાવાદ રૂરલ એસપી (SP) ઓમ પ્રકાશે મીડિયાને જણાવ્યું હતું કે, 'વિરમગામ ટાઉનની આંતરિક અને બાહ્ય કનેક્ટિવિટી માટે આ ડબલ લેન હાઈવે બહુ જ મહત્ત્વનો પ્રોજેક્ટ છે, જેનું ગયા વર્ષે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

## TP રોડ પર આવતા દબાણો દૂર કરાયા :ઈસનપુરમાં રોડ કપાતની 18 દુકાનો તોડી પાડવામાં આવી

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરમાં ટ્રાફિક અને જાહેર સુવિધાની સુધારણા માટે કડક અમલીકરણ અને લોકભોગ્ય સુવિધાઓ વધારવાની બેવડી કામગીરી હાથ ધરવામાં આવી છે. કોર્પોરેશનના દક્ષિણ ઝોનના એસ્ટેટ વિભાગે ઈસનપુર વિસ્તારમાં ટી.પી. સ્કીમ અંતર્ગત રસ્તા નડતરરૂપ 18 દુકાનો તોડી પાડી રસ્તો ખુલ્લો કર્યો છે. બીજી તરફ, શહેરના પ્રખ્યાત પ્રવાસન સ્થળ કાંકરિયા લેકફ્રન્ટ ખાતે મુલાકાતીઓ માટે 'MYBYK' સાયકલ અને ઈ-બાઈક રેન્ટલ સેવાનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે.

શહેરના ઈસનપુર વિસ્તારમાં ટી.પી. સ્કીમ અમલીકરણ અંતર્ગત જાહેરમાર્ગોને મોકળા કરવાની એક મોટી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ટી. પી. સ્કીમ નં. 53 (ઈસનપુર) માં અસલાલીથી કમોડ સર્કલ તરફ જતા સર્વિસ રોડ પર 15 મીટર પહોળાઈનો ટી.પી. રોડ આવેલો છે. આ રોડ કપાતમાં આવતી 18 દુકાનોના માલિકો દ્વારા અંદાજે 4500 ચોરસ ફૂટ જેટલું બાંધકામ સ્વેચ્છાએ દૂર કરવામાં ન આવતાં, એસ્ટેટ વિભાગે જે.સી.બી. મશીન, દબાણ ગાડી અને મજૂરોની મદદથી તેને તોડી પાડ્યું હતું. આ કડક કાર્યવાહીના પરિણામે અંદાજે 350 રનીંગ મીટર લંબાઈનો ટી.પી. રસ્તો વાહનવ્યવહાર માટે એકદમ ખુલ્લો થયો છે.

### સોલાર પેનલની વીકમાં 100 ફાઇલ ક્લિયર કરી

## ગાંધીનગરના લાંચિયા ક્લાસ-1 અધિકારી પાસેથી 2.64 કરોડ મળ્યા

સ્વિફ્ટમાંથી 5 લાખ અને ઘરેથી 1.76 કરોડ રોકડા મળ્યા



અમદાવાદ

ACB દ્વારા ગાંધીનગરમાં ગુજરાત સરકારના ઉર્જા વિભાગમાં ફરજ બજાવતા વિદ્યુત નિરીક્ષણ કચેરીના ક્લાસ વન ઓફિસર એ.બી.ચૌધરીની ધરપકડ કરવામાં આવી છે. સોલાર પેનલની એનઓસી (NOC) આપવાના બદલામાં 5 લાખ રૂપિયાની લાંચ લેતા હોવાની ફરિયાદના આધારે ACBએ ટ્રેપ ગોઠવીને દબોચી લીધો હતો. આ અટકાયત બાદ અધિકારીના ઘર અને ગાડીમાંથી મોટી માત્રામાં રોકડ તેમજ દાગીના મળી આવ્યા છે. ગાંધીનગરના લાંચિયા ક્લાસ-1 અધિકારી પાસેથી સુરત અને ગાંધીનગરમાંથી રૂ. 2.64 કરોડની મત્તા મળી આવી છે. અને અધિકારીની સ્વિફ્ટ કારમાંથી 5 લાખ અને તેના ઘરેથી 1.76 કરોડની રોકડ રકમ જપ્ત કરાઈ છે. તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી ક્લાસ-1 અધિકારીએ માત્ર એક જ અઠવાડિયામાં સોલાર પેનલની 100 જેટલી ફાઈલો ધડાધડ ક્લિયર કરી છે.

એક અરજદાર પાસેથી સોલાર પેનલની મંજૂરી (NOC) મેળવવાના મામલે ક્લાસ વન ઓફિસર એ.બી.ચૌધરીએ મોટી રકમની લાંચની માંગણી કરી હતી. આ અંગે ફરિયાદ મળતા જ એસીબીની ટીમે છટકું ગોઠવ્યું હતું, જેમાં અધિકારી 5 લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયો હતો. તપાસ દરમિયાન અધિકારીની કારમાંથી જ આ 5 લાખની રોકડ રકમ રિકવર કરવામાં આવી હતી.

ACB નિયામક ભારતી પંડ્યાએ જણાવ્યું હતું કે, ACB ફીલ્ડ-3ના પી. આઈ. પી. એન. ખોખરાને એક બાતમી મળી હતી કે, ગાંધીનગર ખાતે ઉદ્યોગ ભવનની કચેરીમાં કામ કરતાં મુખ્ય વિદ્યુત નિરીક્ષક અશ્વિન બી. ચૌધરી છે. તે સોલાર પ્રોજેક્ટમાં સ્થળ તપાસ નહીં કરી(તપાસ જરૂરી હોવા છતાં સ્થળ) અને સ્થળ તપાસ કર્યા વિના NOC ઈશ્યુ કરે છે અને તેમાં મોટા પ્રમાણમાં લાંચ મેળવે છે. આ અંગે બાતમી મળી હતી અને આ જે પૈસા છે, તેઓ પોતાની સરકારી સ્વિફ્ટ ડિઝાયર ગાડીમાં રોજે ઘરે લઈ જાય છે, તેવી બાતમી મળી હતી. પંડ્યાએ વધુમાં કહ્યું કે, ત્યારબાદ ફીલ્ડ-3 મદદનીશ નિયામક અશ્વિન પટેલના સુપરવિઝનમાં આરોપી અશ્વિન ચૌધરી વોચમાં હતાં.

## 1 લાખ 10 હજાર ગણતરીકારો અને 12 હજાર સુપરવાઈઝર ફિલ્ડમાં ઉતર્યા

ગણતરીકારો ઘરે-ઘરે જઈને હાઉસ લિસ્ટિંગ કરશે તેમજ 33 પ્રશ્નોની માહિતી એકત્રિત કરશે




ગાંધીનગર

ગુજરાત સહિત સમગ્ર દેશમાં આજે 1 જૂનથી 'વસતી ગણતરી-2027'ના પ્રથમ તબક્કાનો વિધિવત પ્રારંભ થયો છે. દેશની 16મી અને આઝાદી પછીની 8મી જનગણના તરીકે ઈતિહાસમાં અંકિત થનારી આ પ્રક્રિયા રાષ્ટ્રીય સ્તરે પ્રથમવાર સંપૂર્ણપણે ડિજિટલ માધ્યમથી હાથ ધરાશે.

જો કોઈ નાગરિકો ખોટી વિગત આપશે કે ઈન્કાર કરશે તો તેની સામે કાર્યવાહી થઈ શકે છે. તો બીજી તરફ નાગરિકોને આવક, દસ્તાવેજો અને બેંક વિગતો ન આપવા જણાવાયું છે. રાજ્યના વસતી ગણતરી નિયામક સુજલ જે. મયાત્રાએ આ દેશવ્યાપી મહાઅભિયાનમાં સક્રિય સહભાગી થઈ સાચી વિગતો નોંધાવવા તમામ નાગરિકોને સત્તાવાર અનુરોધ કર્યો છે.

રાજકોટ જિલ્લામાં વસ્તીગણતરી-2027 અન્વયે આજથી હાઉસ લિસ્ટિંગ અને હાઉસિંગ સેન્સસ ઓપરેશન (HLO) ની વ્યાપક કામગીરીનો પ્રારંભ કરી દેવાયો છે. આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લાના તાલીમબદ્ધ ગણતરીદારો અને સુપરવાઈઝર સહિતની ટીમોએ ફિલ્ડમાં ઉતરીને વસ્તીગણતરીના પ્રથમ તબક્કાનું પ્રશાસનિક કાર્ય હાથ ધર્યું છે. સમગ્ર જિલ્લામાં આ પ્રક્રિયા સુચારુ અને સચોટ રીતે સંપન્ન થાય તે માટે મનપા અને વહીવટી તંત્રએ તમામ સ્તરે વિસ્તૃત આયોજન અને જરૂરી વ્યવસ્થાઓ ગોઠવી છે. રાજ્યભરમાં શરૂ થઈ હાઉસ લિસ્ટિંગની કામગીરી

વસ્તી ગણતરી નિયામક સુજલ મયાત્રાએ જણાવ્યું કે અગાઉ જાહેર કરાયેલા 25 પ્રશ્નોની સ્વ-ગણતરી પ્રક્રિયામાં અનેક લોકોએ માહિતી ભરી દીધી છે.

હવે 1 જૂનથી રાજ્યભરમાં પ્રથમ તબક્કા તરીકે હાઉસ લિસ્ટિંગ (ઘરયાદી)ની કામગીરી શરૂ થઈ છે, જેમાં આશરે 1 લાખ 10 હજાર ગણતરીકારો અને 12 હજાર સુપરવાઈઝર ફિલ્ડમાં ઉતર્યા છે. ગણતરીકારો ઘરે-ઘરે જઈને હાઉસ લિસ્ટિંગ કરશે તેમજ 33 પ્રશ્નોની માહિતી એકત્રિત કરશે. સ્વ-ગણતરી દરમિયાન ભરાયેલી વિગતોમાં કોઈ સુધારો કરાવવો હોય તો નાગરિકો ગણતરીકારને જરૂરી માહિતી આપી શકશે.

## રસોડાનો સામાન્ય ઝઘડો હત્યામાં પલટાયો

અમદાવાદ

અમદાવાદના વટવા વિસ્તારમાં એક ચોંકાવનારો અને કાળજું કંપાવી દે તેવો હત્યાકાંડ સામે આવ્યો છે, જેને સાંભળીને આખું શહેર હચમચી ગયું છે. સાથે રહેતા રૂમમેટ્સ વચ્ચે માત્ર વાસી ખોરાકના મુદ્દે થયેલો સામાન્ય વિવાદ એટલો ઉગ્ર બની ગયો કે એક વ્યક્તિએ પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. નજીવી બાબતમાં માણસ કેટલો ક્રૂર બની શકે છે, તેનું આ ઘટના જીવંત ઉદાહરણ પૂરું પાડે છે.

મળતી માહિતી મુજબ, વટવા વિસ્તારમાં આવેલા એક ફ્લેટમાંથી 40 વર્ષીય ઈમરાન ગુલામરસૂલ શિંદા નામની વ્યક્તિનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ મામલે વટવા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો ત્યારે ચોંકાવનારી હકીકતો સામે આવી હતી. પોલીસ તપાસમાં ખૂલ્યું કે, સાથે જ રહેતા રૂમમેટ્સ વચ્ચે રસોડામાં રાખેલા ગંધાયેલા ખોરાકમાં ફૂગ નીકળવા બાબતે બોલાચાલી થઈ હતી. આ સામાન્ય ઝઘડાએ જોતજોતામાં મોટું સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને ઉશ્કેરાયેલા રૂમમેટ્સ ભેગા મળીને ઈમરાન શિંદા પર તૂટી પડ્યા હતા અને તેમની હત્યા કરી નાખી હતી.

હત્યાની આ સનસનાટીભર્યા ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપીઓ પકડાઈ જવાની બીકે મૃતક અને પોતાના મોબાઈલ ફોન તોડીને પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો અને લોહીલુહાણ હાલતમાં લાશને મૂકીને ત્યાંથી ફરાર થઈ ગયા હતા. જો કે, કાયદાના લાંબા હાથથી આરોપીઓ બચી શક્યા નથી.

## નવા નિકોલના ગંગોત્રી સર્કલ પાસે શાકભાજી માર્કેટે જમાવ્યો અડધા રોડ પર કબજો

અકસ્માત અને ગંદકીથી સ્થાનિકો ત્રાહિમામ, તંત્રની એક દિવસીય કામગીરી સામે ઉઠ્યા સવાલો



અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા વિકસિત નવા નિકોલના ગંગોત્રી સર્કલ પાસે ભરાતી શાક માર્કેટ હવે સ્થાનિક રહીશો અને વાહનચાલકો માટે મોટી આફત બની ગઈ છે. સાંજ પડતાં જ આ માર્કેટ ધીરે ધીરે અડધા રોડ સુધી પ્રસરી જાય છે, જેના કારણે ટ્રાફિક જામ અને અવારનવાર નાના મોટા અકસ્માતો સર્જાય છે. દરરોજ સાંજે 4 થી રાત્રે 9 વાગ્યા સુધી અહીં ટ્રાફિકનો ભયંકર ત્રાસ રહે છે. હદ તો ત્યારે થાય છે જ્યારે રાત્રે માર્કેટ બંધ થયા પછી લારીઓ અને પાથરણા વાળા ખરાબ થયેલું શાકભાજી જાહેર રોડ પર જ ફેંકીને ચાલતા બને છે. આ ગંદકીના કારણે આજુબાજુની દેવ કૃપા, દિવ્ય જીવન, લાઈફ સ્ટાઈલ, સરોવર અને પાંચ આંગણ જેવી સોસાયટીઓના હજારો રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ બાબતે સ્થાનિક કાઉન્સિલરો, કોર્પોરેશન અને ટ્રાફિક પોલીસમાં અનેકવાર ફરિયાદો કરવા છતાં કોઈ સચોટ નિકાલ આવતો નથી. ફરિયાદ કરીએ ત્યારે તંત્રની ગાડીઓ એકાદ દિવસ આવીને જતી રહે છે અને બીજા જ દિવસથી માર્કેટ ફરી એમ જ ધમધમવા લાગે છે. નવા નિકોલના પૂર્વ ઉમેદવાર અને સામાજિક કાર્યકર કલ્પેશ લાઠીયાએ કોર્પોરેશનની બેવડી નીતિ સામે પણ સવાલો ઉઠાવ્યા છે. તેઓ જણાવે છે કે ટેક્સ ભરતા કોઈ પ્રમાણિક દુકાનદારના ગેટ પાસે થોડો પણ કચરો હોય તો સવારે ત્વરિત નોટિસ આપીને દુકાન સીલ કરી દેવાય છે, જ્યારે રોડ પર આટલી મોટી ગંદકી કરનારાઓ સામે કોઈ કાર્યવાહી થતી નથી.

## અમદાવાદના S.G. હાઈવે પર અનોખું દૃશ્ય : રોજ લાખોનો જીવ બચાવતી 108 એમ્બ્યુલન્સ પોતે જ થઈ 'બીમાર'

ચોવીસેય કલાક અવિરત દોડતી હરતી-ફરતી હોસ્પિટલ જાતે જ થાકીને લોથપોથ થઈ; ટેકનિકલ ખામી સર્જાતાં બીજા વાહનના સહારે ગેરેજ ભેગી કરાઈ, વાહનચાલકોમાં આશ્ચર્ય




અમદાવાદ

અમદાવાદના સૌથી વ્યસ્ત અને ધમધમતા એસ.જી. હાઈવે પરથી તાજેતરમાં એક અત્યંત અનોખું, રસપ્રદ અને કૌતુક સર્જતું દૃશ્ય સામે આવ્યું છે. ગુજરાતભરમાં ચોવીસેય કલાક અવિરત દોડીને લાખો લોકોની જિંદગી બચાવતી આપણી હરતી-ફરતી હોસ્પિટલ એટલે કે ૧૦૮ એમ્બ્યુલન્સ પોતે જ થાકીને લોથપોથ થઈ ગઈ હોય તેવો એક નજારો જોવા મળ્યો હતો. કટોકટીના સમયે દર્દીઓને ગણતરીની મિનિટોમાં હોસ્પિટલ પહોંચાડતી આ એમ્બ્યુલન્સ અચાનક આવેલી ટેકનિકલ ખામીને કારણે રસ્તા વચ્ચે જ અટકી પડી હતી.

અંતે સ્થિતિ એવી સર્જાઈ કે, જે વાહન અન્યોનો જીવ બચાવવા માટે રસ્તાઓ પર સાયરનના ગડગડાટ સાથે સડસડાટ દોડે છે, તેને પોતાની 'સારવાર' (રિપેરિંગ) કરાવવા માટે બીજા વાહનનો સહારો લેવો પડ્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સ જાતે ચાલી શકે તેમ ન હોવાથી આખરે તેને એક મોટી ટ્રક ઉપર લાદીને ગેરેજ ભેગી કરવી પડી હતી. એસ.જી. હાઈવે જેવા પ્રતિષ્ઠિત રોડ પરથી જ્યારે ટ્રક ઉપર સવાર થઈને આ એમ્બ્યુલન્સ પસાર થઈ રહી હતી, ત્યારે ત્યાંથી નીકળતા હજારો વાહનચાલકો આ અદ્ભુત દૃશ્ય જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા.

### આજે સિંધુભવનની 'મારુતિનંદન'માં ગ્રાહકને મળ્યો કડવો અનુભવ!

## ખાણીપીણીની મોટી બ્રાન્ડ્સ 'ભગવાન ભરોસે'? એક જ અઠવાડિયામાં 4 નામાંકિત રેસ્ટોરાંમાં ગંદકી પીરસાઈ



અમદાવાદ

અમદાવાદીઓ જેમના સ્વાદના શોખીન છે અને જે મોટી બ્રાન્ડ્સ પર આંખ બંધ કરીને ભરોસો કરે છે, તે બ્રાન્ડ્સ હવે લોકોના આરોગ્ય સાથે ગંભીર રમત રમી રહી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. અમદાવાદ શહેરમાં ખાણીપીણીની ગુણવત્તા જાણે સાવ તળિયે બેસી ગઈ હોય તેમ એક જ અઠવાડિયામાં ચાર મોટી અને નામાંકિત બ્રાન્ડ્સના ભોજનમાંથી ગંદકી અને જીવાત નીકળવાના કિસ્સા સામે આવ્યા છે. આ કડીમાં આજે શહેરના સૌથી પોશ ગણાતા સિંધુભવન રોડ પર આવેલી પ્રખ્યાત 'મારુતિનંદન' રેસ્ટોરાંમાં એક ગ્રાહકને અત્યંત કડવો અને આંચકાજનક અનુભવ થયો છે.

મળતી માહિતી મુજબ, વીકએન્ડ માણવા અને સારું ખાવાની આશાએ ગયેલા ગ્રાહકે જ્યારે સિંધુભવનની 'મારુતિનંદન' રેસ્ટોરાંમાં જમવાનો ઓર્ડર આપ્યો, ત્યારે પીરસાયેલા ભોજનમાં ગંદકી જોવા મળી હતી. ગ્રાહકે આ આખા મામલાનો વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો છે અને તંત્ર સમક્ષ આકરી કાર્યવાહીની માંગ કરી છે. હજારો રૂપિયા વસૂલતી આટલી મોટી બ્રાન્ડના રસોડામાં આવી બેદરકારી જોઈને હરકોઈ સ્તબ્ધ છે. આ માત્ર એક કિસ્સો નથી, છેલ્લા ૭ દિવસમાં અમદાવાદની ચાર અલગ-અલગ મોટી બ્રાન્ડ્સના ફૂડમાંથી ક્યાંક વંદો, ક્યાંક ઈયળ તો ક્યાંક અન્ય ગંદકી નીકળવાના બનાવો પ્રકાશમાં આવ્યા છે. બ્રાન્ડના નામે ચમકતા બોર્ડ લગાવીને બેઠેલા આ વેપારીઓ ગ્રાહકો પાસેથી તગડી રકમ વસૂલે છે, પણ હાઈજીનના નામે મીંડું સાબિત થઈ રહ્યા છે. સૌથી મોટો સવાલ એ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના ફૂડ વિભાગ સામે ઉઠી રહ્યો છે. શા માટે ફૂડ વિભાગ માત્ર હોબાળો થાય ત્યારે જ જાગે છે? આવી મોટી હોટલોમાં નિયમિત ચેકિંગ કેમ કરવામાં આવતું નથી? માત્ર સામાન્ય દંડ કરીને કે સીલ મારીને થોડા દિવસોમાં ખોલી દેવાની ઢીલી નીતિને કારણે જ આ બ્રાન્ડ્સ બેફામ બની છે. અમદાવાદીઓ હવે પૂછી રહ્યા છે કે લાખો રૂપિયાનું ટેક્સ બિલ ચૂકવ્યા પછી પણ અમારે હોટલોમાં ગંદકી જ ખાવાની? તંત્ર આ હોટલ માલિકો સામે ક્યારે કડક ફોજદારી પગલાં ભરશે, તેની જનતા રાહ જોઈ રહી છે.

### મોડી રાત સુધી 62 વધારાની ટ્રેનો દોડાવાઈ

## અમદાવાદ મેટ્રોના મુસાફરોની સંખ્યામાં નોંધાયો રેકોર્ડબ્રેક વધારો

અમદાવાદ

નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી IPL-2026ની ફાઈનલ મેચને લઈને અમદાવાદ અને ગાંધીનગરમાં મેટ્રો ટ્રેન સેવાઓ પર મુસાફરોનો અભૂતપૂર્વ ઘોડાપૂર જોવા મળ્યું હતું. ક્રિકેટપ્રેમીઓને ધ્યાનમાં રાખીને ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) દ્વારા મોડી રાત સુધી મેટ્રો સેવાઓ કાર્યરત રાખી હતી. પેસેન્જરોની ભારે ભીડ અને જરૂરિયાતને પૂરી કરવા માટે મેટ્રો ટ્રેનો છેક મોડી રાત્રે 2:19 વાગ્યા સુધી શરૂ રાખવામાં આવી હતી.

જેમાં સામાન્ય દિવસ કરતા 77 હજારથી વધુ મુસાફરોએ મુસાફરી કરી હતી. આમ, અમદાવાદ-ગાંધીનગર મેટ્રોના મુસાફરોની સંખ્યામાં રેકોર્ડબ્રેક વધારો નોંધાયો હતો. જેને પગલે મોડી રાત સુધી 62 વધારાની ટ્રેનો દોડાવાઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, સામાન્ય રવિવાર એટલે કે તારીખ 24/05/2026ના રોજ મેટ્રોમાં કુલ 1,17,939 મુસાફરોએ યાત્રા કરી હતી. જેની સરખામણીએ ગત 31/05/2026ના રોજ IPL ફાઈનલના દિવસે આ સંખ્યામાં 77,929નો જંગી વધારો થતાં કુલ 1,95,868 યાત્રાઓએ મુસાફરી કરી હતી. આમ, સામાન્ય દિવસો કરતા પેસેન્જર જર્નીમાં સીધો 66 ટકાનો મોટો ઉછાળો જોવા મળ્યો છે.

GMRC તંત્ર દ્વારા ભીડને નિયંત્રિત કરવા અને મેચના પેસેન્જરોને હાલાકી ન પડે તે માટે તેમના રોજિંદા સમયપત્રક ઉપરાંત કુલ 62 વધારાની મેટ્રો ટ્રેન દોડાવવાનો નિર્ણય લીધો હતો. મેચને પગલે શરૂઆતમાં ટ્રેન મધ્યરાત્રિના 12:30 વાગ્યા સુધી દોડવાનો નિર્ણય કરાયો હતો. પરંતુ સ્ટેડિયમ બહાર ક્રિકેટ રસિકોની ભારે ભીડને જોતાં મેટ્રો સેવા રાત્રે 2:19 સુધી ચાલુ રાખવામાં આવી હતી.

છેલ્લી ટ્રેન મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશનથી એપીએમસી (APMC) તરફ રાત્રિના 2:19 કલાકે ઉપડી હતી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI